સાધનાનું હૃદય



મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

સાધનાનું હૃદય

લેખક

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

પ્રકાશક

આત્મજાગૃતિ ટ્રસ્ટ

મામાની પોળ, રાવપુરા, વડોદરા.

©
આ પુસ્તકનું પુનર્મુદ્રણ કે અનુવાદ કરવાની
સંમતિ લેખક પાસેથી મળી શકશે.

પ્રથમ પ્રકાશન : ઓગસ્ટ ૧૯૭૫
પરિમાર્જિત દ્વિતીય સંસ્કરણ : સપ્ટે. ૧૯૮૩/પ્રત૨૦૦૦/**મૂલ્ય રૂપિયા ૭**

પ્રકાશક : નવનીતલાલ ડાહ્યાભાઈ શાહ, મેનેજિંગ ટ્રસ્ટી, આત્મજાગૃતિ ટ્રસ્ટ,
મામાની પોળ, રાવપુરા, વડોદરા–૩૯૦ ૦૦૧.

મુદ્રક : રમેશચંદ્ર પી. ગુંજાળ, બિન્દુ પ્રિન્ટિંગ પ્રેસ, સી/૨-એ.
પટેલ એસ્ટેટ, પ્રતાપનગર, વડોદરા–૩૯૦ ૦૦૪.

પ્રાક્કથન

પશ્ચિમમાં આજે ભૌતિક ઐશ્વર્ય અને સુખ-સગવડની વિપુલ સામગ્રી વચ્ચે પણ માનવીને ચેન નથી, તેનું ચિત્ત અશાંત છે. અપાર સમૃદ્ધિ વચ્ચે પણ જીવન તેને નિરર્થક, નિરસ અને અસુરક્ષિત લાગે છે. નિત નવા મનોરંજનના સાધનો અને માદક દ્રવ્યો પણ એની એ અશાંતિ અને અજંપો દૂર કરવામાં વિફળ ગયાં ત્યારે આજે એની મીટ યોગ તરફ મંડાયેલી છે. યોગ સાધનામાં એને આશાનાં કિરણો દેખાયાં છે.

યુનિવર્સિટી કક્ષાએ થઈ રહેલાં સંશોધનોએ શારીરિક સ્વાસ્થ્ય માટે યોગાસનોની અને ચિત્તશાંતિ અર્થે ધ્યાનની ઉપયોગિતા સ્વીકારી છે. જેના પરિણામે અમેરિકાની ઘણી સ્કુલો અને કોલેજોમાં યોગાસનોના અને ધ્યાનના શિક્ષણને અભ્યાસક્રમમાં સ્થાન અપાયું છે. ત્યાંના આરોગ્ય, શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા હેઠળની 'નેશનલ ઈન્સ્ટીટયુટ ઑફ મેન્ટલ હેલ્થ' તરફથી ધ્યાન શીખવતી હાઈસ્કુલોને ગ્રાંટ (આર્થિક મદદ) મળે છે.

પશ્ચિમને મુખ્યત્વે શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ માટે યોગ તરફ આકર્ષણ થયું છે. ભારત માટે ધ્યાન અને યોગ એ નવી વાત નથી. ભારતમાં તો સદીઓ પૂર્વે, શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ અર્થે જ માત્ર નહિ પણ આધ્યાત્મિક વિકાસ માટે પણ ધ્યાનની ઉપયોગિતા સ્વીકારાઇ છે. જૈન સાધનામાં પણ ધ્યાનને ગૌરવભર્યું સ્થાન અપાયેલું છે. જૈન આગમો અને અન્ય જૈન શાસ્ત્રગ્રંથો જોનારને એક વાત ઊડીને આંખે વળગે છે તે એ કે પૂર્વે જૈન સાધકોમાં ધ્યાનનો વ્યાપક પ્રચાર હતો. માત્ર મુનીઓ જ નહી પણ શ્રાવકો અર્થાત્ ગૃહસ્થ

સાધકો પણ અવસરે અવસરે આખીને આખી રાત ધ્યાનમાં ગાળતા. પરંતુ કાળક્રમે એ પરંપરા આજે લુપ્ત થઇ છે.

ભૌતિકવાદી પશ્ચિમની સરકારો પોતાના નાગરિકોના શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ અર્થે ધ્યાનના શિક્ષણ અને પ્રસારણને વેગ આપવાની પ્રવૃત્તિમાં સક્રિય રસ લઈ, તેનો આર્થિક ભાર પોતે ઉપાડી ધ્યાનાભ્યાસને પ્રોત્સાહન આપતી હોય તો આધ્યાત્મિક ઉત્કર્ષની સાધનાને વરેલો જૈન સંઘ ધ્યાનાભ્યાસની પોતાની ઉજ્જવળ પરંપરાને પુનર્જીવિત કરવા કંઈ જ ન કરે ?

ભવ્ય ભૂતકાળને વાગોળતા રહી, વર્તમાન વાસ્તવિકતા પ્રત્યે આપણે આંખ આડા કાન કરીશું તો એ આત્મવંચના આપણને ક્યાં લઈ જશે ? આત્મવંચનાના એ મોહક માર્ગે ચાલતા રહી, શ્રમણસંઘમાં અને શ્રાવકસંઘમાં આધ્યાત્મિક ઓજસનું-અભય, અદ્વેષ; અખેદનું-સમતા, સ્વસ્થતા અને સામર્થ્યનું અવતરણ થઈ શકશે ખરું ?

ધ્યાનનું, અને નિશ્ચયદૃષ્ટિનું આપણી સાધનામાં શું સ્થાન છે તેનો નિર્દેશ કરી, વર્તમાન જૈનસંઘમાં એ બેના પુનરુદ્ધારની-revival-ની આવશ્યકતા અંગે મને જે સૂઝયું તે મેં અહીં સંઘ સમક્ષ મૂકયુ છે. ઉમેદ છે કે સંઘના યોગક્ષેમનો ભાર જેમના શિરે છે તે પ્રબુદ્ધ ધર્મનાયકો—આચાર્યો અને સંઘના વિમર્શશીલ અગ્રેસરો એના ઉપર ગંભીર વિચાર કરી ક્રિયાશીલ બનશે.

— અમરેન્દ્રવિજય

૨૫ જુલાઈ, ૧૯૭૫
જૈન ઉપાશ્રય, માંડવી (કચ્છ).

નૂતન સંસ્કરણના પ્રાકટ્યના અવસરે

પ્રાસંગિક

આ સંસ્કરણમાં પુસ્તિકાની વસ્તુને નવા ચોકઠામાં મૂકી છે અને નિરૂપણને વધુ વિશદ કરવા તેમાં અહીંતહીં વિસ્તાર પણ કર્યો છે. આમાનાં કેટલાંક પ્રકરણો 'આત્મજ્ઞાન અને સાધનાપથ' માંથી તેમજ 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' ઉપરથી સંકલિત થયેલાં છે, એટલે સ્વાભાવિક છે કે મારાં એ બે પુસ્તકો જેમણે વાચ્યાં હશે તેમને આમાંની ઘણી વાતો પરિચિત લાગશે. તે છતાં, એ વાતો અહીં નવા સંદર્ભમાં અને કંઈક વિસ્તારપૂર્વક રજુ થઈ હોઇ ને, મોટા પુસ્તકોના વાચન વખતે લક્ષ બહાર રહી ગયેલ કેટલાક મુદ્દાઓ અહીં વધુ ઉપસી આવી, મારા જુના વાચકોને પણ તેમની સમજને વધુ સ્પષ્ટ અને ઊંડી કરવામાં આ સંસ્કરણ સહાયક બનશે અને, જેમણે ઉપર્યુક્ત પુસ્તકો નથી વાંચ્યાં તેમને આ પુસ્તિકા એ પુસ્તકોના કેન્દ્રભૂત વિચારનો આછો પરિચય આપી તેમના ચિંતનની નવી ક્ષિતિજો ઉઘાડશે ને ઉપર્યુક્ત પુસ્તકોને સમગ્રપણે આસ્વાદવાની ઉત્કંઠા પણ જગાડશે; એ વિશ્વાસ સાથે આશા રાખું છું કે કેટલીક પુનરુક્તિ છતાં આ પુસ્તિકા સૌને સાર્થક જણાશે. ઉપદેશ, સ્તુતિ, પ્રાર્થના ઇત્યાદિમાં પુનરુક્તિ દોષરૂપ નથી લેખાઈ. શ્રોતા કે વાચકને નિરુપણના મુદ્દા વધુ સારી રીતે સમજાય/પકડાય તે માટે શિક્ષણ અને ઉપદેશમાં તો પુનરુક્તિ આવકાર્ય અને આવશ્યક પણ લેખાય છે.

આ પુસ્તિકા સાત-આઠ વર્ષ પૂર્વે પહેલીવાર પ્રગટ થઈ ત્યારે આપણાં આરાધક ગણાતાં વર્તુળોમાં, વિશેષે કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના એવાં વર્તુળોમાં, ધ્યાન પ્રત્યે ઉપેક્ષાનું—માત્ર ઉપેક્ષા જ નહિ પણ

યુગનું જે એક વાતાવરણ હતું તે આજે ઓછું થયું છે. દુનિયાભરમાં ધ્યાનનું એક પ્રબળ મોજું ફરી વળ્યું છે, તેની થાપટો એ સમાજને પણ લાગી છે. ને એ વર્તુળોમાં પણ હવે ધ્યાનની વાતો થવા માંડી છે. પણ તેનું માનસ દષ્ટિરાગ અને સાંપ્રદાયિકતાથી એટલું બધું ઘેરાયેલું છે કે ધ્યાન ઉપર પણ 'જૈન' લેબલ લાગેલું છે કે નહિ એ જ તે જુએ છે, પ્રક્રિયા સાચી છે કે નહિ એ જોવાની એને પડી નથી. ફલતઃ 'જૈન' લેબલવાળા 'ધ્યાન'ની હાટડીઓ આપણે ત્યાં આજે શરૂ થઈ છે. વિખરાયેલા ચિત્તને સમેટી લઈ તેને કેન્દ્રિત કરીને નિઃસ્પંદ બનાવવાના પ્રયાસના બદલે જેમાં કેવળ કલ્પનાનું ઉડ્ડયન જ કરવાનું હોય છે એવી 'ધ્યાન-પ્રક્રિયાઓ' ના નિદર્શનોની જાહેરાતો ધૂમભેર થવા માંડી છે અને દૃષ્ટિરાગી જનતા-ત્યાગીઓ સુધ્ધાં—એ નિદર્શનોમાં ટોળાબંધ દોડે છે. એ જોઇને કરુણા ઉપજે છે. ધ્યાન અંગે આપણા આરાધક વર્તુળોમાં અને વિદ્વાન ગણાતા ત્યાગી વર્ગમાં પણ કેટલું અજ્ઞાન પ્રવર્તે છે તેની પ્રતીતિ આવાં નિદર્શનોમાં ઉમટતા ચહેરા આપી જાય છે.

જેમાં ચિત્તની દોટને નાથવાને બદલે તેને કલ્પનાઓમાં જ વિહરતું રાખવાનું હોય એને 'ધ્યાન' શી રીતે કહેવાય ? એવો પ્રશ્ન પણ દૃષ્ટિરાગના પડળના કારણે જેના મનમાં ન ઊઠતો હોય એવી વ્યક્તિ મુક્ત શી રીતે બની શકે ?

શ્રેયાર્થી મુમુક્ષુઓ સાંપ્રદાયિકતાથી દોરવાઇ જઇ, અજ્ઞાનવશ, આવી ભ્રામક ધ્યાન પ્રક્રિયાઓમાં ન અટવાય. નહિતર, મહાવિદેહમાં સીમંધર સ્વામીને ભેટવાની કલ્પનામાં રાચતા રહી, 'વિદેહ' અવસ્થા સુધી એ કયારેય નહિ પહોંચી શકે–કે જયાં પરમાત્મા નિત્ય બિરાજી રહ્યા છે. આપણા એક પૂર્વાચાર્યે —હું ભૂલતો ન હોઉં તો આચાર્ય શ્રી જ્ઞાન વિમળ સૂરજીએ (અહીં સંદર્ભગ્રંથો સાથે ન હેવાથી સ્મૃતિના

આધારે જ લખવું રહ્યું)—એક સ્તવનમાં ગાયું છે કે મહાવિદેહમાં નિત્ય વસતા સીમંધર સ્વામીની વાતો ભલે થતી, પણ એ હકીકત છે કે

વિજયા મુજ શુદ્ધ ચેતના,
ભક્તિ નયરી નિરુપાધિ;
તિહાં વસે મુજ સાહિબો
જિહાં સુખ છે સહજ સમાધિ.

'નિરુપાધિ ભક્તિ' અર્થાત્ અભેદ ઉપાસના એટલે શું ? — એની સ્પષ્ટતા ઉપાધ્યાય શ્રી માનવિજયજીએ શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સ્તવનમાં આ પ્રમાણે કરી છે;

"રૂપ નિહાળી પરિચય કીનો, રૂપમાંહિ નહિ આયો;
તું તો અકળ સ્વરૂપ જગતમાં.

જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે;
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે.

ચિદાનંદ કેરી પૂજા, નિર્વિકલ્પ ઉપયોગ;
આતમ પરમાતમને અભેદે, નહિ કોઈ જડનો જોગ.
તું તો૦

રૂપાતીત ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ જિનરાય;
માનવિજય વાચક ઈમ બોલે, પ્રભુ સરીખાઈ થાય.
તું તો૦

અંતે એજ મંગળ કામના કે

वस्तुयाथात्म्यविज्ञान-श्रद्धान-ध्यानसंपदम् ।
-भवन्तु भव्यसत्त्वानां, स्व-स्वरूपोपलब्धये ॥

અર્થાત સૌ (જાતનું અને જગતનુ, બંધનનું અને મુક્તિનું) યથાર્થ જ્ઞાન શ્રદ્ધાન અને ધ્યાનની સંપત્તિ પામી સ્વરૂપની ઉપલબ્ધિ કરે—સ્વરૂપમાં ઠરીઠામ થાય.

—અમરેન્દ્રવિજય

ધમ્મગિરિ,
ઈગતપુરી, જિ૦ નાસિક.
૨૮ માર્ચ, ૧૯૮૩.

વિષય-નિર્દેશ

પ્રાક્કથન ૩

પ્રાસંગિક ૫

શુદ્ધિપત્રક ૧૨

૧ તેજીને ટકોરો ૩-૧૪

મુમુક્ષુની જીવનદૃષ્ટિ ૫

'અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું' ૭

'અનુભવ' અર્થાત્ સમ્યગ્દર્શન: આપત્તિ ધર્મારાધનાનું લક્ષ્ય. ૧૦

૨ ધર્મારાધનામાં પ્રાધાન્ય કોને આપીશું —નિશ્ચયને કે વ્યવહારને ? ૧૫-૨૨

દિશાશૂન્ય ગતિ ૧૬

નિશ્ચયની કોરી વાતો ૧૮

બંન્નેનું સમાન મહત્ત્વ ૨૦

૩ 'વ્યવહાર' અર્થાત્ 'ક્રિયા'નું હાર્દ ૨૩-૩૧

'વ્યવહાર'ની વ્યાપક વ્યાખ્યા ૨૪

મુક્તિનો ઇજારો—ન કોઇ મતપંથનો, ન કોઈ કર્મકાંડનો ૨૫

ધર્મના આંતર બાહ્ય અંશનો વિવેક ૨૮
સમસ્ત 'ક્રિયા'નું લક્ષ્ય શું ? ૨૯
'ક્રિયા'નું વ્યાપક ફલક ૩૦

૪ સાધનામાર્ગનું પ્રથમ સોપાન ૩૨–૪૨

મૂલ્યપરિવર્તન આવશ્યક ૩૫
નિશ્ચય-વ્યવહારની એક ગૂંચ ૩૬
એ ગૂંચનો વ્યવહારુ ઉકેલ ૪૦
દમન અને શમન વચ્ચેની ભેદરેખા ઓળખીએ ૪૨

૫ અંતરમાં સ્વરૂપનું અનુસંધાન, બાહ્યજીવનમાં સંયમ ૪૩–૫૪

યોગ-અધ્યાત્મની નેમ ૪૪
વિવેકપૂત તપ-ત્યાગ ૪૫
બળ નહિ, કળ ૪૮
બાહ્યજીવન અને આંતર પ્રવાહનો સુમેળ ૪૯

૬ સમત્વ : સાધનાનો રાજપથ ૫૫–૬૪

સમત્વ સાધનાની ત્રણ આધાર શિલાઓ ૫૬
—નિયંત્રિત ભોગ-ઉપભોગ ૫૭
—આત્મીયતા ૫૮
— સ્વરૂપસ્મૃતિ યાને નિશ્ચયદષ્ટિ ૫૯

૭ તપનો સર્વશ્રેષ્ઠ પ્રકાર–ધ્યાન/કાયોત્સર્ગ ૬૫-૭૫

ભેદથી ભય, અભેદથી અભય ૬૭

ધ્યાન : સ્વભાવમાં ઠરવાનો સઘન પ્રયાસ ૬૯

ધ્યાન વિના કાયોત્સર્ગ સંભવે? ૭૧

આત્મસાધનામાં ધ્યાનનું મહત્ત્વ ૭૨

૮ આરાધનાના પ્રાણ : નિશ્ચયદૃષ્ટિ ૭૬–૯૨

ચિત્તનું શોધન અને નિશ્ચયદૃષ્ટિ ૭૭

પરમાર્થિક અહિંસા શું છે? ૮૦

એકાંગી ધર્મારાધનાનાં કેટલાંક ભયસ્થાનો ૮૩

દાઝી જવાની બીકે શું કદી રસોઈ જ ન કરવી? ૮૬

સામાયિક : શુદ્ધ સ્વરૂપ સાથેના અનુસંધાનનો પ્રયોગ ૮૭

૯ અંતર્મુખતા અને સ્વરૂપાનુસંધાન ૯૩-૧૦૩

મુમુક્ષુનું અમોઘ શસ્ત્ર : આત્મજાગૃતિ ૯૩

શુદ્ધ જ્ઞાયકભાવ ૯૭

ધર્મપ્રવૃત્તિની વિપુલતા કે ચિત્તશુદ્ધિ? ૯૯

૧૦ યુગની માંગ / આપણું કર્તવ્ય ૧૦૪

મુનિજીવનનું કર્તવ્ય—સાધના કે પ્રભાવના? ૧૦૫

સાધનાની ધરી : સમત્વ અને અંતર્મુખતા ૧૦૭

આજની માંગ અને આપણું કર્તવ્ય ૧૧૩

૧૧ ધ્યાનસાધનાનું હાર્દ ૧૧૪ ૧૨૬
ધ્યાનાભ્યાસ શા માટે? ૧૧૪
'ધ્યાન' પાછળની ભ્રામક દોટ ૧૧૬
સાચી ધ્યાનસાધના ૧૧૯
એક જીવંત પ્રક્રિયા ૧૨૦
આપણી પસંદગી – વીતરાગતા કે દૃષ્ટિરાગ? ૧૨૩
મુનિશ્રીની અન્ય કૃતિઓ (પરિચય) I
મુનિશ્રીનાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો VII

નોંધ

આ પુસ્તક પ્રેસમાં ગયું તે વખતના સંયોગોમાં તેનાં પ્રૂફ મને મળે એ શક્ય નહોતું. આથી, શ્રી નવનિતભાઈએ એ કામ સંભાળી લઈ, ખૂબજ ચીવટપૂર્વક તે પાર પાડ્યું છે; છતાં પુસ્તકમાં મુદ્રણની કોઈ અનિયમિતતા કે મુદ્રણ-દોષની ભૂલો રહી ગઈ હોય તો, હંસદૃષ્ટિ રાખી સુજ્ઞ વાંચકો તે સ્વયં સુધારીને વાંચે એ વિનંતિ.

—લેખક

સાધનાનું હૃદય

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.

ત્યાગ-વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ-વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

—શ્રીમદ્ રાજચંદ્ર

નયવાદી નયવાદ ગ્રહીને, જૂઠા ઝઘડા ઠાણે;
નિરપખ લખ ચખ સ્વાદ સુધાકો,
તે તો તનક ન તાણે હો,

—યોગીશ્વર ચિદાનંદજી

સદ્‌બોધ સદ્‌ગુરુતણો જીવ જે ઉપાસે,
તેને નિજાત્મ થકી પુદ્‌ગલ ભિન્ન ભાસે;
સ્વાનુભવે સહજ આત્મસ્વરૂપ રાજે,
તે સૌખ્યધામ પરમાત્મપદે વિરાજે.

—ઇષ્ટોપદેશ

૧

તેજને ટકોરો

જન્મ્યો જિનશાસન વિશે, મુનિ થયો લખ વાર;
મુનિદશા સમજ્યા વિના, હું ભટકયો સંસાર.

મુનિ થયો, વાચક થયો, સૂરિ થયો બહુવાર;
ન થયો મૂરખ આતમા, અંતર્મુખ અણગાર.

—અજ્ઞાત

ભવચક્રમાં અનંતકાળની રખડપટ્ટી દરમ્યાન આપણે લાખો કરોડો વાર 'મુનિ' થઈ ચૂકયા છીએ છતાં આપણું ભવભ્રમણ પૂર્વવત્ ચાલુ જ રહ્યું છે! બેચેન બનાવી દે એવું આ વિધાન છે ને? રખે માનતા કે આ કોઈ ધર્મદ્વેષી અબૂઝ માનવીનું અડપલું છે; આચાર્ય હરિભદ્રસૂરિજી જેવા પ્રબુદ્ધ ધર્મનેતાએ આ વાત ઉચ્ચારી છે.[૧]

બીજી બાજુ, મોક્ષપ્રાપ્તિને અત્યંત સુલભ દર્શાવતી કેટલીક અન્ય વાતો પણ આપણે ત્યાં પ્રચલિત છે અને શ્રદ્ધાળુ વર્ગને તે આકર્ષતી રહી છે—જેમ કે, છઠ્ઠ કરીને શ્રી સિદ્ધગિરિની સાત વાર યાત્રા કરનાર ત્રીજે ભવે સિદ્ધ થાય; વિધિયુક્ત એક લાખ નમસ્કાર મહામંત્રનો જાપ કરનાર તીર્થંકર નામ-કર્મ બાંધે. શ્રી જિનેશ્વરદેવનું મંદિર બંધાવનારને કે માત્ર એક જિનમૂર્તિ ભરાવનારને પણ તીર્થંકરપદની પ્રાપ્તિનો કોલ ઉપદેશકો આપતા રહે છે. કોઈકને આ વચનો હમણાં હમણાં દૈનિક પત્રોમાં જોવા મળતી ગુજરાત સરકાર દ્વારા પ્રસારિત એક જાહેરાત : 'બે રૂપિયાની 'ગુર્જર લક્ષ્મી'ની એક ટિકિટ ખરીદો ને લખપતિ બનો' જેવાં ભલે લાગે, પણ આમજનતા તો આવાં પ્રલોભક વચનોથી હંમેશાં દોરાતી રહી છે.

ધર્મ જ્યાંસુધી વિચાર-શૂન્ય રીતે ગતાનુગતિકતાથી થતો હોય, અથવા ભય કે પ્રલોભન વડે એ પ્રેરિત હોય ત્યાંસુધી જીવાતા જીવનમાં કશું પરિવર્તન લાવ્યા વિના, 'લે દેવ ચોખા ને મૂક મારો કેડો'ના ધોરણે, કોઇક અનુષ્ઠાન કે વ્રત-નિયમ કરી દઇને એ વ્યક્તિઓ ધર્મ કર્યાનો સંતોષ મેળવવા મથે છે; ધર્મ પોતાના આંતર-બાહ્ય **સમગ્ર** જીવનનું પરિમાર્જન માગે છે એ વિચાર એમને સ્પર્શતો નથી. ઘરબાર છોડીને એ મહાવ્રતો લઇને નીકળી પડે તોયે એમના જીવનના **આંતરપ્રવાહમાં** કશો ફરક પડતો નથી. ફલતઃ એવા 'ઓઘા' થી ભવભ્રમણના આંટા ઓછા થતા નથી.

આવી ભ્રામક/મોહક ધાર્મિકતામાં અટવાતા જનસમૂહને જોઈને કરુણાર્દ્ર સંતો એ ભ્રાન્તિમાંથી લોકો બહાર આવે તે માટે સમયે સમયે બુલંદ સ્વરે ચેતવણી આપતા રહેતા હોય છે. થોડાં વ્રત-નિયમ કે ક્રિયાકાંડ કરતા રહીને પોતાને મોક્ષ-પથના યાત્રિક માની બેઠેલા 'જૈનો'ને તેમની સાચી સ્થિતિનો ખ્યાલ આપવા, ત્રણસો વર્ષ પૂર્વે, તે સમયના એક જાગૃત ધર્મનેતાએ ચીમકી આપતાં ગાયું હતું કે,

ક્રિયામૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈનદશા ઉનમેં હી નાહીં, કહે સો સબ હી જૂઠી.
પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘહેલો;
ઉનકું જૈન કહો ક્યું કહીએ. સો મૂરખ મેં પહેલો.
પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે ? [૨]

મુમુક્ષુની જીવનદૃષ્ટિ

ભગવાન મહાવીર અંતિમ ભવમાં પણ દીક્ષા લઈ, સાડા બાર વર્ષ સુધી અપ્રમત્ત રહીને—જાગૃતિપૂર્વકની આત્મસાધના દ્વારા પોતાના અંતર દોષોને જીતીને 'જિન' થયા; ને એમણે ચીંધેલા માર્ગે ચાલીને આત્મવિકાસ કરવા પ્રયત્નશીલ આત્માઓ 'જૈન' કહેવાયા. પરંતુ આપણને તો જન્મતાંવેંત 'જૈન'નું બિરુદ મળી જાય છે અને થોડાંક વ્રત-નિયમ અને ક્રિયાકાંડ કરતા થઈએ તો પોતાની જાતને ખરેખરા શ્રાવક સમજી લઈએ છીએ. ઉપર્યુક્ત પંક્તિઓમાં ઉપાધ્યાય યશોવિજયજી

મહારાજે એ ફોડ પાડયો છે કે જેના જીવનનું લક્ષ્ય ભોગ-વિલાસ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠા, કીર્તિ હોય એવી બહિર્મુખ વ્યક્તિ સાધુ કે શ્રાવકનાં થોડાં ક્રિયાકાંડ કરીને પોતાની જાતને 'મુનિ', 'શ્રાવક' કે 'જૈન' માનતી–મનાવતી હોય તો સમજવું કે જૈનત્વ શું છે તેની એને ગતાગમ જ નથી – એ મૂર્ખ-શિરોમણિ છે.

જ્યારે ભવસ્થિતિ પાકે, આત્મા જાગે અને અંતરમાં મુમુક્ષા પ્રગટી ઊઠે છે ત્યારે એ આત્માને ઉપરછલ્લા ધર્માચરણથી જંપ વળતો નથી. એનું સમગ્ર અસ્તિત્વ સાચો ધર્મમાર્ગ પામવા ઝંખે છે. સાચા સંતોના જીવન અને ઉપદેશના પ્રકાશમાં પોતાની વૃત્તિ-પ્રવૃત્તિનું નિરીક્ષણ-પરીક્ષણ કરી તેની અશુદ્ધિઓ દૂર કરવા એ સ્વયં કટીબદ્ધ બને છે, એના જીવનની અગ્રિમતાઓ અને મૂલ્યો બદલાઇ જાય છે, હવે પૈસો, પદ, પ્રતિષ્ઠા, ઐશ્વર્ય, ભોગસુખ એના જીવનનાં પ્રેરક અને ચાલક બળ નથી રહી શકતાં. જીવનની સફળતા-નિષ્ફળતા માપવા એ સમાજની સામે મીટ માંડી નથી બેસતો. મુક્તિની દિશામાં ગતિ કરવાની તડપન એને અંતર્મુખ બનાવી દે છે. જીવનનિર્વાહ, અર્થે આવશ્યક હોય કે આત્મવિકાસમાં સહાયક હોય તે સિવાયની પ્રવૃત્તિમાં પોતાનાં સમય-શક્તિ વેડફવાં એને પરવડતાં નથી. એટલે ભૌતિકતામાં રત રહેલા સમાજની નિંદા-સ્તુતિ પ્રત્યે એ ઉદાસીન બની જાય છે.

'અજ્ઞાની નવિ હોવે મહાજન જો પણ ચલવે ટોળું'

સાચી મુમુક્ષા અંતરમાં ભભૂકી ઊઠે છે તો કુટુંબ-પરિવારની વિવિધ જવાબદારીઓ વચ્ચે બેઠેલા ગૃહસ્થનો જીવનપ્રવાહ પણ આમ આપોઆપ બદલાઈ જાય છે. તો, ઘરસંસારની સર્વ જવાબદારીઓથી મુક્ત થઈને સાધુવેશ સ્વીકારનાર અણગારનું જીવન કેવું અંતર્મુખ હોય? એનાં મન-વાણી-ઇન્દ્રિયો બહિર્ગામી હોય ખરાં? આત્મસાધના જ જેનું જીવનવ્રત છે એવા એ મુનિજીવનની સફળતા-વિફળતાના માપદંડ શા હોય?

આજે દીક્ષિત જીવનની સફળતાના આપણા માપદંડ શા છે? આપણા સામયિક પત્રોમાં છપાતા 'યશસ્વી અને અભૂતપૂર્વ પ્રભાવક' ચાતુર્માસના અહેવાલોમાં શાના શંખનાદ સંભળાય છે? સામૈયાની લંબાઈ-પહોળાઈ, પ્રવચન સભાઓના વ્યાપ, સંઘપૂજનો, પ્રભાવનાઓ, મહોત્સવોની ભરમાર અને ઉછામણીઓના મસમોટા આંકડાઓ–આ બધું શું જિનશાસનની પ્રભાવના અર્થે જ થઈ રહ્યું છે કે શાસન-પ્રભાવનાના મહોરાની ઓથે એ બધી આહૂતિ અહં-મમને જ અપાઈ રહી છે? બહિર્ભાવમાં ગળાડૂબ રહી, શું માત્ર થોડાક બાહ્ય તપ-ત્યાગથી આપણે ભવસાગર તરી જઈશું?

અબુધ આમજનતા અહંપ્રેરિત ઉપર્યુક્ત ધામધુમને જિનશાસની પ્રભાવના તરીકે ભલે નવાજે પણ જ્ઞાનીની વેધક

નજર તો એમાં રહેલી પરભાવના પરખી લઇ એવા 'પ્રભાવક'ને જિનશાસનના વૈરી તરીકે જુએ છે :

જિમ જિમ બહુશ્રુત, બહુજન સમ્મત, બહુલ શિષ્યનો શેઠો રે;
તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નવિ અનુભવ નેઠો રે.

—શ્રીપાળ રાસ, ખંડ ૪, ઢાળ ૧૩

અર્થાત્ કોઇ 'મુનિ' કે 'આચાર્ય' વિપુલ શાસ્ત્રજ્ઞાન ધરાવતા હોય, સમકાલીન સમાજમાં ખૂબ માન્ય હોય કે વિશાળ શિષ્યવૃંદના ગુરુપદે કે ગચ્છનાયકના ગૌરવાન્વિત પદે બેઠા હોય એટલાજ માત્રથી એ સુગુરુ છે એવું માની લેવાની ઉતાવળ મુમુક્ષુએ કરવી ન ઘટે. તે અનુભવ-સંપન્ન હોય-આત્મજ્ઞાની હોય તોજ એમના ઉપદેશ અને પથદર્શનને મુમુક્ષુએ એકાંતે હિતકર અને આદેય માનવાં. બાકી તો,

અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;
ધર્મદાસગણિ વચન વિચારી, મન નવિ કીજે ભોળું.

—૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧, ગાથા ૧૨

આધ્યાત્મિકક્ષેત્રે 'જ્ઞાન' એટલે આત્મજ્ઞાન. શ્રુત, ચિંતન અને અનુભવ—એ એની પ્રાપ્તિનો ક્રમ છે. શ્રુત એ પારકું—ઉછીનું જ્ઞાન છે, ચિંતન વડે એ બૌદ્ધિક સ્તરે પોતાનું બને છે. પણ આખરે એ પણ 'જ્ઞાન'નો પડછાયો છે—અનુભવીઓના જ્ઞાનનો આપણી બુદ્ધિમાં પડતો પડછાયો. પડછાયો કેટલું

કાર્ય કરી શકે ?* શ્રુતના અંગુલિનિર્દેશ મુજબ ગતિ કરીને સ્વરૂપનો અનુભવ-સ્વરૂપનું પ્રત્યક્ષ 'દર્શન' લાધે ત્યારે 'જ્ઞાન' લાધ્યું ગણાય, ત્યારે જ એ જ્ઞાન પોતીકું બને.

કોઇ વ્યક્તિએ શાસ્ત્રાધ્યયન ગમે તેટલું કરી લીધું હોય, બધાં જ શાસ્ત્રો તેની જીભને ટેરવે રમતાં હોય-નવ પૂર્વ જેટલું શાસ્ત્રજ્ઞાન તેણે મેળવી લીધું હોય-પણ જો તેણે સ્વાનુભવ ન મેળવ્યો હોય તો તેની ગણતરી જ્ઞાનીપુરુષો અજ્ઞાની તરીકે જ કરે છે:

રસભાજનમેં રહત દ્રવ્ય નિત, નહીં રસ પહિચાન;
તિમ શ્રુતપાઠી પંડિત કું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે,
ઘટમેં પ્રગટ ભયો નહિ, જૌં લૌં અનુભવ જ્ઞાન.
—યોગીશ્વર ચિદાનંદજી મહારાજ

અજ્ઞાની ગુરુ થવા માટે અપાત્ર છે. એવા બહિર્મુખ ધર્મનેતાની દોરવણી સ્વીકારનાર જનસમૂહ મોક્ષમાર્ગથી દૂર ફંગોળાઈ જાય છે અને, એ 'ધર્માચાર્ય'ને પણ અનંતકાળ સુધી ભવમાં ભટકવું પડે છે—

"અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો **અનંત સંસારી રે**".[૩]

---

* જુઓ લેખકકૃત **'આત્મજ્ઞાન અને સાધનાપથ'** ગ્રંથ, પ્રકરણ બીજું, 'સાધનામાર્ગમાં શ્રુતનું મહત્ત્વ અને તેની મર્યાદા' શીર્ષક વિવેચન (ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૨૮-૩૪).

આજે આપણે આવા અજ્ઞાન 'ધર્માચાર્યો'થી દોરવાતા રહીને બાહ્ય તપ-ત્યાગ-તિતિક્ષા અને મુનિજીવનના ક્રિયાકલાપને જ મોક્ષનું સાધન માની જ્ઞાનયોગની સાધના વિસારી બેઠા છીએ. એનું પરિણામ એ આવ્યું છે કે આપણા ધર્મજીવનમાં એટલી બધી વિકૃતિ અને દંભ પેઠાં છે કે થોડા બાહ્યાચારની ઓથે બહારથી ઉજ્જવળ દેખાતી આપણી શ્રમણસંસ્થાની સ્થિતિ ઉપરથી અકબંધ દેખાતા પણ અંદરથી ઉધઈથી ખવાઈ ગયેલ પુસ્તક જેવી થઇ રહી છે; એકલી કીર્તિની કામના જ નહિ, કંચન–કામિનીના ઓળાય પવિત્ર મુનિવેશને આજે અભડાવી રહ્યા છે. સાચી મુમુક્ષાથી દીક્ષા લેનાર મુમુક્ષુ ભીતરની સ્થિતિ જોઇ અકળાઇ-મૂંઝાઇ ઊઠે અને ફૂલે પૂજાતા પાખંડની વચ્ચે એણે અલિપ્ત રહી જીવવું કેમ એ વિમાસણ તે અનુભવે એવી વિષમ પરિસ્થિતિ–'ન કહેવાય, ન સહેવાય'ની સ્થિતિ–આજે કેટલાંયે ત્યાગી વર્તુળોની અંદર પ્રવર્તે છે. ભીતરના ભેદોથી અજાણ શ્રદ્ધાળુ આમજનતા આંચકો અનુભવે એવી આ વાત છે, પણ આજે એ હકીકત બની છે; એની સામે આંખ-આડા-કાન કરી ચૂપ ક્યાંસુધી બેસીશું ?

'અનુભવ' અર્થાત્ સમ્યગ્દર્શન: આપણી ધર્મારાધનાનું લક્ષ્ય

આપણા પૂર્વાચાર્યોએ અસંદિગ્ધ ભાષામાં એ સાવધાની ઉચ્ચારી છે કે માત્ર બાહ્ય તપ-ત્યાગ, ધર્માનુષ્ઠાનથી નિસ્તાર નથી.

કષ્ટ કરો, સંજમ ધરો ગાળો નિજ દેહ;
જ્ઞાન દશા વિણ જીવને, નહિ દુ:ખનો છેહ.

— સવાસો ગાથાનું સ્તવન, ઢાળ ૩, ગાથા ૨૮

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે 'અધ્યાત્મસાર' ગ્રંથમાં ફોડ પાડીને એ વાત કરી દીધી છે કે પૂજા, પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા પ્રત્યેના અનુરાગ તથા જિનવાણીની પ્રીતિ વડે સ્વર્ગ સુખ મળે, પરમપદ નહિ—'न याति परमं पदम् ।' પરમપદની પ્રાપ્તિ અર્થે જ્ઞાનયોગ આવશ્યક છે."[૪] કિંતુ, આજે જ્ઞાનયોગને તો આપણે અભરાઈએ મૂકી દીધો છે. જ્ઞાનની આરાધના માત્ર શ્રુતજ્ઞાનમાં જ સીમિત રહી છે અને તેમાંય નિશ્ચયદષ્ટિને તો આપણે અસ્પૃશ્ય જ માની બેઠા. એટલે એ તથ્ય સમૂળગું ભૂલાઈ ગયું છે કે અનુભવજ્ઞાનની ઉપલબ્ધિ વડે જ માનવજીવન કૃતાર્થ થઈ શકે છે; સ્વાનુભવ ન લાધે ત્યાં સુધી એ આત્માનું ગુણઠાણું પહેલું જ રહે છે—ભલેને એ 'વ્રતધારી શ્રાવક' હોય 'મુનિ' હોય, 'આચાર્ય' હોય કે 'ગચ્છાધિપતિ' હોય.

માટે, થોડા વ્રત-નિયમ અને પૂજાપાઠ આદિ થોડાક બાહ્યાચારથી કે આરંભ-સમારંભના બાહ્ય ત્યાગ અને મુનિ-જીવન પ્રાયોગ્ય ક્રિયાકાંડનું આસેવન કરવા માત્રથી પોતાને પાંચમું કે છઠ્ઠું ગુણઠાણું પ્રાપ્ત થઈ ચૂક્યું છે એ ભ્રાન્તિમાં રહી મુમુક્ષુ નિરાંતની પલાંઠી વાળી ન શકે. સમ્યક્ત્વનું મંડાણ સ્વાનુભૂતિની પીઠિકા ઉપર થાય છે.[૫]

અનુભવ, આત્મજ્ઞાન, આત્મદર્શન, સમ્યગ્દર્શન સ્વાનુ-ભૂતિ—આ બધા પ્રર્યાય (સમાનાર્થ શબ્દો) છે.*

---

* આ મુદ્દાનું વિસ્તૃત અને વિશદ વિવેચન લેખક કૃત 'આત્મજ્ઞાન અને સાધનાપથ' ગ્રંથમાં થયેલું છે; જુઓ 'અનુભવ: જીવન-મુક્તિનો અરુણોદય' શીર્ષક પ્રકરણ ત્રીજું અને 'અનુભવ અને સમ્યગ્ દર્શન', શીર્ષક ચોથું પ્રકરણ.

માટે, આ બધી નિશ્ચયની વાતો છે' એમ કહી, અહં-મમની સોડ તાણીને મોહનિંદમાં પડયા રહેવાનું પસંદ કરતા બહિર્મુખ ધર્મધુરંધરોના આદેશ-ઉપદેશને 'તહત્તવાણી' કરતાં રહીને, તેમના પગપખાળતાં બેસવામાં ધર્મજીવનનું સાર્થક્ય નથી એ તથ્ય સવેળા સમજી લઇને, શાણો મુમુક્ષુ તેમને અલવિદા કહી ઊભો થઈ જાય અને એમની મોહાવેશયુક્ત વૃત્તિ-પ્રવૃત્તિને પોતા તરફથી પ્રત્યક્ષ-પરોક્ષ પોષણ-સમર્થન ન મળી જાય એની તકેદારી રાખી, 'અનુભવ' અર્થાત્ આત્મજ્ઞાનને પોતાની ધર્મસાધનાનું લક્ષ્ય બનાવીને, અંત-ર્મુખતા ભણી પ્રસ્થાન કરે એજ ઇષ્ટ માર્ગ છે. નિજાનંદનો અનુભવ જ ભવોદધિનો પાર પમાડી શકે છે.[૬]

જેમનાં આંતરચક્ષુ ખૂલેલાં નથી એવા બહિર્મુખ ધર્માચાર્યોને નવગજના નમસ્કાર કરીને—એમના પડછાયાથીયે દૂર રહીને—શ્રેયાર્થીએ તત્ત્વજ્ઞ અર્થાત સ્વાનુભૂતિ-સંપન્ન આપ્તજનને ખોળી કાઢી, તેના માર્ગદર્શન મુજબ સાધનામાર્ગ આગળ વધવું ઘટે.

સ્મરણમાં રહે કે પ્રથમ યોગદષ્ટિમાં આવેલ આત્માઓ પાસેથી પણ જ્ઞાનીઓ આ અપેક્ષા રાખે છે કે દ્રવ્ય-આચાર્યથી દૂર રહે અર્થાત ગુરુ તરીકેની ગુણસંપત્તિ વિનાના, સ્વાર્થી, ધન-શિષ્ય-કીર્તિની ભૂખવાળા કહેવાતા ગુરુ કે આચાર્ય, જે પોતે જ અજ્ઞાનમાં અથડાતા હોઇ બહિરાત્મભાવમાં—ભૌતિક આસક્તિમાં—ડુબેલા હોય એવા 'ગુરુ' ઓથી તે દૂર રહે, અને

ભાવ-આચાર્ય અર્થાત્ અંતર્મુખ, ઉપશાંત, સંયત, નિરીહ, કંચન-કામિની કે કીર્તિ આદિની સ્પૃહા વિનાના, કરૂણાશીલ 'શિષ્ય'ના કલ્યાણની જ એક કામનાવાળા—આત્મજ્ઞાની, આત્મતૃપ્ત, આત્મક્રીડ સંતોની ઉપાસના-સેવા કરે. જે વ્યક્તિ આટલો પણ વિવેક ન કરી શકે તે—ચાહે તો તે ગૃહસ્થ હોય કે અણગાર—વ્યક્તિએ એ સમજી લેવું જોઇએ કે તેણે ધર્મના ઉંબરામાંયે હજુ પગ નથી મૂક્યો—તેને પહેલી યોગદષ્ટિની પણ પ્રાપ્તિ નથી થઇ.

'અધ્યાત્મ કલ્પદ્રુમ' નામના ગ્રંથમાં આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી અનુરોધ કરે છે કે દેવ, ગુરુ, અને ધર્મ એ તત્ત્વત્રયીમાં ગુરૂ મધ્યસ્થાને છે, ગુરુ ખોટા પકડાય તો દેવ અને ધર્મ પણ ખોટા પકડાય—એમની આરાધના ખોટી રીતે થાય. આથી, ગુરુ તરીકેની પાત્રતાની ખાતરી કર્યા વિના ગમે તેને ગુરુ તરીકે સ્વીકારી લેનાર વ્યક્તિનો ધર્મસાધનાનો ભારે ઉદ્યમ પણ વ્યર્થ જાય છે. એવા આત્માઓની સ્થિતિ ઉંટવૈદ્યની સારવાર લઈ રહેલ રોગી જેવી છે; એ આત્માઓ વિષમ ભવસાગર કેમ તરી શકે?

ટિપ્પણ

૧ शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणा प्रमार्जनादिकाश्चेष्टाः
अनन्ताः व्यतिक्रान्ता भवे, परिपूर्णा अपि, सर्वेषां भवभाजां प्रायेण, अव्यवहारिकराशिगतानल्पकाल तन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः ।

—ઉપદેશપદ, ગાથા ૨૩૩, ટીકા.

૨ ઉપાધ્યાય યશોવિજયજી રચિત પદ

૩ અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાયેં વિહારી;
અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે.

—૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧, ગાથા ૧૨.

૪ आवश्यकादिरागेण, वात्सल्याद् भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि, न याति परमं पदम् ॥

ज्ञानयोगस्तप: शुद्धमात्मरत्येकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनी भावात स मोक्षसुखसाधक: ॥

—અધ્યાત્મસાર, યોગાધિકાર શ્લોક ૪-૫

૫ (i) सम्यक्त्वंस्वानुभूतिः स्यात्साचेच्छुद्धनयात्मिका ॥

—પંચાધ્યાયી, ઉત્તરાર્ધ, શ્લોક ૪૦૩

(ii) ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટ્વિધ કહીએ રે,
તિહાં પહેલું થાનક 'છે ચેતન લક્ષણ આતમ' લહીએ રે,
ખીરનીર પરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગો રે;
અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દીસે વલગો રે.

—સમકિત સડસઠ બોલની સજઝાય, ગાથા ૬૨.

૬ व्यापारः सर्व शास्त्राणाम् दिक्प्रदर्शनमेव हि ।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधः ॥

—જ્ઞાનસાર, અનુભવાષ્ટક, શ્લોક ૨.

૭ तत्त्वेषु सर्वेषु गुरू:, प्रधानं, हितार्थधर्मा हि तदुक्ति साध्या: ।
श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ ! धर्मप्रयासान् कुरूषे वृथैव ॥

૮ भवी न धर्मैरविधि प्रयुक्तै गर्मीशिवं येषु गुरूर्न शुद्ध: ।
रोगी हि कल्पो न रसायनैस्तैर्येषां प्रयोक्ता भिषगेव मूढ: ॥

૯ फलाद् वृथा स्युः कुगुरूपदेशत: कृता हिं धर्मार्थमपी ह सूद्यमा)
तद् दृष्टिरागं परिमुच्य भद्र हे ! गुरुं विशुद्धं भज चेद्धितार्थ्यसि ॥

—અધ્યાત્મ કલ્પદ્રુમ, અ. ૧૨, શ્લોક ૧,૨,૫.

૨

ધર્મારાધનમાં પ્રાધાન્ય કોને આપીશું —નિશ્ચયને કે વ્યવહારને

ઘાણીનો બળદ આખો દિવસ ગતિ કરે છે, પરંતુ એ પહોંચતો ક્યાંય નથી—ઠેરનો ઠેર રહે છે; એ વર્તુળમાં ફર્યા કરે છે. કોઇ એક નિશ્ચિત દશામાં ગતિ થાય ત્યારે પંથ કપાય છે. ગતિને ચોક્કસ દિશા મળે છે ત્યારે પ્રગતિ થાય છે. મુક્તિમાર્ગે પ્રગતિ કરવી હોય તો નિશ્ચય અને વ્યવહાર બંનેનો આદર કરવો ઘટે; એમાંથી કોઇ પણ એકને જ

પકડવાથી ગતિ થશે, પ્રગતિ નહીં થાય. વ્યવહારની ગતિને નિશ્ચય નિશ્ચિત દિશા આપે છે. એની આંગળી હંમેશાં આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ રહે છે.

મહાસાગરની સફર ખેડતા નાવિકને પોતાની ગતિની દિશા નક્કી કરવામાં હોકાયંત્રની સોય મદદ કરે છે, તેમ ભવસમુદ્રને પાર કરવા વ્યવહારની નાવમાં બેઠેલાને સ્વરૂપની દિશા ચીંધીને નિશ્ચય આડમાર્ગે ફંટાઈ જતાં ઉગારી લે છે. નિશ્ચય સુકાની છે. હલેસાં મારનાર હલેસાં મારીને હોડીને ગતિ આપે, પણ એની દિશા નક્કી કરવાનું કામ સુકાનીનું છે. નિશ્ચયે ચીંધેલ દિશામાં-સ્વરૂપની દિશામાં-વ્યવહારની ગતિ રહે તો મુમુક્ષુ ભવસાગરને હેમખેમ પાર કરી જાય.

નિશ્ચય સાધકને તેની સાચી ઓળખાણ-તેના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપની ઓળખાણ-આપે છે; અને કર્તા-ભોક્તાપણાની ભ્રાંતિ ટાળીને, પોતાના એ જ્ઞાયક (નિર્વિકલ્પ) સ્વરૂપની ઉપલબ્ધિ કરવી-તેમાં સ્થિર થવું-એ છે વ્યહારમાર્ગના અનુસરણનું લક્ષ્ય.[1]

દિશાશૂન્ય ગતિ

સમગ્ર વ્યવહારનું નિશાન નિર્વિકલ્પ ઉપયોગ તરફ ગતિ કરવાનું છે. એ લક્ષ્ય વિના, કેવળ વ્યવહારની પ્રવૃત્તિ ઉપરનો ઝોક અંતે એ પ્રવૃત્તિની બહુલતા ઉપર કે એથી

પ્રાપ્ત થતા કોઈ ભૌતિક લાભ–ઇહલૌકિક કીર્તિ કે પારલૌકિક સમૃદ્ધિ આદિ–ઉપર કેન્દ્રિત થાય છે; અને એ પ્રવૃત્તિની મુક્તિસાધન તરીકેની ગુણવત્તા તરફ-જડ પ્રત્યે વિરક્તિ, જીવજગત પ્રત્યે પ્રેમ-સહાનુભૂતિ અને ક્ષણિક સ્વપર્યાયો પ્રત્યે ઉદાસીનતાની ખીલવટ કરવાના મૂળ લક્ષ્ય તરફ–દૃષ્ટિ રહેતી નથી. પરિણામે એ પ્રવૃત્તિનું બાહ્ય કલેવર ધાર્મિક રહેવા છતાં વાસ્તવમાં એ લૌકિક બની રહે છે. અને અંતસ્તલમાં ભૌતિક હોવા છતાં તે આધ્યાત્મિક હોવાનો આભાસ જન્માવતી હોવાથી મુગ્ધ આત્માઓ એ પ્રવૃત્તિથી ઠગાય છે. એવી પ્રવૃત્તિનું આચરણ કરતા રહીને, પોતે ધર્મસાધના કરી રહ્યા છે એવી ભ્રાંતિમાં રહી, તેઓ સાચા ધર્મની પ્રાપ્તિથી વંચિત રહી જાય છે.

દેહાદિથી પર પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપની ભાવના ચિત્તમાં ન વસી હોય તો ધર્મપ્રવૃત્તિમાં પણ અહંકાર-મમકારની પ્રબળતાને અવકાશ મળી જાય છે અને ઘણી મહેનતે સધાતી વ્યવહારની બહોળી પ્રવૃત્તિને પણ તે વિફળ કરી મૂકે છે. કહ્યું છે કે—

> કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;
> જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ,
>
> અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે;
> મમકારાદિક યોગથી, ઈમ જ્ઞાની બોલે.[૨]

પોતાના કર્મકૃત વ્યક્તિત્વ ઉપર જ રહેતી નજર હઠાવી લઈને સાધક તેને પોતા તરફ–આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ–વાળે તો જ તે આત્માનો આંતર વૈભવ પામી શકે છે. પોતા તરફ વળ્યા વિના એકલી ક્રિયાની

ચીલાચાલુ ઘરેડમાં ઘૂમ્યા કરવાથી જીવનમાં શાંતિ, સંતોષ અને આનંદનું અવતરણ થઈ શકતું નથી અને પ્રવૃત્તિ ધાર્મિક રહેવા છતાં પ્યાસ અને પ્રીતિ તો ભૌતિકતાની જ રહી જાય છે.[3]

નિશ્ચયની કોરી વાતો

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, હોય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર.

આ પંક્તિઓનું રહસ્ય એ છે કે કર્મકૃત વ્યક્તિત્વથી પર પોતાના જ્ઞાયક સ્વરૂપના ભાનપૂર્વક વ્યવહારમાર્ગનું અનુસરણ થાય તો તે મુક્તિ અપાવે. વ્યવહારના સાથ વિના 'હું આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન છું' એવી વાતો માત્ર પોપટપાઠ છે.[4] એ રીતે માત્ર વાતો કરનારની સ્થિતિ હોટલના વેઇટર (પિરસણિયા) જેવી છે. કોઇ અદ્યતન ઢબની હોટલમાં યોજાયેલ પાર્ટીમાં કડક ઇસ્ત્રીબંધ, ઊજળાં દૂધ જેવા વસ્ત્રોમાં સજ્જ ' વેઇટરો ' દૂધપાક પીરસી રહ્યા હોય કે મધુર સોડમવાળી વિવિધ વાનગીઓની રકાબીઓ (dishes) લઈ દોડાદોડ કરતા હોય, તે જોઇ અબૂઝ ભિખારીને એમની સ્થિતિ સ્પૃહણીય–ઇચ્છવા યોગ્ય–લાગે, પણ એમના અંતરમાં ડોકિયું કરી શકનાર, પાર્ટીમાં દૂધપાકનો આસ્વાદ માણતાં સહૃદયી મહેમાનોને તો તેમની (વેઇટરોની) સ્થિતિ દયામણી જ લાગે : બિચારા મણબંધ દૂધપાકની

હેરફેર કરતા હોય, પણ એમને પોતાને તો એ દૂધપાકનો સ્વાદ નસીબમાં જ નહિ ! જ્ઞાનીની નજરે એવી જ કરુણ સ્થિતિ છે શુષ્ક જ્ઞાનીની.[૫]

નિજના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપના ભાન રહિત કે એ ભાન જાગૃત રાખવાના લક્ષનિરપેક્ષ વ્યવહાર, અને જ્ઞાયક-ભાવની માત્ર વાતો કરતા રહી ત્યાં સુધી પહોંચાડનાર વ્યવહારની અવગણના (અવગણના—કારણવશાત્ અપાલનની અહીં વાત નથી) કરતું શુષ્ક જ્ઞાન–એ બેમાંનું કોઇ મુક્તિસાધક બની શકતું નથી.

આપણી સમગ્ર સાધના દેહ અને મન સાથેના તાદાત્મ્યથી પર થવા માટે છે. નિશ્ચય અને વ્યવહાર અર્થાત્ જ્ઞાન અને ક્રિયાનો સંયુક્ત પ્રયોગ થાય તો એ કામ પાર પડે. **જ્ઞાનને જીવનમાં વણી લેવાની પ્રક્રિયા તે જ વ્યવહાર.** વ્યવહારના સાથ વિનાનું શુષ્ક જ્ઞાન પ્રમાદ અને અભિમાનને પગ પહોળા કરવા દઇ મુમુક્ષુને સાધનાશૂન્ય બનાવી દે છે.

જ્ઞાનમાત્ર વાણીમાં નહિ, સમગ્ર જીવનમાં અભિ-વ્યક્ત થવું જોઇએ. નમ્રતા, નિર્દંભતા, અદ્વેષ, અદૈન્ય, આર્જવ, અહિંસા, પ્રેમ, ક્ષમા, કરુણા, નિરીહતા વગેરે સદ્ગુણો જ્ઞાનની સાથે પડછાયાની જેમ આવે જ. આથી ઊલટું જીવનવહેણ એ હૃદયમાં પ્રવર્તતા અજ્ઞાનના સામ્રાજ્યનું પ્રતીક છે. જેના વડે જગતના પ્રાણીસમૂહ પ્રત્યે આત્મતુલ્ય વર્તાવ અને જડ જગત પ્રત્યે

વિરક્ત ભાવનું ધારણ-પોષણ થાય, પરમાત્મા સાથે પોતાનું અનુસંધાન વધે તથા દેહાત્મબુદ્ધિ મોળી પડે એવા જીવન-વ્યવહાર, ક્રિયાકાંડ કે પ્રવૃત્તિનો અનાદર એ શુષ્ક જ્ઞાનનું લક્ષણ છે.

બંનેનું સમાન મહત્ત્વ

અસત્ પ્રવૃત્તિથી નિવૃત્ત થવાના લક્ષ્ય વિનાની માત્ર નિજ શુદ્ધ સ્વરૂપની વાતો મુક્તિ અપાવી શકતી નથી, તેમ પરમાત્મસ્વરૂપ કે નિજ શુદ્ધ આત્મસ્વરૂપના લક્ષ્ય વિનાની એકલી શુભ પ્રવૃત્તિ પણ–પડિલેહણાદિ સંયમયોગો સુદ્ધાં–મુક્તિસાધનામાં વિફળ રહે છે: આ તથ્ય પ્રત્યે મુમુક્ષુને જાગૃત કરવા એક મર્મવેધી કટાક્ષ કરતાં ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે—

કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીથરાં,
કોઈ કહે સહજ જમતાં ઘર દહીંથરાં;
મૂઢ એ દોય, તસ ભેદ જાણે નહીં,
જ્ઞાનયોગે ક્રિયા સાધતાં તે સહી.[૬]

માર્ગ ઉપર ગતિ કરવા માટે જમણા અને ડાબા પગને આપણે સમાન મહત્ત્વ આપીએ છીએ, તેમ મોક્ષમાર્ગે નિશ્ચય અને વ્યવહારને સમાન મહત્ત્વ છે. ડાબો કે જમણો એ બેમાંથી કોઇ પ્રત્યે પક્ષપાત રાખ્યા વિના, આપણે માર્ગ ઉપર એક પગ બરાબર ટેકવીને બીજા પગને ઊંચો કરી આગળ

મૂકીએ છીએ. એક વખત જમણા પગને જમીન ઉપર ટેકવીને ડાબાને ઊંચો કરી આગળ મૂકીએ છીએ તો એ પછીનું પગલું માંડવા ડાબા પગને જમીન પર ટેકવીને જમણાને આગળ લઇ જવો પડે છે; તે જ રીતે મુક્તિપ્રયાણમાં વ્યવહારનો આધાર લઇને નિશ્ચય ગતિ કરી શકે છે, અને વ્યવહારની ગતિને પ્રગતિમાં ફેરવવા નિશ્ચયનો ટેકો લેવો પડે છે. એક પગે કદાચ થોડી વાર ઊભા રહી શકાશે, પણ પ્રગતિ માટે તો બંને કદમ માંડવા પડશે.

આમ છતાં, મુમુક્ષુએ એ ભૂલવું ન ઘટે કે વ્યવહારનું બાહ્ય માળખું સાધકના વિકાસની ભિન્ન ભિન્ન ભૂમિકા મુજબ બદલાતું રહે છે. મુમુક્ષુએ વ્યવહારનો આધાર વિભાવ-દશામાંથી ખસીને સ્વભાવ તરફ જવા માટે લેવાનો છે. એ પ્રયોજન જેનાથી ન સરે તે વ્યવહાર મુમુક્ષુને લાભપ્રદ નથી. મુક્તિ તરફની ગતિમાં અવરોધક બને તેવા વ્યવહારને મુમુક્ષુએ વળગી રહેવાનું નથી.

ટિપ્પણ

૧. જુઓ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત સાડીત્રણસો ગાથાનું સ્તવન, ઢાળ ૮મી, ગાથા ૧,૨,૨૩-૨૫.

૨. (i) ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત સવાસો ગાથાનું સ્તવન, ઢાળ ૩, ગાથા ૨૭, ૩૩,

(ii) વિના દ્રવ્ય અનુયોગ વિચાર, ચરણ કરણનો નહિ કો સાર;
સમ્મતિ ગ્રંથે ભાખીઉ ઈસ્યું, તે તો બુધજન મનમાં વસ્યું.
—દ્રવ્ય ગુણ-પર્યાયનો રાસ, ગાથા ૨.

૩. જેહ અહંકાર-મમકારનું બંધન,
શુદ્ધ નય તે દહે દહન જિમ ઇંધન;
શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી,
શુદ્ધ નય આથી છે સાધુને આપણી.

—ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ.
સાડા ત્રણસો ગાથાનું સ્તવન, ઢાળ ૧૬, ગાથા ૧૦.

૪. અવયવ સવિ સુંદર હોયે દેહે, નાકે દીસે ચાઠો;
ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જિસ્યો મુખપાઠો રે.
—ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ.

૫. રસભાજનમેં રહત દ્રવ્યનિત, નહિ તસ રસ પહિચાન;
તિમ શ્રુતપાઠી પંડિત કું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે,
ઘટમેં પગટ ભયો નહીં, જૌં લૌં અનુભવજ્ઞાન.
—યોગીશ્વર ચિદાનંદજી મહારાજ.

૬. સાડીત્રણસો ગાથાનું સ્તવન, ઢાળ ૧૬, ગાથા ૨૪.

૭. व्यवहारोऽपि गुणकृद्, भावोपष्टंभतो भवेत् ।
सर्वथा भावहिनस्तु, स ज्ञेयो भववृद्धिकृत् ॥

—વૈરાગ્ય કલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૧૮

૩

'વ્યવહાર' અર્થાત્ 'ક્રિયા'નું હાર્દ

બહુવિધ ક્રિયા કલેશસું રે, શિવપદ ન લહે કોઈ;
જ્ઞાનકલા પરગાસ સોરે, સહજ મુક્તિપદ હોય.

—ઉપા. યશોવિજયજી

નિશ્ચયની દિશામાં ગતિ જે 'વ્યવવહાર'ના આધારે કરવાની છે, તે 'વ્યવહાર' એટલે શું ? એ વિષે પણ સાધકના ચિત્તમાં સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે.

નિશ્ચય નવિ પામી શકે જી, પાલે નહિ વ્યવહાર;
પુણ્ય રહિત જે એહવા જી, તેહને કવણ આધાર ?
જ્ઞાનદશા...પરખીયે જી, જિહાં બહુ ક્રિયાવ્યાપ;
... ...
મુગ્ધ પડે ભવકૂપમાં જી, ...વિણ કિરિયા ધાટ..૧

વ્યવહારનું મહત્ત્વ દર્શાવતાં જ્ઞાનીઓનાં આવાં વેણ સાંભળીને વ્યવહારના પક્ષકારને હરખ થવો સ્વભાવિક છે; કિંતુ, સાધનામાં ક્રિયાનું મહત્વ બતાવતાં આ વચનોમાં જે ક્રિયાનું સૂચન છે તે ક્રિયા કઈ?

‘વ્યવહારની’ વ્યાપક વ્યાખ્યા

શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવું એ આપણું ધ્યેય છે. એ લક્ષ્ય સિદ્ધિ અર્થે સુવિચારિત અને સુનિશ્ચિત એવા વિવિધ ઉપાયોને પોતાની વિકાસભૂમિકા મુજબ યથાશક્તિ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન તે વ્યવહાર, આચાર કે ક્રિયા. જરા વિસ્તારથી **અને વ્યાપક અર્થમાં કહીએ તો,**

૧ પરમાત્મા પ્રત્યે પ્રેમભક્તિ,

૨ જીવજગત પ્રત્યે આત્મીયતાભરી સહાનુભૂતિ,

૩ ભૌતિક જગત પ્રત્યે વિરક્તિ અને

૪ દેહ-મનના ક્ષણિક પર્યાયોથી પર પોતાના ધ્રુવ-નિત્ય-અવિનાશી-શાશ્વત સ્વરૂપનુ અનુસંધાન જેનાથી સધાતું હોય કે વધુ દઢ થતુ હોય તેવી

વૃત્તિ-પ્રવૃત્તિ અને જીવનવ્યવહાર

એ મોક્ષમાર્ગનો વ્યવહાર છે, નહિ કે માત્ર અમુક મત-પંથનિર્દિષ્ટ ક્રિયાકલાપ જ. જે અનુષ્ઠાનથી, વિચાર-વર્તનથી અને જીવનવ્યવહારથી ઉપર્યુક્ત ભાવોનુ પોષણ થતું હોય તે બધુ મોક્ષમાર્ગના 'વ્વહાર'નું અંગભૂત બને.

એવુ નથી કે મુક્તિ અમુક મત-પંથે બતાવેલ ક્રિયાકાંડને જ વરેલી છે. ભિન્ન ભિન્ન મત-પંથોના બાહ્ય ક્રિયાકાંડનું માળખુ જુદું હોય છે, પણ જેમાં ઉપર્યુક્ત સમાન આંતર તત્ત્વ જેટલા અંશે હોય અને એનાથી વિરુદ્ધના વિચાર-વર્તનથી જેટલું દૂર રહેવાતુ હોય, તેટલા અંશે તે અનુષ્ઠાનો મુક્તિ-સાધનામાં સહયોગી બની શકે.

મુક્તિનો ઈજારો—ન કોઈ મત-પંથનો, ન કોઈ કર્મકાંડનો

અમુક મત-પંથના ક્રિયાકાંડને અનુસરનારનો જ મોક્ષ થાય એવું માનનાર સમક્ષ એક નવી ગૂંચ ઊભી થશે. કોઈ એક જ ધર્મ-મતના અનુયાયીઓ પણ તે ધર્મ-મતના અનેક પેટાભેદોમાં વહેંચાયેલા હોય છે, અને તે દરેકના ક્રિયાકાંડ અમુક બાબતોમાં એકબીજાથી જુદા પડતા હોય છે, તેથી એક વિવાદ ઊભો થાય છે કે તે એક જ ધર્મ કે એક જ મતના પણ કયા સંપ્રદાયને અનુસરે તો મુક્તિ મળે ?

આ ગૂંચનો ઉકેલ સૂચવતાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્પષ્ટ ભાષામાં અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે "બાહ્ય લિંગ-વેષ-અનુષ્ઠાન જુદાં હોય, એટલું જ નહિ, સમૂળગા મત-પંથ પણ ભલે જુદા હોય, પણ જેમનો આંતરિક ભાવ વિશુદ્ધ હોય–રાગદ્વેષ-મોહ-અવિદ્યા રહિત હોય–તે સૌ મોક્ષના અધિકારી છે. આ વાત કદાગ્રહ મૂકીને શાણા માણસે વિચારવી ઘટે."[2]

આ વિવેકના પ્રકાશમાં મધ્યસ્થ અને તત્ત્વગ્રાહી બુદ્ધિને એ સ્પષ્ટ દેખાઇ આવશે કે "અમુક જ અનુષ્ઠાન અને તે પણ અમુક જ રીતે કે અમુક જ દિવસે થાય તોજ મુકિત મળે, અન્યથા નહિ"– એવો આગ્રહ મુકિતમાર્ગમાં અસ્થાને છે. એ આગ્રહમાં વ્યકિતના ધર્મપ્રેમ કે આત્મવિકાસ કરતાં, તેની મતાંધતા–અજ્ઞાન અને દષ્ટિરાગ જ વધુ છતાં થાય છે. ભાવવિશુદ્ધિનો પ્રકર્ષ થતાં ગૃહસ્થ અવસ્થામાં કે અન્ય લિંગમાં પણ કૈવલ્ય અને મુક્તિની વાત જૈનદર્શન માન્ય રાખે છે. તો, કોઈ નિશ્ચિત અનુષ્ઠાન અમુક નિશ્ચિત દિવસે થાય તો જ મુકિત મળે એ વાત તો ત્યાં ટકે જ શી રીતે ?

આમાંથી એક તથ્ય ઉપસી આવે છે તે એ કે સાંવત્સરિક પ્રતિક્રમણની આપણી આરાધનામાં મહત્ત્વની વસ્તુ છે. પશ્ચાતાપ, ક્ષમા, સમતા અને ઉપશમરૂપે વ્યકત થતી ચિત્તશુદ્ધિ, નહિ કે દિવસ. જેમણે આપણી જેમ કટાસણું પાથરીને 'પડિક્કમણું'

(અર્થાત્ પ્રતિક્રમણનું અનુષ્ઠાન) કદી કર્યું નથી હોતું તે—અન્ય લિંગમાં રહેલ આત્માઓ—પણ મુક્ત થાય છે, તો શું એક દિવસ મોડું વહેલું પ્રતિક્રમણ કરનારનો મોક્ષ અટકી જવાનો ? દર વર્ષે કલ્પસૂત્રના વ્યાખ્યાનોમાં આપણે મુનિ ભગવંતોના શ્રીમુખે સાંભળીએ છીએ કે 'શ્રમણપણાનો સાર ઉપશમ છે; ઉપશમ ન આવ્યો તો મેરુ જેટલા 'ઓઘા' પણ નિષ્ફળ જાય છે.' પણ તિથિના વિવાદમાં આ ઉપશમભાવની તો કરુણ હકાલપટ્ટી જ થઈ રહી છે તે શું આપણાથી છાનું છે? **અર્થાત્ તિથિના આગ્રહને વળગી રહેવામાં આપણે ભગવાનની આજ્ઞાને નહિ પણ વાસ્તવમાં આપણા અહં-મમને જ વળગી રહ્યા છીએ. દિવસના આગ્રહ કરતાં ઉપશમ-ભાવના પ્રાકટ્ય, પુષ્ટિ અને વૃદ્ધિના આગ્રહમાં જ ભગવાનની આજ્ઞાની આરાધના છે.*** બાહ્ય અનુષ્ઠાન જુદાં હોય, જુદે દિવસે કે જુદી રીતે થતાં હોય કે પ્રમાણમાં અલ્પ હોય તો આંતરશુદ્ધિ થઈ જ ન શકે, એ વાત જૈન-દર્શનને માન્ય નથી. મહત્ત્વ આંતર વિશુદ્ધિનું અને તેને સહાયક અનુષ્ઠાનો તથા જીવનચર્યાનું છે, તે વિનાના બાહ્ય ક્રિયાકલાપની પૂર્ણતાનું નહિ.

---

* આ તથ્ય સવેળા સમજી—સ્વીકારીને તિથિના તંતનો અંત આણી તપગચ્છ સંઘે તેની અસ્મિતાની ઉજ્જવળ પરંપરાને કોરી ખાતા આ 'કૅન્સરનું' ઓપરેશન કરી નાંખવું ઘટે કે જેથી પુનઃ સમસ્ત સંઘ મૈત્રી, વાત્સલ્ય અને સહકારની ભાવના સાથે નિરાકુળ ચિત્તે ઉપશમભાવની આરાધનામાં તેની સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી શકે.

ધર્મના આંતર-બાહ્ય અંશનો વિવેક

સાધનાના બે અંશ છે: એક આંતરિક અને બીજો બાહ્ય. ભાવવિશુદ્ધિ અંતરની સ્થિતિ છે; તે છે ક્ષમા, સરળતા, નમ્રતા, નિરીહતા, સમભાવ વગેરે ગુણોરૂપે વ્યક્ત થતી મનઃશુદ્ધિ. એની પ્રાપ્તિ અર્થે જ બહારનો વ્યવહાર—વિધિનિષેધ, વ્રત, નિયમ, સત્સંગ, સ્વાધ્યાય, અનુષ્ઠાનાદિ—ઉપદેશાયાં છે. એ વ્યવહારનું બાહ્ય કલેવર કેવું ઘડાય એનો આધાર છે સાધકની આંતર-બાહ્ય પરિસ્થિતિ. તેથી સાધકોને પ્રાપ્ત ભિન્ન ભિન્ન દેશ-કાળ-સંયોગો અનુસાર તેમની સાધનાનો બાહ્ય દેહ જુદો પડવાનો. દેશ-કાળ-સંયોગ બદલાતાં રહે છે તેમ, વ્યક્તિની આત્મવિકાસની ભૂમિકા પણ બદલાતી જતી હોય છે, તેથી વ્યવહારમાર્ગનાં સાધનોનું બાહ્ય કલેવર સદા સૌને માટે એકસરખું ન રહી શકે.

માટે મતાગ્રહીઓના પ્રચારથી દોરવાઈ જઈ પોતાથી ભિન્ન ક્રિયાકાંડને અનુસરનારા મુમુક્ષુઓ પ્રત્યે અસહિષ્ણુતા, દ્વેષ, ઘૃણા કે મત્સરના કળણમાં આત્માર્થીએ કદી ફસાવું ન જોઇએ. તેમ જ તેમના પરસ્પર-વિરોધી દાવાઓ સાંભળીને પોતે કઈ સાધના-પ્રક્રિયા અપનાવવી એ મૂંઝવણમાં પણ તેણે અટવાવુ ન જોઈએ. જેનાથી પૂર્વોક્ત ગુણોની પુષ્ટિ થતી **પોતે અનુભવી શકતો હોય** તે તે અનુષ્ઠાન અને જીવનચર્યાનું અનુસરણ નિષ્ઠાપૂર્વક કરતા રહી મુક્તિપંથે સ્થિર ડગ માંડતાં તેણે આગળ વધવું ઘટે.

સમસ્ત ક્રિયાનું લક્ષ્ય શું ?

સઘળીયે બાહ્ય ચર્યાનું લક્ષ્ય સમત્વનો વિકાસ, ધ્યાનમાં પ્રવૃત્તિ અને પ્રગતિ દ્વારા આત્મદર્શન અને અંતે સ્વરૂપરમણતા છે. આત્મજ્ઞાન અર્થે ધ્યાન આવશ્યક છે;[3] અને ધ્યાનની પૂર્વ તૈયારીરૂપે બાકીનું બંધુ–વ્રત, નિયમ, તપ, સંયમ, ભાવના, સ્વાધ્યાય, જપ વગેરે–છે. શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજે 'ઉપમિતિ ભવપ્રપંચકથા'માં ધ્યાનયોગને દ્વાદશાંગીનો (અર્થાત્ સમસ્ત શાસ્ત્રોનો) સાર કહ્યો છે અને ક્રિયાકાંડ તથા વિધિ-નિષેધના પ્રયોજન વિશે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે "શ્રાવકના અને સાધુના જે મૂલ ગુણો અને ઉત્તર ગુણો બતાવ્યા છે તે સર્વે અને જે કાંઇ બાહ્ય ક્રિયાઓ છે તે બધી જ ધ્યાનયોગની સિદ્ધિ અર્થે કહેલ છે."[4]

પ્રારંભિક કક્ષામાં નીતિમય જીવન તથા દાનાદિનો અભ્યાસ અને પછીથી એની સાથે ઉમેરાતાં વ્રત-નિયમ અને ધાર્મિક અનુષ્ઠાનો વ્યક્તિના જીવનમાંથી વિચાર-વર્તનની સ્થૂલ અશુદ્ધિઓને દૂર કરીને ક્રમશઃ સ્વાર્થવૃત્તિ, વાસનાઓ અને વિકારોને ક્ષીણ કરી તેના ચિત્તને નિર્મળ, શાંત અને ધર્મધ્યાનને યોગ્ય બનાવવા અર્થે છે; અર્થાત ધ્યાન સુલભ બને એવી મનોભૂમિકા ઘડાય એ આ સમગ્ર ચર્યાનો ઉદ્દેશ છે. અનુષ્ઠાનો પાછળ રહેલ આ હેતુ ખ્યાલમાં રહે તો ક્રિયાનું હાર્દ હાથમાં આવે.

'ક્રિયા'નું વ્યાપક ફલક

ધ્યાન પણ ક્રિયાનું જ એક અંગ છે, એ સૂક્ષ્મ ક્રિયા છે. 'ક્રિયા' શબ્દથી માત્ર પૂજા, પ્રતિક્રમણ અને પડિલેહણાદિનો જ બોધ આપણા ચિત્તમાં થતો હોય તો એ ખ્યાલ સુધારી લેવો ઘટે. આત્મનિષ્ઠ સંતોનો સત્સંગ, સહવાસ, સેવા–શુશ્રૂષા–વૈયાવચ્ચ, સાધાર્મિક ભક્તિ, દયા–દાન, સ્વાધ્યાય, આત્મચિંતન, જપ, ધ્યાન ઇત્યાદિ પણ 'ક્રિયા'નાં જ અંગો છે—અતિ અગત્યનાં અંગો છે. શાસ્ત્રકારોએ 'ક્રિયા'માં ધ્યાનાભ્યાસ અને તત્ત્વચિંતનનો પણ સમાવેશ કર્યો છે, એટલું જ નહિ, તત્ત્વચિંતન-નિરપેક્ષ બાહ્યક્રિયાને નિઃસાર કહી છે.[૫] ક્રિયા અને જ્ઞાન–વ્યવહાર અને નિશ્ચય–નો સંબંધ દર્શાવતાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે—

> ક્રિયા યોગઅભ્યાસ હૈ, ફલ હૈ જ્ઞાન અબંધ;
> દોનુ કું જ્ઞાની ભજે, એક મતિ મતિ અંધ.[૬]

માટે મુમુક્ષુએ યમ-નિયમ અને અનુષ્ઠાનાદિ બાહ્ય ઉપાસનામાં જ અટકી ન જતાં, 'ક્રિયા'માં સમાવિષ્ટ ધ્યાન-ધારણાદિ અંતરંગ યોગસાધનનો પણ આદર કરવો ઘટે કે જેથી જ્ઞાન–અપરોક્ષાનુભવજન્ય આત્મજ્ઞાન–ની ઉપલબ્ધિ શક્ય બને.

ટિપ્પણ

૧. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, સવાસો ગાથાનું સ્તવન, ઢાળ ૫, ગાથા ૫૮–૬૦.

૨. (i) भावलिंगात् ततो मोक्षो, भिन्नलिंगेष्वपि ध्रुवः ।
कदाग्रहं विमुच्यैतद्, भावनीयं मनस्विना ॥
—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૮૮

(ii) લિંગ-વેષ-કિરિયા કું સબહિ, દેખે લોક તમાસી હો;
ચિન્મૂરતિ ચેતનગુન ચિન્હે, સાચો સોઉ સંન્યાસી હો.
—પદ ૩૯, ગૂર્જર સાહિત્યસંગ્રહ, ભાગ, ૧, પૃષ્ઠ ૧૭૫

૩. मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मत्तं तश्च, तद् ध्यानं हितमात्मनः ॥
—યોગશાસ્ત્ર. પ્રકાશ ૪, શ્લોક ૧૧૩

૪. मूलोत्तरगुणाः सर्वे, सर्वांचेयं बहिष्क्रिया ।
मुनीनां श्रावकाणां च, ध्यानयोगार्थमीरिताः ॥
—ઉપમિતિ, પ્રસ્તાવ ૮, શ્લોક ૭૨૫-૭૨૬.

૫. (i) બુહવિધ ક્રિયાકલેશસું રે શિવપદ ન લહે કોય;
જ્ઞાનકલા પરગામ સો'રે, સહજ મુકિતપદ હોય.
ચેતન ! મોહકો સંગ નિવારો, ગ્યાન સુધારસ ધારો,
—ઉપા. યશોવિજયજી કૃત પદ ૧૩, ગાથા ૭.

(ii) બાહ્ય ક્રિયા છે બાહિર યોગ, અંતર ક્રિયા દ્રવ્ય-અનુયોગ;
બાહ્ય હીન પણ જ્ઞાન વિશાળ, ભલો કહ્યો મુનિ ઉપદેશમાળ.
— દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, ગાથા ૫,

સરખાવો : (૧) સંમ્મતિતર્ક, કાંડ ૩, ગાથા ૬૭.
(૨) અધ્યાત્મસાર, વૈરાગ્યભેદ, શ્લોક ૧૮.

૬. સમાધિશતક, દુહો ૯૩.

૪

સાધનામાર્ગનું પ્રથમ સોપાન

પ્રાથમિક ભૂમિકાએ મુમુક્ષુને સામાન્યતઃ એમ લાગતું હોય છે કે એની બાહ્ય પરિસ્થિતિ મુક્તિપથે પ્રયાણ કરવામાં અવરોધરૂપ છે, એને પ્રાપ્ત કૌટુંબિક, સામાજિક, ધંધાકીય પરિસ્થિતિ કંઈક જુદી હોત તો આત્મકલ્યાણના માર્ગે તે ઝડપથી આગળ વધત. કિંતુ, પૂર્ણ અનુકૂળ સંયોગોની વાટ જોતાં રહી સાવ નિષ્ક્રિય બેસી ન રહેતાં, પ્રાપ્ત પરિસ્થિતિમાં આત્મોન્નતિ માટે યથાશક્ય પુરુષાર્થ જે શ્રેયાર્થી કરતો રહે છે તેને સાધના પરિપક્વ થયે સમજાય છે કે બહારની કોઈ પરિસ્થિતિ, વ્યક્તિ કે વ્યવહાર એને બાંધતાં નથી પણ તેનું બંધન તેની અંદર જ પડ્યું છે; તેનું પોતાનું મન જ બંધન છે. ચિત્તમાં પડેલી તૃષ્ણાઓ, કામનાઓ, વિકારો જ એનો આત્મવિકાસ રુંધી રહ્યાં છે. વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ

નહિ પણ એના પ્રત્યે ચિત્તમાં રહેલ વળગણ–આસક્તિ જ મુક્તિ પ્રયાણમાં અવરોધ ઊભા કરે છે.

આથી, મુમુક્ષુએ સૌ પ્રથમ પોતાના બંધનનું મૂળ શું છે, શામાં છે એ બરાબર સમજી લેવું જોઇએ. શું કુટુંબ-પરિવાર આપણને બાંધે છે? શું જીવનનો વ્યવહાર બાંધે છે? શું વિષયોનો ઉપભોગ બાંધે છે? બંધન છે આસક્તિ–અહં-મમ. આ તથ્ય અંગે ચિત્તમાં સ્પષ્ટતા થઇ જવી જોઇએ. પછી, માત્ર બાહ્ય સ્થૂળ કર્મ ઉપર દ્રષ્ટિ નહિ રહે, કોઇ પણ પ્રવૃત્તિ કરતાં કરતાં અંતરમાં આશય/ભાવ શો છે એ તરફ સાવધાની જાગશે. અહીંથી જ સાધનાની સાચી શરૂઆત થાય છે, સાચા સંતોને ઓળખી શકાય છે, યથાર્થ મોક્ષમાર્ગ હાથ લાગે છે.

મુક્તિનો કે ભવભ્રમણનો–કર્મનિર્જરાનો કે કર્મબંધનો –મુખ્ય આધાર ચિત્ત છે. કાયાથી કશું પણ ન કર્યું હોય છતાં, યાવત્ સાતમી નરક સુધી લઇ જનાર અશુભ કર્મબંધ થઇ શકે છે; તેમ પુણ્યબંધ કરાવનાર દાનાદિ કોઇપણ પ્રવૃત્તિ ન કરી હોય તોયે અનુત્તર દેવલોકનાં સર્વોચ્ચ સુખ-ઐશ્વર્ય આપનાર શુભ કર્માણુઓ પણ એકઠાં થઈ શકે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિના પ્રસિદ્ધ દ્રષ્ટાંત ઉપર થોડો વિચાર-વિમર્શ કરીશું તો આ તથ્ય ચિત્ત સમક્ષ સ્પષ્ટ ઉપસી આવશે.

રોજ ચાર-છ કલાક મંદિર, ઉપાશ્રય, સ્થાનક આદિ ધર્મસ્થાનકોમાં ગાળીએ – પૂજા-પાઠ, પ્રતિક્રમણ, સામાયિક,

ભજન-કીર્તન વગેરે ધર્મક્રિયાઓ કરીએ કે દીક્ષિત થઈને આખોય વખત ક્રિયાકાંડ, ધર્મચર્ચા અને શાસ્ત્રોના પઠન-પાઠનમાં વ્યસ્ત રહીએ, પણ ભીતરમાં એ જ માયા-મમતાનું જીવન જીવીએ, તૃષ્ણાઓ અને વાસનાનું પોષણ કરતા રહીએ, દંભ, દ્વેષ, મત્સર, છળકપટને વિના રોકટોક જીવનમાં મહાલવા દઈએ તો શું એ ધર્મપ્રવૃત્તિથી આપણું ભવભ્રમણ ટળશે? આપણા ચિત્તની ભીતરની ગતિ-વિધિની નોંધ શું કાર્મણ અણુઓ લીધા વિના રહેશે? જગત જાણે કે ન જાણે, આપણે આ જીવનમાં રોજિંદા વ્યવહારમાં જે જીવીએ–છળકપટ, માયામમતા, રાગ-દ્વેષ એ બધું જ પ્રારબ્ધ બનીને બીજા જન્મોમાં આપણી સામે આવવાનું. એ શૃંખલા ચાલતી રહેશે ને એ માટે એક પછી એક જન્મ લેવા પડશે.

માટે, ભવબંધન તોડવાં હોય તો, કર્મબંધની આ શૃંખલા–અનુબંધ–chain reaction પ્રત્યે જાગૃત બની, શ્રેયાર્થીએ જીવનને ભીતર-બાહ્ય ઉભય સ્તરે સાત્વિક બનાવવું રહ્યું, શુદ્ધ બનાવવું રહ્યુ. ખોટુ જીવીને સાધનાનો પંથ ન કપાય.

યોગમાર્ગે પ્રયાણ કરવા ઇચ્છનારે પોતાનુ જીવન વિશુદ્ધ કરવું જ રહ્યું. યમ-નિયમ, ન્યાય-નીતિ અને જીવજગત પ્રત્યે આત્મીયતાપૂર્વકના જીવનવ્યવહાર વિના આત્મસાધનાનો પંથ કપાતો નથી. પોતાના નૈતિક જીવનની શુદ્ધિ પ્રત્યે બેદરકાર રહીને, અને વાસનાઓને છૂટો દોર આપીને નિશ્ચયની માત્ર કોરી વાતો કરતાં રહેવાથી કે યાંત્રિકપણે રોજિંદા

ક્રિયાકાંડ પૂરાં કરી આપવાથી કે કેવળ ' ધ્યાનાભ્યાસ ' થી પોતાને શીઘ્ર ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાઓની પ્રાપ્તિ થઇ જશે, એ ભ્રમમાં આત્માર્થી સાધકે રાચવા જેવું નથી.

મૂલ્ય-પરિવર્તન આવશ્યક

વ્યક્તિએ યમ-નિયમનો ઔપચારિક સ્વીકાર કર્યો હોય કે ન કર્યો હોય, પણ યમ-નિયમ દ્વારા જે દોષોનું સંમાર્જન કરવાનું છે, તે દોષોથી મુક્ત થવાના પ્રયાસમાં તે પ્રવૃત્ત હોય, કે પૂર્વસંસ્કારવશ સહજભાવે જેનાં સ્વાર્થ, વિષયભૂખ અને અર્થતૃષ્ણા મોળાં પડેલાં જ હોય, એવી વ્યક્તિ, ઔપચારિક રીતે પ્રતિજ્ઞાપૂર્વક વ્રત-નિયમ કરતી ન દેખાય છતાં ધ્યાનાદિ અંતરંગ સાધનામાં વિકાસ સાધે તેની ના નથી; પ્રશ્ન યમ-નિયમની ઔપચારિકતાનો નથી, પણ વૃત્તિ-પ્રવૃત્તિમાંથી ઉપર્યુક્ત અશુદ્ધિ-સ્વાર્થ, વિષયાસક્તિ અને તૃષ્ણા-દૂર કરવાનો છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને આ વાત કરતાં કહ્યું છે કે 'પહેલી ભૂમિકામાં નૈતિક તૈયારીનો આગ્રહ રખાય છે. એવી તૈયારી આત્મદર્શન માટે આવશ્યક છે.' * જીવનને નિર્મળ બનાવવા કટીબદ્ધ થયા વિના યોગમાર્ગે પ્રગતિ શક્ય નથી. માટે સાધકે પવિત્ર જીવન ગાળવાનો દ્રઢ સંકલ્પ કરેલો હોવો જોઇએ. જે વ્યક્તિની આવી તૈયારી ન હોય, તેણે યોગમાર્ગે પગ મૂકવો સલાહભર્યું નથી. કર્મ, યોગ, ભક્તિ કે જ્ઞાન–કોઇ પણ યોગમાર્ગે

---

* ડૉ૦ સર્વપલ્લી રાધાકૃષ્ણન, ' ધર્મોનું મિલન, ' પૃષ્ઠ ૨૬૪.

સાધકે પવિત્ર જીવન ગાળવું પડે છે. નિર્મળ જીવન પ્રત્યે અંતરના ઢાળ વિના આત્મવિકાસ શકય નથી. નિશ્ચયનયના સિદ્ધાંતોની ગોખી રાખેલી વાતોના કેવળ પોપટપાઠથી આત્મ-કલ્યાણ થવું સંભવિત નથી; તેમ જ માત્ર આંખો મીંચીને બેસવાથી આત્મદર્શનની આશા રાખવી પણ વ્યર્થ છે. સાધના માર્ગે સફળતા અર્થે તો જીવનનાં મૂલ્યાંકનો બદલાવાં જોઈએ. જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાયા વિના, નિશ્ચયની કોરી વાતોથી કે એકલા 'ધ્યાન' કે અન્ય ક્રિયાકાંડથી કાર્યસિદ્ધિ થવી અસંભવિત છે.

નિશ્ચય-વ્યવહારની ગૂંચ

હર્ષ-શોક, માન-અપમાન, લાભ-અલાભ આદિ પ્રસંગે, 'પરમાં થતા પરિવર્તનથી આત્માને કંઇ લાભ-નુકસાન નથી; જડથી ચેતન સાવ સ્વતંત્ર છે'--એ **ભાનપૂર્વક ચિત્તને સંકલ્પ-વિકલ્પમાં તણાઇ જતું રોકી, ઉપયોગને સ્વમાં વાળી લેવા પ્રયત્નશીલ વ્યક્તિ** પોતાનો આત્મવિકાસ વેગવાન જરૂર બનાવી શકે; પરંતુ, આંતરિક નિર્મળતામાંથી પ્રગટતા વિવેક કે આંતરસૂઝ વિનાની વ્યક્તિઓ. નિશ્ચયનયનાં એવાં કથનોના અવલંબને રાગ-દ્વેષને ખાળવાના બદલે, એના આધારે, જાણ્યે-અજાણ્યે, પોતાનાં પ્રમાદ અને સુખશીલવૃત્તિનાં પોષણ કે બચાવ કરતી થઈ જાય છે; નિશ્ચયનયનાં કથનોની અપેક્ષા સમજ્યા વિના, તે તેના માત્ર અક્ષરો પકડી રાખે છે અને જીવનમાં સંયમ કે

નિયંત્રણની ઉપેક્ષા કરતી થઇ જાય છે. આમ, તે નિશ્ચયનયનાં વચનોથી ભ્રમિત થઇ, જીવનમાં યમ-નિયમ-સંયમને કે એ માટેના પ્રયત્નને અનાવશ્યક ગણી, સાચા સાધનામાર્ગથી દૂર ફેંકાઇ જાય છે.

આનું બીજ નિશ્ચયનયનાં કથનોની અધુરી સમજમાં રહેલું છે. નિશ્ચયથી જડ અને ચેતન બંને સાવ સ્વતંત્ર છે' એનો અર્થ એટલો જ કે આત્મા સાથે કર્મ કે અન્ય પુદ્ગલનો સંયોગ થતાં જડ અને ચેતનનું કોઇ, નવા જ દ્રવ્યમાં રૂપાંતર નથી થઈ જતું — ન આત્મપ્રદેશો તેના જ્ઞાન-આનંદાદિ ગુણો ખોઈ બેસે છે, કે ન પુદ્ગલ-પરમાણુઓ રૂપ-રસ-ગંધ-સ્પર્શવિહીન બની જાય છે. તે છતાં, વ્યવહારની ભૂમિકાએ 'એ બેના સંયોગનું કંઇ પરિણામ નથી' એમ માનવું એ મોટી ભૂલ છે–ભ્રાંતિ છે. એક ચાલુ ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થશે.

પાણીમાં આપણે સાકર નાખીએ છીએ તો તે થોડી-વારમાં ઓગળી જાય છે. સાકરનું જુદું અસ્તિત્વ વરતાતું નથી, પણ પાણી ગળ્યું લાગે છે. સાકરના સ્થાને મીઠું હોય તો, પાણી ખારૂં લાગે છે.. સૌનો આ અનુભવ છે. કિંતુ, વાસ્તવિકતા એ છે કે સાકર ઓગળીને પાણીમાં અદૃશ્ય થાય છે અને પાણી ગળ્યું થઇ જાય છે ત્યારે પણ સાકરના રેણુઓ-molecules-અને પાણીના રેણુઓ તો એમના એમ જ રહે છે; અથાત એ બેમાં કોઇ રાસાયણિક પ્રક્રિયા

થઇ તેમનું કોઇ નવા યૌગિક દ્રવ્યમાં–'કમ્પાઉન્ડ'માં રૂપાંતર થતું નથી. નિશ્ચયનયની પરિભાષામાં આ વાત કરીએ તો એમ કહેવાય કે 'પાણી અને સાકર બંને સાવ સ્વતંત્ર છે; દરેક પોતપોતાના સ્વભાવમાં રહે છે–પાણી ઉપર સાકરની કંઇ અસર નથી, કે ન સાકર ઉપર પાણીની કોઇ અસર છે. પાણીમાં સાકર નાખો કે મીઠું નાખો, પાણી તો, એ બેયથી અસ્પૃષ્ટ, પાણી જ રહે છે'. પાણીમાં સાકર ભળે કે મીઠું ભળે, રાસાયણિક દૃષ્ટિએ પાણી તો એ બેયથી અસ્પૃષ્ટ જ રહે છે : આ વાત એ સ્તરે સાચી હોવા છતાં, રોજિંદા વ્યવહારમાં દરિયાનું પાણી સહજ ભાવે કોઇ પીશે ખરૂં ?

*

એ જ રીતે ઠંડું પાણી, ઊકળતું પાણી, વરાળ અને બરફ એ ભેદો વ્યવહારનય સ્વીકારે; પણ તાત્ત્વિક દૃષ્ટિએ એ ચારેમાં કશો ફરક નથી—રસાયણશાસ્ત્રીને મન એ ચારે H_2O અર્થાત્ પાણી છે, દરેકનું મૂળ ઘટકતત્ત્વ એકસરખું છે : દરેકના રેણુમાં હાઇડ્રોજનના બે અણુ અને ઓક્સિજનનો એક અણુ છે. તેથી તાત્ત્વિક દૃષ્ટિએ એ બધાં 'પાણી' જ છે, પરંતુ વ્યવહારમાં પાણી, વરાળ અને બરફનો ભેદ લક્ષમાં રાખી, તેમના ઉપયોગમાં વિવેક વાપરવો પડે, રેલ્વે એન્જિન દોડાવવા માટે વરાળ જ જોઇશે અને આઇસ્ક્રિમ બનાવવા માટે બરફની જ જરૂર પડવાની, એટલું જ નહિ; પાણીમાં પણ ઠંડા પાણી અને ઊકળતા પાણીનો ભેદ કર્યા વિના કોઈ નહાવા બેસશે ખરું ?

માટે, આત્માર્થી મુમુક્ષુએ એ સમજવું ઘટે કે 'પરની અર્થાત્ નિમિત્તોની આત્મા ઉપર કંઈ અસર **નથી**': **નિશ્ચયનયના** આ કથનને આગળ કરી, વ્યવહારનયે પણ જાણે પરની આત્મા ઉપર કંઇ અસર નથી એમ માની લઈ, જીવનમાં યમ-નિયમ-સંયમની ઉપેક્ષા કરવી કે શુભાશુભ નિમિત્તો વચ્ચે પસંદગી કરવાનું માંડી વાળવું એ આત્મવિકાસનો નહિ પણ આત્મ-વંચનાનો માર્ગ છે. નિશ્ચયથી આત્માને પરની કંઇ અસર ન હોવા છતાં, એ જ્યાં સુધી સર્વથા કર્મમુક્ત ન બને ત્યાં સુધી એને દેહનું બંધન સ્વીકારવું પડે છે, એ શું હકીકત નથી ?

નિશ્ચયથી આત્મા ઉપર પરની કંઈ અસર ન હોવા છતાં, આપણે સૌ કર્મની પરતંત્રતા અનુભવીએ છીએ; આત્માનાં અમર્યાદ અને અખંડ જ્ઞાન-સુખ-સામર્થ્યનો અનુભવ આપણે પામી શકતાં નથી. નબળી આંખોવાળી વ્યક્તિની નજર ઓછી પડે છે, તો જન્માંધ બાળક રૂપ-રંગના જ્ઞાનથી સાવ વંચિત રહે છે. **પરની કંઇ જ અસર આત્માને ન હોય તો જડ દેહની ક્ષતિની આ અસર આત્માના જ્ઞાનગુણ ઉપર કેમ વરતાય છે? આત્મા અનંત જ્ઞાનનો સ્વામી હોવા છતાં, કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી, તેનો જ્ઞાનગુણ દેશકાળથી સીમિત કેમ રહે છે?** વ્યવહારની ભૂમિકાએ આત્મા ઉપર પરનો કેટલો પ્રભાવ છે તેની આથી વધુ સબળ પ્રતીતિ ગોતવાની જરૂર રહે છે ખરી ?

પરંતુ, નિશ્ચયનયની અપેક્ષા સમજયા વિના, કેટલાક અર્ધદગ્ધ મુમુક્ષુઓ પોપટની જેમ એ વાતો રટયા કરતા હોય છે કે 'આત્માને કર્મ કંઈ જ ન કરી શકે; પર પ્રત્યેનો રાગ કે અવળો પુરુષાર્થ તે ત્યજી દે તો આ જ ક્ષણે તે મુક્ત છે'. એ લોકો વિચારે કે અવળા પુરુષાર્થનો આક્ષેપ જેના માટે થઈ શકે તેમ નથી અને પર પ્રત્યે–પુદ્ગલ પ્રત્યે જેને અંશમાત્ર રાગ નથી એવા, તેરમે ગુણસ્થાનકે રહેલ નિઃસંગ આત્માને પણ, આયુષ્યકર્મનો અંત ન આવે ત્યાં સુધી, કાયામાં શાથી પુરાઈ રહેવું પડે છે? વીતરાગ થતાંવેંત જ મુક્તપણે સમગ્ર લોકાકાશમાં વ્યાપી જવાના બદલે, તે નિઃસંગ આત્માને પણ દેહપ્રમાણ અવગાહનામાં જ— અને તે પણ જ્યાં દેહ હોય તે આકાશ-પ્રદેશોમાં જ—કેમ વસવું પડે છે? આથી આ વાત સ્પષ્ટ થાય છે કે નિશ્ચયનયે આત્માને અને પરને ભલે કંઈ સ્નાન-સૂતક ન હોય, પણ વ્યવહારની ભૂમિકાએ આત્માને પરની અસર છે. અને તેથી વ્યવહારની ભૂમિકાએ નિમિત્તોની પસંદગીનો પ્રશ્ન પણ રહે જ છે.

એ ગૂંચનો વ્યવહારુ ઉકેલ

નિશ્ચયના અવલંબને આત્મવિકાસમાં વેગ લાવવા ઇચ્છનારે 'પર દ્રવ્યથી પોતાને કંઈ લાભ-હાનિ નથી' એ **સિદ્ધાંતના અમલનો પ્રયોગ પ્રથમ રોજિંદા જીવન-વ્યવહારમાં કરવો જોઈએ.** રોજ-બ-રોજના જીવનમાં

પ્રાપ્ત અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં, એ વચનનો આધાર લઈને, સુખ-દુઃખ, હર્ષ-શોક, માન-અપમાન વગેરે દ્વન્દ્વોની અસરથી તે પોતાના ચિત્તને જેટલા અંશે મુક્ત રાખી શકે તેટલા અંશે નિશ્ચયનું ઉપર્યુક્ત કથન તેના અંતઃકરણમાં સ્થાન પામ્યું ગણાય. આ રીતે, જાગૃતિપૂર્વક, પરથી પોતાની ભિન્નતાનું ભાન તે જીવનમાં દૃઢ કરતો રહે તો તેનું ચિત્ત સંકલ્પ-વિકલ્પથી ઉત્તરોત્તર અધિકાધિક મુક્ત બની સ્વમાં ઠરતું જાય.

કિંતુ મનોજ્ઞ-અમનોજ્ઞ બાહ્ય નિમિત્તોથી તેના ચિત્તમાં ગમા-અણગમાના, હર્ષ-શોકના કે રાગ-દ્વેષના ભાવો જ્યાં સુધી ઊઠતા હોય, અને પોતાની ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ અર્થે ઉપલબ્ધ સામગ્રીમાં જ્યાં સુધી પસંદગીનું ધોરણ તે અપનાવતો હોય, ત્યાં સુધી આત્મવિકાસ અર્થે પણ પ્રાપ્ય નિમિત્તોમાં તેણે પસંદગીનું ધોરણ અપનાવવું ઘટે. **ભોજન કરતી વખતે પોતાની રુચિ મુજબના બાહ્ય વાતાવરણ, સ્થળ અને ખાનપાનની વસ્તુઓ વગેરેની પસંદગી સાધક કરતો હોય ત્યાં સુધી 'પર નિમિત્તોની પોતાને કંઈ અસર નથી' એ વાત તે કયા મોઢે કરી શકે? 'પરથી પોતાને કંઈ લાભ-હાનિ નથી' એ ભાવ તેના અંતઃકરણમાં દૃઢ થયો હોય તો આવી પસંદગીનો પ્રશ્ન રહે જરો? માટે, બાહ્ય નિમિત્તાનુસાર પોતાનું ચિત્ત ગમા-અણગમા, હર્ષ-શોક કે સુખ-દુઃખના ઝૂલે ચડતું હોય ત્યાં સુધી સાધકે આત્મવિકાસ કાજે પણ સાધક-બાધક નિમિત્તો વચ્ચે પસંદગી કરવી શ્રેયસ્કર છે.** એ ભૂમિકાએ સ્વરૂપાભિમુખ રહેવામાં

જેનાથી પોતાને સહાય મળતી હોય એવાં નિમિત્તોનો સંગ મેળવવા તેણે પ્રયત્નશીલ રહેવું જોઈએ; અને જેનાથી પોતાનાં રાગ-દ્વેષ-વાસના, વિકાર કે કષાયો ઉદ્દીપ્ત થતાં હોય તેવાં નિમિત્તોથી અળગા રહેવા સજાગ રહેવું જોઈએ. **નહિતર, નિશ્ચયનાં વચનોનું અવલંબન તેને આત્મવંચનાના વમળમાં ગોથાં ખવરાવશે.**

આત્મવિકાસ સાધવો હોય તેણે, વ્યવહારની ભૂમિકાએ નિમિત્તોની પસંદગી કરવી જ રહી. **સાધનાનું, સંયમનું અને માર્ગાનુસારી જીવનનું બીજ આ પસંદગી છે.** જો આવી કોઈ પસંદગી કરવાની રહેતી જ ન હોય તો માર્ગાનુસારીપણાનો કે સાધનાના પુરુષાર્થનો કોઈ પ્રશ્ન જ ન રહે.

દમન અને સંયમ વચ્ચેની ભેદરેખા ઓળખીએ

કેટલાક કહે છે કે 'આંતરિક વિકાસ થયે સંયમ-ત્યાગ સ્વયં પ્રગટે છે. સ્વયં આવતા સંયમ-ત્યાગ આવકાર્ય છે, પણ ઇચ્છા કરીને—સંકલ્પ કરીને—કરેલ ત્યાગ એ તો દમન છે; અને દમન હંમેશાં અભિશાપ છે.' કિંતુ અહીં પણ એ સમજવું જોઇએ કે અનિચ્છાએ—કોઇ બાહ્ય દબાણવશ—કરાતો ત્યાગ એ એક વસ્તુ છે અને સ્વસ્થપણે પોતાનાં હિતાહિતનો વિચાર કરી, વ્યક્તિએ સ્વયં સ્વીકારેલ સંયમ એ જુદી ચીજ છે. આવો કોઇ સંયમ સ્વીકાર્યા વિના, પૂર્વ સંસ્કારવશ જે કંઇ આવેગો અને વિકારો અંતરમાં ઊઠે તેના ચાળે ચડીને જ જો જીવન વિતાવવાનું હોય તો એ પશુજીવન જ રહેવાનું; એ કદી સાધકનું જીવન નહિ બની શકે.

૫

અંતરમાં સ્વરૂપનું અનુસંધાન, બાહ્ય જીવનમાં સંયમ

સાધકનું ધ્યેય સર્વ પ્રાકૃતિક આવેગો અને આવેશોથી ઉપર ઊઠવાનું જ રહેવું જોઈએ.

ફ્રોઈડના વિચારોથી પ્રભાવિત થયેલો એક વર્ગ આજે એમ માનતો-વિચારતો થયો છે કે 'કામ એ માણસની સહજ વાસના છે, એને રુંધવી ન જોઇએ; આ પ્રાકૃતિક આવેગને મુક્તપણે અભિવ્યક્ત થવા ન દેવાય તો અજાગૃત મનમાં ગ્રંથિઓ બંધાય છે અને તે શારીરિક કે માનસિક વિકૃતિઓ જન્માવે છે.' સંયમને તિલાંજલિ આપવા તૈયાર થયેલો આ વર્ગ અધ્યાત્મમાર્ગના જ્યોતિર્ધરોના વચનો અને અનુભવોના

સંદર્ભમાં સ્થિરચિત્તે વિચારે કે વિકાસોન્મુખ જીવનનો આધાર કામ છે કે સંયમ ? તો, એને સમજાશે કે ફ્રોઇડનો સિદ્ધાંત તો પૂર્વાધ માત્ર છે, તે અડધે અટકી જાય છે. એથી આગળના સત્ય સુધી ફ્રોઇડની નજર પહોંચી નથી. આધુનિક મનોવિજ્ઞાન પણ ફ્રોઈડથી આગળ જઇ શક્યું નથી; જ્યારે આપણા આર્ષ દ્રષ્ટાઓ કામને જીવનના અદમ્ય આવેગ તરીકે પિછાની શક્યા હતા, અને એથી આગળનું તથ્ય પણ એમણે અનુભવ્યું હતું. તેઓ એ જોઇ શક્યા હતા કે સંસારનો નાનો મોટો દરેક જીવ ચાર અદમ્ય વૃત્તિઓ—આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ—થી પ્રેરાઇને જીવનસંઘર્ષ ચલાવી રહ્યો છે. છતાં, 'એ પ્રાકૃતિક આવેગો છે' એમ કહીને એ વૃત્તિઓને તાબે થઇ જવાની વાત એમણે ન કરી. 'કામને જીતી શકાય કે નહિ? જો જીતી શકાય, તો કઇ રીતે?'–આ પ્રશ્નો પણ તેમણે ઊઠાવ્યા હતા; અને એના ઉત્તર મેળવ્યા હતા—માત્ર બૌદ્ધિક તર્કોમાં જ નહિ, પણ જીવનના અનુભવમાં પણ. આથી, અદમ્ય આવેગ ગણી લઇ કામને જીવનમાં છૂટો દોર આપવાની વાત કોઇ જ્ઞાની પુરુષે કદી કરી નથી.

યોગ-અધ્યાત્મની નેમ

યોગ, અધ્યાત્મ કે સાચા ધર્મમાર્ગની નેમ જ સદા એ રહી છે કે ક્રમશઃ સંયમ અને ઉર્ધ્વીકરણ દ્વારા વાસનાના મૂળ સુધી પહોંચી તેને જડમૂળથી નષ્ટ કેમ કરવી તે અંગે પથદર્શન કરવું. દબાયેલી કામવાસના ગ્રંથિઓની જન્મદાત્રી છે એ ખરું, કિંતુ એ તથ્ય પણ લક્ષ બહાર ન રહેવું જોઇએ

કે ખુદ કામવાસનાના મૂળમાં પણ એક ગ્રંથિ રહેલી છે. યોગ-અધ્યાત્મ ક્રમશઃ સંયમ અને ઉર્ધ્વીકરણના માર્ગે થઇ એ ગ્રંથિ સુધી પહોંચીને એનો જ વિસ્ફોટ કરવાની પ્રક્રિયા ચીંધે છે. આધ્યાત્મિક સાધક એ પથદર્શનને અનુસરતો રહી પ્રકૃતિ ઉપર વિજયના પદચિહ્નો મૂકતો આગળ વધે છે. કોઇ પ્રાકૃતિક આવેગને તેના જીવનનો સૂત્રધાર થવા દઇને યોગ-માર્ગના શિખરો આંબવાની આશા તે ન રાખી શકે.

કોઇ વ્યક્તિનું ગત જીવન વિલાસી હોય, અન્યાય, અનીતિ અને વાસનાઓથી ખરડાયેલું હોય, પણ એ દિશાએથી તે પાછી વળે અને ટૂંક સમયમાં જ સારો આત્મવિકાસ સાધી, જૂના સાધકોથીયે આગળ નીકળી જાય એની ના નથી; વ્યક્તિનો ભૂતકાળ ગમે તેવો હોય, પ્રશ્ન છે તેના વર્તમાન જીવનનો ઢાળ કેવો છે એનો, અનીતિમય જીવન અને ઇન્દ્રિયોની નિરંકુશ પ્રવૃત્તિ ચાલુ રાખીને, કેવળ જ્ઞાનની શુષ્ક વાતો કે કહેવાતા ધ્યાનાભ્યાસના જોરે આત્મદર્શન સુધી પહોંચવાનો મનોરથ વિફળ જ રહેવાનો, એ વાત યોગમાર્ગે પગ મૂકનાર સાધક વેળાસર સમજી લે તે તેના હિતમાં છે.

વિવેકપૂત તપ-ત્યાગ

તપ પણ સાધનાની એક મહત્ત્વની કડી છે. એક રીતે જોઇએ તો, સમગ્ર સાધના એ વિવિધ પ્રકારનું તપ જ છે. 'આત્મજ્ઞાન વિના તીવ્ર તપથી પણ ભવદુઃખનો અંત આવતો

નથી, '—શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજનાં આ વચનોથી કોઇ એમ સમજવાની ભૂલ ન કરે કે આત્મવિકાસમાં તપ નિરુપયોગી છે. ઉપર્યુક્ત કથનમાં હેમચન્દ્રસૂરિ મહારાજે મુક્તિસાધનામાં આત્મજ્ઞાનનું કેવું મહત્ત્વભર્યું સ્થાન છે તે સૂચવ્યું છે,[1] નહિ કે તપની નિરર્થકતા. 'એકડા વિનાનાં મીંડાં નકામાં,' એમ કહીએ છીએ ત્યારે આપણે એ પણ સમજીએ છીએ કે 'મીંડું' એકડાની પડખે ઊભું રહે તો એકડાની કિંમત દશગણી થઇ જાય છે, એટલું જ નહિ, મીંડામાં એકડાના મૂલ્યના ગુણાકાર કરવાની શક્તિ છે. એ જ વાત તપ વિશે પણ સમજી લેવી જોઇએ.

વિવેકપૂર્વકનું બાહ્ય અને આભ્યંતર તપ મુક્તિ-પ્રયાણમાં વેગ લાવી દે છે. 'शरीरमाद्यं खलु धर्मसाधनम् ।' એમ કહીને સાધનામાં બાધક બને એ રીતે શરીરને પંપાળવાનું નથી; તેમ બીજી બાજુ, 'દેહ આપણો દુશ્મન છે, એને કારણે જ સંસારપરિભ્રમણ કરવું પડે છે' એમ માનીને, ચિત્તમાં રહેલ વાસનાના ઉન્મૂલન પ્રત્યે સજાગ બન્યા વિના, કેવળ કાયાની સામે યુદ્ધે ચઢવું એમાં પણ સાધનાનો વિવેક નથી.[2] મનમાં રહેલી વાસનાઓને સૂકવી નાખવાની છે; એના પ્રત્યે દુર્લક્ષ રાખી, કેવળ શરીરને સૂકવી નાખવાથી શું વળે ?[3] સાધક માટે ખરું કુરુક્ષેત્ર પોતાનું મન છે. એમાં રહેલી દુર્વૃત્તિઓ અને કુવાસનાઓને અકબંધ રાખીને થતું, ગમે તેવું ઉગ્ર પણ બાહ્ય તપ મોક્ષ સાધનાને વેગવાન બનાવી ન શકે.

વાસ્તવમાં તો જ્ઞાન (આત્મજ્ઞાન) અર્થાત્ કાયા સાથેના તાદાત્મ્યથી અને ચિત્તના તરંગોથી ઉપર ઊઠી સ્વભાવમાં ઠરવું એ જ ખરું તપ છે.[૪] એ જ કર્મનિર્જરાનું સબળ સાધન છે. એના વિના માત્ર બાહ્ય તપથી અતિ અલ્પ—અપેક્ષાએ નહિવત્ કર્મનિર્જરા થઇ શકે છે.[૫] પ્રતિવર્ષ આસો-ચૈત્રની નવપદની ઓળી દરમ્યાન વંચાતા શ્રીપાળ રાસમાં આ તથ્ય ખૂબ જ સ્પષ્ટ ભાષામાં શબ્દબદ્ધ થયેલું છે:

આતમદરિસણ જેણે કર્યું, તેણે મુંધો (ઢાંકયો) ભવભય કૂપરે;
ક્ષણ અર્ધે જે અઘ ટલે, તે ન ટલે ભવની કોડી રે,
તપસ્યા કરતાં અતિઘણી નહિ જ્ઞાન તણી છે જોડી રે.[૬]

ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં ક્રોડો ભવમાં જેટલી કર્મ-નિર્જરા ન થઈ શકે તેટલી કર્મનિર્જરા આત્મજ્ઞાનસંપન્ન વ્યક્તિ આંખના એક પલકારામાં કરી લે છે—કરતી રહે છે. આટલી વિપુલ કર્મનિર્જરાના હેતુભૂત આત્મજ્ઞાનની સાધનામાં વચ્ચે આવતા વિક્ષેપોને ખાળવામાં બાહ્ય તપ પણ કંઇક અંશે સહાયક બને છે, ને તેટલા પૂરતું જ સાધનામાં તેનું સ્થાન છે; અર્થાત્ આત્મજ્ઞાનની ઉપલબ્ધિમાં સાધનભૂત સ્વાધ્યાય–ધ્યાન–કાયોત્સર્ગ પ્રમુખ અભ્યંતર તપને જે સહાયક બનતું હોય તે બાહ્ય તપને જ જ્ઞાનીઓએ મુક્તિસાધનાનું અંગ ગણ્યું છે.

બળ નહિ, કળ

આપણા બંધનનું કારણ માત્ર વિષયોનો ભોગ-ઉપભોગ નથી, પણ આસક્તિ, અહંકાર અને કર્તૃત્વાભિમાન પણ છે, દેહાત્મબુદ્ધિ એ બધાનું મૂળ છે. એ દેહાત્મબુદ્ધિ ટળે નિજ શુદ્ધ સ્વરૂપના અનુસંધાનથી. એના વિનાની એકલી વિષયનિવૃત્તિ મુક્તિસાધનામાં વિફળ રહે છે, એટલું જ નહિ, કેટલીક વાર તે અહંવૃદ્ધિ અને દાંભિકતાની પોષક બની ઉલટી વધુ નુકશાનકારક પણ નીવડે છે. ઘડીભર પણ આત્મસ્વરૂપની વિસ્મૃતિ થઇ તો ચિત્તમાં અજ્ઞાનનાં અંધારા ઉમટી આવે છે, અને ત્યા દેહાત્મબુદ્ધિ, અહંકાર-મમકાર અને કર્તુત્વાભિમાનનું સામ્રાજ્ય વ્યાપે છે. માટે બાહ્ય તપ-ત્યાગ પણ જ્ઞાનથી રસાયેલ હોવાં જોઇએ કે જેથી વિકારો શાંત થાય, દેહાત્મબુદ્ધિ મોળી પડે અને ચિત્તમાં ઉઠતા અહંકાર, આસક્તિ અને કર્તા-ભોક્તાપણાના અભિમાનના તરંગો શમે.

આ વિષયમાં ઉપાધ્યાયજી મહારાજની મનનીય સલાહ આ રહી : મુમુક્ષુએ ઇન્દ્રિયોને વિષયોમાં યથેચ્છ વિહાર કરતી રોકવી જરૂરી છે, પરંતુ એ કામ બળથી નહિ પણ કળથી પાર પાડવું જોઈએ. 'હું વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપ આત્મદ્રવ્ય છું બાકીનું બધું મારાથી પર છે,' એ વિવેક વડે

મુમુક્ષુએ ઇન્દ્રિયોને વિષયોથી છોડાવવી ઘટે. એના બદલે બળાત્કાર કરી ઇન્દ્રિયોનું દમન કરવા જતાં અંતે વધુ નુકશાન જ વેઠવું પડે છે. ઇન્દ્રિયો તો વશ થતી નથી, પણ જીવનમાં દંભ પ્રવેશે છે. બહારથી ત્યાગનો દેખાવ રહે છે, જ્યારે ચિત્ત તો ભોગમાં આળોટચા કરે છે. પરિણામે, બાહ્ય ત્યાગ છતાં, નરકની વાટ પકડવી પડે છે.[૯]

બાહ્ય જીવન અને આંતર પ્રવાહનો સુમેળ

એવું ન થવા દેવું હોય તો, સાધકે પોતના અંતરંગ વૈરાગ્યના પ્રમાણમાં બાહ્ય ત્યાગ-તપની યોજના કરવી ઘટે, જેથી બાહ્ય અને આંતર જીવન વચ્ચે સુમેળ રહી શકે. અંતરમાં સાચો વૈરાગ્ય જાગ્યો તો તેનું પ્રતિબિંબ બાહ્ય જીવનમાં ત્યાગ-તપ-સંયમરૂપે પડવાનું જ. અંતરંગ વિરાગમાંથી આવતો બાહ્ય ત્યાગ સહજ હોય છે. તેનો ભાર કોઈને–સાધકને પોતાને કે બીજાને–લાગતો નથી; જ્યારે બળાત્કારે બાહ્ય ત્યાગની હરણફાળ મારવા જતાં ચિત્ત અને કાયા વચ્ચે ઘણું અંતર પડી જાય છે. તેથી આગળ વધવાની વાત તો દૂર રહી. પણ પોતાના સ્થાન ઉપર ટકી રહેવું પણ મુશ્કેલ બની જાય છે. જેમ કોઈનો જમણો પગ ઘણો આગળ નીકળી જાય અને ડાબો બહુ દુર રહી જાય તો તે વ્યક્તિ આગળ ચાલી શકતી નથી. એટલું જ નહિ, પોતાના સ્થાને સ્થિર ઉભી પણ રહી નથી શકતી-ગબડી પડે છે; સંયમ વિનાના કોરા વિરાગની પણ આ જ દશા થવાની. માટે વિવેકી સાધકે, પોતાના

બાહ્ય ત્યાગ અને આંતર વિરાગ વચ્ચેનું અંતર ઓછું કરીને–હઠાવીને બંનેની એકવાકયતા કરવા સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

અંતર્મુખ સાધક વિષયોપભોગમાં કેવો સાવધ હોય એનો નિર્દેશ કરતાં ચિતાનંદજી મહારાજે કહ્યું છે કે—

પુદ્‌ગલ ખલસંગી પરે, સેવે અવસર દેખ;
તનુ અશકત જયું લક્કડી, જ્ઞાન ભેદ પદ લેખ.[૧૦]

લાકડીનો ટેકો કોણ લે? એ વિના જેનુ શરીર ટટાર ન રહી શકતું હોય તે. તેમ સાધક પણ અનિવાર્ય હોય તેટલો જ પુદ્‌ગલનો ટેકો લે. બીજી બાજુ, આંતરિક વૈરાગ્યનું બળ વધાર્યો પહેલાં, 'પુદ્‌ગલનો સંગ નુકશાન-કારક છે' એમ કહીને એનો સમૂળગો ત્યાગ કરવાની ચેષ્ટા પણ તે ન કરે. પોતાના સામર્થ્ય-અસામર્થ્યનો વિવેક કરી અવસરે પુદ્‌ગલનો ટેકો લઈ ને પણ, એકત્વ, અન્યત્વાદિ ભાવનાઓના અભ્યાસ વડે અંતરમાં ભેદજ્ઞાનને દૃઢ કરતો રહી, તે ઇન્દ્રિયોને સમજાવટથી ભોગ પ્રત્યે જતી વાળી લે.

આમ સ્વ-પરનો વિવેક જાગૃત રાખીને ઇન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળી લેવાનો આ અભ્યાસ સદા થતો રહે તો, વખત જતાં, સાધક એવા અદ્‌ભુત વૈરાગનો સ્વામી બની શકે કે જયાં વિષયો માટે પ્રવૃત્તિ કરવાનો સંકલ્પ

જ ન ઊઠે કે ન નિવૃત્તિનો શ્રમ રહે.[૧૧] માટે, બાહ્ય તપમાં પણ કેવળ ભોગોપભોગના બાહ્ય ત્યાગની માત્રા ઉપર જ મુસ્તાક ન રહેતાં, એની સાથે ચિત્તગત વિરાગ અને સ્વરૂપજાગૃતિનો સાથ લેવો ઘટે. અભવ્ય આત્માની કરુણતા એ છે કે એને આત્માના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપનો વિચાર સ્પર્શતો જ નથી. આથી કર્તા-ભોક્તાપણાનું તેનુ અભિમાન ખસતું નથી. ફલતઃ નવગ્રૈવેયકની પ્રાપ્તિ પૂર્વે, અશુભથી પાછા વળીને શુભ પ્રવૃત્તિમાં અનહદ ઉદ્યમ કરતો હોવા છતાં, તે મુક્તિથી સદા વેગળો જ રહે છે.

ટિપ્પણ ૪

૧. आत्माज्ञानभवं दुःखं, आत्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ।

टीका—इह सर्वं दुःखमनात्मविदां भवति, तदात्मज्ञानभवं प्रतिपक्षभूतेनात्मज्ञानेन शाम्यति क्षयमुपयाति, तम इव प्रकाशेन । ननु कर्मक्षयहेतुः प्रधानं तप उक्तं ...... इत्याह, तपसाऽपि आस्तामन्ये. नानुष्ठानेन तदात्माज्ञानभव दुःखमात्मविज्ञानहीनैर्न छेत्तु शक्यते, ज्ञानमन्तरेण तपसोऽल्पफलत्वात् ।

जं अन्नाणी कम्मं खवेइ बहुआहिं वासकोडीहिं ।
तं णाणी तिहिंगुत्तो खवेइ उसासमेत्तेण ॥

तत स्थितमेतत् बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम् । आत्मज्ञानं च आत्मनः चिद्रुपस्य स्वसंवेदनमेव मृग्यते नाऽतोऽन्यदात्मज्ञानं नाम ।

—સટીક યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૩

૨. तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि वा ॥

—જ્ઞાનસાર, તપોષ્ટક, શ્લોક ૩

૩. (i) यत्र रोधः कषायाणां, ब्रह्म ध्यानं जिनस्य च ।
ज्ञातव्यं तत्तपः शुद्ध–मवशिष्टं तु लंधनम् ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક, ૧૫૭

(ii) ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः ।

—જ્ઞાનસાર, તપોષ્ટક, શ્લોક ૧

૪. बुभुक्षा देहकार्श्यं वा, तपसो नास्ति लक्षणम् ।
तितिक्षाब्रह्मगुप्त्यादि–स्थानं ज्ञानं तु तद्वपुः ॥

—એજન, શ્લોક ૧૫૮

૫. યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૩ અને તેની ટીકા (જુઓ ટિપ્પણ.૧)

૬. શ્રીપાળરાસ, ખંડ ૪, ઢાળ ૭, ગાથા ૩૭–૩૮.
સરખાવોઃ

(i) जं अन्नाणी कम्मं, खवेइ बहुयाइं वासकोडिहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ उसासमेत्तेण ॥

—શ્રી બૃહત્કલ્પભાષ્ય, ઉદ્દેશ ૧, ગાથા ૧૧૭૦

(ii) अज्ञानी तपसा जन्मकोटिभिः कर्म यन्नयेत् ।
अन्तं ज्ञानतपोयुक्तस्तत् क्षणेनैव संहरेत् ॥

ज्ञानयोगस्तपः शुद्धमित्याहुर्मुनिपुंगवाः ।
तस्मान्निकाचितस्यापि, कर्मणो युज्यते क्षयः ॥

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૬૨-૧૬૩

૭. ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः ।
तदाभ्यंतरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥

- જ્ઞાનસાર, તપોષ્ટક, શ્લોક ૧

૮. (i) अज्ञानाद्विषयासक्तो, बध्यते विषयैस्तु न ।

—અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર, શ્લોક ૧૪૦

(ii) विषयाणां ततो बन्ध–जनने नियमोऽस्ति न ।
अज्ञानिनां ततो बन्धो, ज्ञानिनां तु न कर्हिचित् ।
सेवतेऽसेवमानोऽपि, सेवमानो न सेवते ।
कोऽपि पारजनो न स्याच्छ्रयन् परजनानपि ॥

—એજન, વૈરાગ્યસંભવાધિકાર શ્લોક, ૨૪-૫

૯. विषयेभ्यः प्रशांताना–मश्रान्तंविमुखीकृतैः ।
करणैश्चारुवैराग्य–मेष राजपथः किल ॥
बलेन प्रेर्यमाणानि, करणानि वनेभ्वत् ।
न जातु वशमायान्ति, प्रत्युतानर्थवृद्धये ॥
पश्यन्ति लज्जया नीचै–र्दुर्ध्यानं च प्रयुञ्जते ।
आत्मानं धार्मिकाभासाः, क्षिपन्ति नरकावटे ॥
वञ्चनं करणानां तद्विरक्तः कर्तुमर्हति ।
सद्भावविनियोगेन, सदा स्वान्यविभागवित् ।

—એજન, વૈરાગ્યસંભવાધિકાર, શ્લોક ૨૭, ૨૯-૩૧

૧૦. અધ્યાત્મબાવની, દુહો ૧૬.

૧૧. वञ्चनं करणानां तद्विरक्तः कर्तु मर्हति ।
सद्भावविनियोगेन, सदा स्वान्यविभागविन् ॥
प्रवृत्तेर्वा निवृत्तेर्वा, न संकल्पो न च श्रमः ।
विकारो हीयतेऽक्षाणामिति वैराग्यमद्भुतम् ॥

—અધ્યાત્મસાર, વૈરાગ્યસંભવાધિકાર, શ્લોક ૩૧–૨.

૬

સમત્વ : સાધનાનો રાજપથ

જ્ઞાન અને ક્રિયા, વિચાર અને વર્તન, નિશ્ચય અને વ્યવહાર — એ બે ચક્રો ઉપર સાધનાનો રથ આગળ સરકે છે. નિર્મળ અંતઃકરણવાળી વ્યક્તિઓ પોતાની આંતર-સૂઝના બળે એ બેને યથાયોગ મહત્ત્વ આપી ઉત્તરોત્તર અધિક આત્મવિકાસ સાધે છે.)[1] પણ ઘણીવાર એવું જોવા મળે છે કે, મોક્ષમાર્ગના પથિકો પણ એ બેની સમતુલા જાળવવાનો વિવેક દાખવી શકતા નથી, અને વિચાર કે વર્તન-જ્ઞાન કે ક્રિયા-માંથી કોઈ એકના જ પક્ષકાર બની રહે છે. પરિણામે, તેમની સાધનાનો રથ કદાચ ગતિ કરતો રહે તો યે પંથ કપાતો નથી—મુક્તિપંથે એની પ્રગતિ થંભી જાય છે. આ ભયસ્થાનને હેમખેમ પાર કરવા

મુમુક્ષુએ સમત્વની ખીલવટને પોતાની આરાધનાનું કેન્દ્ર બનાવવું રહ્યું.

કોઇ વ્યકિતના જીવનમાં ખરેખર ધર્મ આવ્યો છે કે નહી તેની આ સાચી પરખ છે. જીવનની અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં તેનું અંતર આકુળ-ઉદ્વિગ્ન બની જાય છે કે નિરાકુળ રહે છે?–સમ રહે છે કે વિષમ બની જાય છે? જ્યાં સમતા છે, નિરાકુળતા છે, અનુદ્વિગ્નતા છે ત્યાં ધર્મ છે? જ્યાં આકુળતા છે, ઉદ્વિગ્નતા છે, ત્યાં અધર્મ છે—વિભાવ છે. ધર્મનો આ સાચો માપદંડ છે; વ્યકિત સમતામાં કેટલી પ્રતિષ્ઠિત થઈ છે? નહી કે ધર્મશાસ્ત્રોની કે નિશ્ચયનયની વાતોનો તે કેટલો પોપટ પાઠ કરી શકે છે, કે કેટલાં પૂજા-સામાયિક-પ્રતિક્રમણાદી અનુષ્ઠાનો તે કર છે કે કેટલાં વ્રત-નિયમ તેણે ધારણ કર્યા છે. દર્શનશાસ્ત્રોની કે નિશ્ચયની વાતોનું રટણ, અનુષ્ઠાનો અન વ્રત-નિયમની પ્રવૃત્તિ —એ બધું આભારિક પણ હોઈ શકે.

સમત્વસાધનાની ત્રણ આધારશિલાઓ

સમત્વના વિકાસ અર્થે વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને જ્ઞાનનો ત્રિપાંખિયો વ્યૂહ અપેક્ષિત છે. ચિત્ત ભોગોથી વિરકત, જીવસૃષ્ટિ પ્રત્યે આત્મતુલ્ય દૃષ્ટિમાંથી જન્મતી સહાનુભૂતિવાળું અને જ્ઞાનથી વાસિત હોય તો સમત્વ સુલભ બને છે. 'જ્ઞાન'થી અહીં જગતના ભાવોની ક્ષણભંગરતાનું ભાન

અને પોતાના નૈશ્ચયિક શુદ્ધ, શાશ્વત સ્વરૂપની પ્રતીતિ–અપરોક્ષ અનુભવ પૂર્વે શ્રુતથી લભ્ય પ્રતીતિ –અપેક્ષિત છે. આ ત્રણેયનો સુભગ સંયોગ થતાં સમત્વ સ્થિર બને.

—નિયંત્રિત ભોગ-ઉપભોગ

ભોગોમાં જે અત્યંત આસક્ત હોય તે સમતા કે ચિત્તશાંતિ મેળવી શકે નહિ. ભોગની કામનાથી તેનું ચિત્ત સદા ક્ષુબ્ધ જ રહેવાનું. તેથી દેહને સાધનાક્ષમ રાખવા માટે અને જીવનયાત્રાના નિર્વાહ અર્થે આવશ્યક હોય તેથી અધિક ભોગઉપભોગ સાધક ટાળે એ ઈચ્છનીય છે. પ્રત્યેક ભોગપ્રવૃત્તિ (કે એનો વિચાર સુધ્ધાં) ચિત્તમાં તેનો સંસ્કાર મૂકતી જાય છે, જેના પરિણામે એ ભોગોમાં પ્રવૃત થવાની ફરી ફરી ઇચ્છા જાગે છે. જેમ કોઇ મુસાફર ધારેલી જગ્યાએ પહોંચે નહીં ત્યાં સુધી માર્ગની અગવડો તથા મુસાફરીનો શ્રમ અનુભવે છે અને તેથી અશાંત રહે છે, તેમ મનમાં ઊઠેલી એક ઈચ્છા પૂરી ન થાય ત્યાં સુધી મન અશાંત રહે છે ને વિક્ષેપનો અનુભવ કરે છે. અનિયંત્રિત ભોગેચ્છાને સંતોષવા જરૂરી સાધન-સામગ્રી મેળવતાં, સાચવતાં અને ભોગવતાં ચિત્તમાં ચિંતા, અજંપો અને સંકુલેશનાં જાળાં બંધાય છે, અને એ નિમિત્તો બીજા જીવો સાથે સંઘર્ષના પ્રસંગો ઉપસ્થિત થતાં પણ વાર લાગતી નથી. તેથી સમત્વ અને ચિત્તશાંતિના અર્થીએ ભોગપ્રવૃત્તિને નિયંત્રિત કરી તેની કામનાને ઘટાડવી રહી- આ હેતુથી સર્વ કાળના જ્ઞાનીઓએ

મુક્તિમાર્ગના પ્રવાસીને પ્રારંભમાં જ પોતાનું જીવન યમ-નિયમ દ્વારા ઘડવાનો અનુરોધ કર્યો છે.

—આત્મીયતા

પોતાનું જીવન યમ-નિયમથી સંયમિત હોવા છતાં, જો બીજાઓના પોતાથી જુદા પડતા વિચારો, ક્ષતિઓ, દોષો અને અપરાધ સુધ્ધાંને શાંતભાવે સહી લેવાની શક્તિ કેળવાઇ ન હોય તો એ ચિત્તને ડહોળાતાં વાર લાગતી નથી. તેથી ક્ષમાની કેળવણીને પણ સાધક જીવનમાં અતિ મહત્ત્વનું સ્થાન અપાયું છે.

મુનિના બીજા બધા ગુણોને ગૌણ કરીને, પ્રત્યેક વાર 'ક્ષમાશ્રમણ' વિશેષણને જ આગળ કરીને, મુનિને વંદન કરવાની પાછળ હેતુ શો છે? તે એ જ સૂચવે છે કે ક્ષમા એ મુનિની સહજ વૃત્તિ બનવી જોઇએ. આ કારણે ઉપશમને સાધુંપણાનો સાર કહ્યો છે. ઉપશમ એટલે 'અપરાધીસુ પણ ચિત્ત થકી, નવિ ચિંત્તવીએ પ્રતિકૂળ.'[૨] બૂરું કરનારનું પણ મન, વચન, કાયાથી અહિત ન ચિંત્તવવું, હિત જ ચિત્તવવું. એ ક્યારે બને? વ્યક્તિએ જેને પોતાનાં માન્યાં હોય છે તેની પ્રત્યે આવું વલણ સહજ હોય છે. જેની સાથે આપણે આત્મીયતા અનુભવીએ છીએ તેના પ્રત્યે ઉદારતા, ક્ષમા અને સહિષ્ણુતા વિના પ્રયાસે આવે છે. આથી મુક્તિમાર્ગના પ્રવાસીએ સમગ્ર જગતના પ્રાણીઓ પ્રત્યે આત્મીયતાનો ભાવ

વિકસાવવો કે આત્મતુલ્યવૃત્તિ કેળવવી આવશ્યક છે. પોતાના સંપર્કમાં આવતા જીવોમાં વિલસી રહેલ ચૈતન્ય-અંશને જ જોવાની દૃષ્ટિ કેળવાઇ હોય તો આ સુલભ બને.

ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે આ તથ્યને વાચા આપતાં કહ્યું છે કે 'શુદ્ધ નયમાં સ્થિત થઇને જે સાધક, જગતના જીવોમાં રહેલ કર્મકૃત વિષમતાને બાજુએ મૂકીને, એમનામાં વિલસી રહેલ ચૈતન્યને જ જુએ છે (અને એ રીતે જગતને નિજાત્માથી અભિન્ન જુએ છે) તેનું સમત્વ અખંડ બને છે.'[3] જગતના જીવોમાં રહેલ ચૈતન્ય-અંશને જ જોવાની દૃષ્ટિ ખૂલતાં, જગતમાં બનતી ચિત્રવિચિત્ર ઘટનાઓથી કે પોતાના સંપર્કમાં આવતી વ્યક્તિઓની ગમે તેવી વિલક્ષણ વૃત્તિ-પ્રવૃત્તિથી, સાધકનાં ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થતો નથી—તેની સમતા ડહોળાતી નથી.

સ્વરૂપ-સ્મૃતિ યાને નિશ્ચયદૃષ્ટિ

સમત્વનો ત્રીજો આધારસ્તંભ છે જ્ઞાન-આનંદમય પોતાના નૈશ્ચયિક શુદ્ધ સ્વરૂપનું જાગૃત ભાન.[4] આપણા બધાં દુઃખદર્દનું મૂળ દેહાત્મબુદ્ધિમાં રહેલું છે. જયાંસુધી આપણે આપણી સાચી ઓળખાણ મેળવી ન લઇએ ત્યાંસુધી તૃષ્ણા નિર્મૂળ થઇ શકતી નથી. ફલતઃ ભય-લોભ-અસંતોષ આદિ વિકારોથી ચિત્તગ્રસ્ત રહે છે અને સમતા લાધતી નથી.

ભોગોપભોગ અતિ નિયંત્રિત હોય અને અન્યની સારી-માઠી પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીનતા પણ કેળવાઇ હોય, તે છતાં, અનિશ્ચિત ભાવિની ભીક ચિત્તમાંથી હઠી નહિં હોય તો, ભાવિનો વિચાર ચિત્તને ક્ષુબ્ધ રાખશે. અનિષ્ટ ભાવિની એ આશંકા પોતાના શાશ્વત શુદ્ધ સ્વરૂપ સાથેના અનુસંધાન દ્વારા જ નિર્મૂળ કરી શકાય છે. નિજના શુદ્ધ ચૈતન્ય તરફ દૃષ્ટિ ગઈ જ નહિ અને દેહમાં જ 'હું'-બુદ્ધિ રહી તો પ્રાપ્ત 'સુખ' હાથમાંથી સરી જવાની કે કશુંક અમંગળ થવાની ધાસ્તી હંમેશ રહેશે– અનિશ્ચિત ભાવિની ભીતિ ચિત્ત ઉપર સવાર થઇ બેસશે.

શુદ્ધજ્ઞાન અને આનંદ એ જ આપણું સાચું સ્વરૂપ છે, અત્યારનું આપણું સમગ્ર વ્યકિતત્વ ભવનાટકના સ્ટેજ પર કર્મના નિદર્શન મુજબનો ક્ષણવાર પૂરતો આપણો એક અભિનય માત્ર છે. આ દુનિયાના મંચ ઉપર વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ કે અનામી ખેતમજુર, ખ્યાતનામ સાક્ષર કે નિરક્ષર ગામડીયા, પાંચમાં પૂછાતા ફિલસૂફ કે પાગલ, ન્યાયાધીશ કે આરોપી, રાષ્ટ્રપતિ કે આજીવન કેદી, વિશાળ અનુયાયીવૃંદથી સેવાતા સંત કે સર્વત્ર હડધૂત થતા હિપ્પી વેશમાં થોડો કાળ ઝબકી જઇ કાળના પ્રવાહમાં આપણે વિલીન થઇ જઇશું. જેમ સ્વપ્નની ઘટનાઓનો આપણા જીવન ઉપર કશો પ્રભાવ નથી તેમ એ સર્વ પ્રાપ્તિઓ કે અભાવોથી આત્માને ન કશો લાભ છે કે ન કશું નુકશાન. ચલચિત્રના

પડદા ઉપર જેમ ચિત્ર-વિચિત્ર અનેક પ્રકારનાં ચિત્રો ક્ષણભર ઝબકી જાય છે, પરંતુ એની કોઇ અસર પડદાને નથી થતી – ચિત્રો પલટાતાં જાય પણ પડદો તો એકસરખો રહે છે; તેમ આપણાં મન-વાણી-કાયાના પર્યાયો કાળના પ્રવાહ સાથે ક્રમશઃ દેખા દઇ વિલીન થઇ જાય છે, જ્યારે એને નીરખનાર ચેતના, પડદાની જેમ, એ પ્રવાહથી અસ્પૃષ્ટ છે. એ શાશ્વત સત્તા છે. મન-વાણી-કાયાના પલટાતા દશ્ય પર્યાયો સાથે નહિ પણ નિજના આ અદૃષ્ટ શાશ્વત સ્વરૂપ સાથે તાદાત્મ્ય અનુભવીને જ આપણે રતિ-અરતિ રાગ દ્વેષ, વિકારો-વાસનાઓ અને માયા-મમતાની પકડમાંથી મુક્ત થઇ શકીશું.

કિંતુ આપણે રૂપ ઉપર જ આપણું ધ્યાન કેન્દ્રિત રાખીએ છીએ ને સ્વરૂપને વીસરી જાઇએ છીએ. જે રૂપ ઉપર આપણે મોહ પામીએ છીએ તે તો પુદ્ગલનો જ એક વિકાર હોવાથી નાશવંત છે. એટલે રૂપ–જે રૂપાંતર પામે છે–તેના ઉપરથી દષ્ટિ ખસેડી લઈ, સ્વરૂપ કે જે શાશ્વત અચલ તત્ત્વ છે તેનું અનુસંધાન કરીશું તો જ ચિત્તમાં સમત્વનું અવતરણ થઇ શકશે.

પૂર્વબદ્ધ કર્મના ફળસ્વરૂપ આપત્તિઓ, મર્યાદાઓ, બાધાઓ, અડચણો અને કષ્ટદાયી સંયોગો તો હરકોઇના જીવનમાં આવે છે, **પણ તે અવસરે એ બધાંની અસરથી પર એવા પોતાના અવિકારી શુદ્ધ શાશ્વત સ્વરૂપનું સ્મરણ સાધકને એમાંથી જન્મતા ચિત્તવિક્ષોભ,**

દૈન્યભાવ અને સંભવિત આર્તધ્યાનમાં અટવાતાં ઉગારી શકે છે. જયાં સુધી માણસ દેહ અને દેહથી સંબંધિત પ્રાણી, પદાર્થ કે પરિસ્થિતિને સ્થિર રાખવા મથે છે, ત્યાં સુધી તેમાં આવતું કોઇ પરિવર્તન કે તેવા કોઇ પણ ફેરફારની સંભાવના માત્ર તેને બેચેન બનાવી મૂકશે. પરંતુ પુદ્ગલકૃત સર્વ સંયોગો–સર્વ ઔદયિક ભાવો, પદાર્થ કે પરિસ્થિતિ–ની ક્ષણિકતાનું ભાન તેમ જ પોતાનાં સુખ-સલામતી-અસ્તિત્વ બાહ્ય વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિથી નિરપેક્ષ છે, એ સમજણ અને વિશ્વાસ જેના ચિત્તમાં સ્થિર થયાં હશે, તે બાહ્ય જગતમાં થતી ગમે તેવી ઊથલપાથલોથી કે ગમે તેવા પ્રતિકૂળ વળાંક લેતી પોતાની બાહ્ય પરિસ્થિતિમાં પણ સંકલ્પગ્રસ્ત નહિ બને.[૫]

આમ, **સમતાના વિકાસ, પોષણ અને સ્થિરતા માટે ઉપર્યુક્ત ત્રણે અંગો આવશ્યક છે;** અને એ ત્રણે પરસ્પર સંકળાયેલાં છે:

૧. સંયમમય જીવન તથા જગત સાથે પ્રેમ અને સહાનુભૂતિવાળો જીવનવ્યવહાર હોય ત્યાં સ્વરૂપજાગૃતિ ટકી શકે છે.

૨. નિજના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની સભાનતાવાળી વ્યક્તિ અન્ય દેહધારીઓમાં પણ, તેમના દેહની ઓથે વિલસી રહેલ, ચૈતન્ય અંશને જોઇ શકે છે; શુદ્ધ

ચૈતન્યની દૃષ્ટિથી જીવસૃષ્ટિને નિહાળનાર સહજભાવે તેના પ્રત્યે આત્મસમ દૃષ્ટિ અને સહાનુભૂતિ રાખી શકે છે.

૩. આત્મસ્વરૂપના જ્ઞાનથી વાસિત તથા જીવસૃષ્ટિ પ્રત્યે પ્રેમ, કરુણા અને સહાનુભૂતિસભર એવા ચિત્તની ભોગપ્રવૃત્તિ, પોતાના બાળકનાં હિત-સુખ અર્થે પોતાનાં સુખ-સગવડની આહૂતિ આપતી વાત્સલ્યમયી માતાની જેમ, આપોઆપ નિયંત્રિત રહે છે.[૬] જ્યાં એ બે આત્મસ્વરૂપનું જ્ઞાન અને જીવસૃષ્ટિ સાથે આત્મીયતા—નો અભાવ હોય ત્યાં જીવનમાં સ્વયંસ્ફુર્ત સંયમ નથી આવતો પરંતુ બહારથી ઓઢી લીધેલાં વિધિ-નિષેધને પકડી રાખવાની મથામણ કરવી પડે છે ને તેમાંથી વખતે દંભ પણ પ્રવેશે છે.

આમ, વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને જ્ઞાન એ ત્રણને પરસ્પર સંબંધ હોવાથી, એ **ત્રણેનો સંયુક્ત પ્રયોગ થાય તો** સમત્વ ખીલી ઊઠે ને જીવન સ્વસ્થ અને પ્રસન્ન બની રહે.

ટિપ્પણ

૧. समलो न विजानीते, मोक्षमार्ग यथास्थितम् ।
मलक्षये पुनस्तस्य, मोक्षमार्गो यथास्थितः ॥
यत्र तत्र स्थितस्यापि, हठादेष प्रकाशते ।

— ઉપમિતિ. પ્રસ્તાવ ૮, શ્લોક ૯૦૩–૪

૨. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય, ઢાળ ૮, ગાથા ૧.

3. जगज्जीवेषु नो भाति, द्वैविध्यं कर्मनिर्मितम् ।
यदा शुद्धनयस्थित्या, तदा साम्यमनाहतम् ॥

—અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૮.

૪. (i) स्वगुणेभ्योऽपि कौटस्थ्या—देकत्वाध्यवसायतः ।
आत्मारामं मनो यस्य, तस्य साम्यमनुत्तरम् ॥

—એજન. સમતાધિકાર, શ્લોક ૯.

(ii) भवतु किमपि तत्त्वं, बाह्यमाभ्यंतरं वा ।
हृदि वितरति साम्यं, निर्मलश्चिद्विचारः ॥

—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ૦ શ્લોક- ૬૧.

(iii) ... सदा चिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्य-
मुपैति योगी ॥

—એજન, સામ્યયોગ૦ શ્લોક ૨.

૫. स्वप्रयोजन संसिद्धिः स्वायत्ता भासते यदा ।
बहिरर्थेषु संकल्प-समुत्थानं तदा हतम् ॥

—અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૬.

૭

તપનો સર્વશ્રેષ્ઠ પ્રકાર —ધ્યાન-કાયોત્સર્ગ

આપણા આત્મનિષ્ઠ પૂર્વજોએ શુદ્ધ સ્વરૂપના અનુસંધાનને અને ધ્યાનાભ્યાસને સર્વોત્કૃષ્ટ તપ ગણ્યું છે; કારણ કે એનાથી એક ક્ષણમાં જે અઢળક કર્મનિર્જરા થઇ શકે છે તેની સરખામણીમાં ઉપવાસ કે માસખમણ આદિ એકલા બાહ્ય તપ દ્વારા થતી કર્મનિર્જરા કંઇ વિસાતમાં નથી (—જુઓ પ્રકરણ ૫ પૃષ્ઠ ૪૫ 'વિવેકપૂત તપ-ત્યાગ' શીર્ષક હેઠળ થયેલ વિવેચન). શાસ્ત્રકારોએ અસંદિગ્ધ શબ્દોમાં ફોડ પાડયો કે છે પરમપદની પ્રાપ્તિ અર્થે જ્ઞાનયોગનું અવલંબન આવશ્યક છે.[૧] મુક્તિનું દ્વાર આત્મજ્ઞાન છે, અને તે ધ્યાનસાધ્ય છે.[૨] કિંતુ, એ વાત આપણા સંઘમાં એટલી હદે વિસારે પડી

ગઈ છે કે જ્ઞાનયોગ અર્થાત સ્વરૂપજાગૃતિ અને ધ્યાનસાધના પ્રત્યે આજે ભાગ્યે જ લક્ષ અપાય છે.

પૂર્વે જૈન સાધનામાં ધ્યાન અગ્રસ્થાને રહ્યું છે, પણ એ પરંપરા લુપ્ત થઈ છે; આજે એ સૌથી વધુ ઉપેક્ષિત અંગ બન્યું છે. ત્યાગી વર્ગમાં આરાધક ભાવવાળાં વર્તુળોમાં સાધકોને પોતાની સાધનામાં રહેતી તપની, શાસ્ત્રાધ્યયનની કે ક્રિયાકાંડની ઊણપ આજે ખટકે છે—શાસ્ત્રાધ્યયન ઓછું થયું હોય તો એને કંઈક ન્યૂનતા લાગે છે, ઉપવાસાદિ બાહ્ય તપ ન થઇ શકતું હોય તો એ ખેદ અનુભવે છે, ક્રિયામાં રહેતી ઊણપ કે સ્ખલના એને ખૂંચે છે; પરંતુ વર્ષોનો દીક્ષાપર્યાય થવા છતાં ધ્યાનમાં પ્રવેશ કે પ્રગતિ ન થઈ શક્યાં એનો રંજ આરાધક રુચિવાળાં એ વર્તુળોમાં યે આજે બહુધા દેખાતો નથી !

ધ્યાનાભ્યાસની આ ઉપેક્ષાનું પરિણામ આપણે આજે જોઇ–અનુભવી રહ્યાં છીએ. દીક્ષાનું મહત્ત્વ બતાવતાં આપણે કહીએ છીએ કે 'મુનિ રાજરાજેશ્વર કરતાં યે અધિક સુખી હોય છે; જેમ જેમ તેનો દીક્ષા પર્યાય વધતો જાય તેમ તેની સમતા અને પ્રશમસુખ વધતાં જાય છે. એક માસના દીક્ષા-પર્યાયે મુનિ વાણવ્યંતર દેવોના સુખને ટપી જાય, અને એક વર્ષનો દીક્ષાપર્યાય થતાં થતાં તો સર્વશ્રેષ્ઠ–અનુત્તર–દેવો કરતાં યે વધુ સુખ અને પ્રસન્નતા મુનિને વરે છે.' પણ આજે શી પરિસ્થિતિ છે ? દીક્ષાપર્યાયની વૃદ્ધિ સાથે પ્રથમ

સુખની વૃદ્ધિનો કોઇ અનુપાત–ratio આજે આપણે આપી શકીએ એવું છે ખરું? આંતરસાધનામાં ડૂબકી મારનાર આપણા પૂર્વજોએ ઉદ્‌ગાર કાઢયા છે કે—

"હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ધ્યાનમેં, પ્રભુ ધ્યાનમેં;
બિસર ગઈ દુવિધા તન મન કી, અચિરાસુત ગુન જ્ઞાનમેં.
હરિહર બ્રહ્મ પુરંદર કી રિદ્ધિ, આવત નાંહિ કોઉ માનમેં;
ચિદાનંદ કી મોજ મચી હૈ, સમતા રસ કે પાનમેં."

"દરશન થેં નવનિધિ મેં પાઈ,
દુઃખ દોહગ સવિ દૂર ટલ્યો હો;
ડરત ફિરત હૈ દૂર હી દિલ થેં,
મોહમલ્લ જિણે જગત્રય છલ્યો હો."[3]

"અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારણ મિથ્યાત્વ દીઓ તજ,
કયું કર દેહ ધરેંગે?
અબ હમ અમર ભયે ન મરેંગે."[4]

આ તૃપ્તિ અને આત્મમસ્તીની ખુમારી અર્પનાર તત્ત્વ કયું?—એનો કંઈક અણસાર આ ઉદ્‌ગારોમાંથી જ જિજ્ઞાસુઓ મેળવી શકશે.

તન-મનને ભૂલી જઈ પ્રભુના ધ્યાનમાં મગ્ન થતાં ઉપરોક્ત અનુભૂતિ થઈ છે, અર્થાત્ અરિહંત સાથેની અભેદાનુભૂતિનું એ પરિણામ છે. વૈરાગ્ય દૃઢ કરવાના

પ્રયાસમાં આજે આપણે આપણી આસપાસના જીવ-જગત અને જડ-જગત સાથેના આપણા ભેદની ભાવનાને દૃઢ કરવા મથામણ કરીએ છીએ, પરંતુ જગતના સર્વ જીવો સાથે અને અરિહંત સાથે આપણો જે અભેદ છે—એ બેની સાથે આપણે ચૈતન્યની જે સગાઈ છે—તે ભાવિત કરવાનો પ્રયાસ કેટલો થાય છે? અરિહંત સાથે આપણો અભેદ છે તે ભાવિત થાય તો નિર્ભય બનાય. ભેદથી ભય, અભેદથી અભય આવે.

આરાધનામાં સાધક જેમ જેમ પ્રગતિ કરે તેમ તેમ એનું ચિત્ત નિર્મળ થતું જાય. શુદ્ધિ વધતાં, તેની ચંચળતા ઓછી થાય અને તે વધુને વધુ શાંત અને સ્થિર થતું જાય. ચિત્તની ડખલ ઓછી થતાં આત્માનો પ્રકાશ સાધકના ચિત્તને ભરી દે છે. જે તેના સમગ્ર જીવન-વ્યવહારમાં પ્રગટ થતો રહે છે.

આ રીતે સાધનામાં એકધારી પ્રગતિ કરતો સાધક, પોતાના અંતરનાં ઊંડાણમાં વધુને વધુ ડૂબકી મારતો રહી, પોતાના દેહ મને કર્મનિર્મિત વ્યક્તિત્વથી ભિન્ન નિજ શુદ્ધ સ્વરૂપ સાથે પોતાનું અનુસંધાન વધારતો જાય તો કોઇ ધન્યપળે અરિહંત સાથેના પોતાના અભેદનો તેને અનુભવ થઈ જાય છે—તેને પોતાના સત્ય સ્વરૂપનો પ્રત્યક્ષ પરિચય મળી જાય છે. પોતાના અલૌકિક, અવિનાશી, આનંદસ્વરૂપની અનુભૂતિ થતાં, દેહ અને વ્યક્તિત્વના બાહ્યપડને વીંધીને,

તે પોતાની અંદરના વાસ્તવિક તત્ત્વને—આત્માને— તેના મૂળરૂપે ઓળખી લે છે. એના પરિણામે મળતી ધન્યતા, શાંતિ ને શક્તિથી એનું જીવન સભર બની જાય છે.

આવા એકાદ અનુભવથી પણ માણસનું આંતર પોત બદલાઈ જાય છે. એ પછી, સમગ્ર જીવસૃષ્ટિ માટે એના અંતરમાં પ્રેમ ઊભરાય છે; અને એને પ્રતીતિ થઇ જાય છે કે ઇન્દ્રિયો અને વિષયો જે તૃપ્તિ નથી આપી શકતાં એવી અતીન્દ્રિય તૃપ્તિ માટે એણે માત્ર પોતાની અંદર ઠરવાની જ જરૂર છે—પોતાના સુખ-સલામતી માટે પર તરફ મીટ માંડીને બેસવાની આવશ્યકતા નથી. આ પ્રતીતિ મળતાં અનિશ્ચિત ભાવિની ચિંતા ચિત્ત ઉપર સવાર થઇ એને વ્યાકુળ બનાવી શકતી નથી.

જ્યાં સુધી માણસ પોતાના સત્ય સ્વરૂપનો સ્પર્શ પામતો નથી ત્યાંસુધી જ અંધારા ભાવિની આશંકા અને અચોક્કસતાથી તે ઘેરાએલો રહે છે. નિજના નિર્વિકાર-શાશ્વત-સ્વરૂપનો શાંત સહવાસ અનુભવનાર વ્યક્તિ દુન્યવી આશા-તૃષ્ણાઓની પકડમાંથી મુક્ત બની જાય છે, જીવનમાં આવતા વિવિધ ઝંઝાવાતોને ભયભીત થયા વિના પાર કરી શકે છે અને, પ્રલોભનોમાં સ્વસ્થ રહી શકે છે.

ધ્યાન : સ્વભાવમાં ઠરવાનો સઘન પ્રયાસ

અંતસ્થ પરમતત્ત્વનો—આત્માનો સંસ્પર્શ પામીને તેમાં મગ્ન રહેતા અંતર્મુખ સાધકો સંયમ-પર્યાયની વૃદ્ધિ સાથે

તેજોલેશ્યાની–અર્થાત્ ચિત્તશુદ્ધિ અને પ્રશમસુખની–વૃદ્ધિનો અનુભવ કરતા રહી, આ જીવનમાં જ મુક્તિસુખનો આસ્વાદ માણી શકે છે.[૫] માટે, યમ-નિયમ-સંયમ-તપ-જપ-ક્રિયાકાંડ, અને સ્વાધ્યાય સાથે ધ્યાનનો અભ્યાસ[૬] તથા સમગ્ર જીવન-વ્યવહારમાં યથાવસરે નિજના શુદ્ધ સ્વરૂપનું અનુસંધાન રાખવા સાધકોને જ્ઞાનીઓએ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.[૭]

પર વિષયક સમસ્ત વિકલ્પોથી ઉપર ઊઠી સ્વભાવમાં–શુદ્ધ જ્ઞાયકભાવમાં–ઠરવું એ આપણી સમગ્ર સાધનાનું લક્ષ્ય છે.

વિવેક અને વૈરાગ્ય પ્રગટ્યા પછી, પ્રણિધાનપૂર્વક, પરમાંથી હઠી સ્વભાવમાં ઠરવાનો સઘન પ્રયાસ એનું જ નામ છે ધ્યાનસાધના; અને, ધ્યાનમાં લીન રહી દેહાત્મભાવથી ઉપર ઊઠવા અર્થે કાયોત્સર્ગની સાધના શ્રી જિનેશ્વરદેવોએ પ્રબોધી છે. એ સર્વોત્કૃષ્ટ તપ છે.

ધ્યાન વિના કાયોત્સર્ગ સંભવે?

કાયોત્સર્ગની યથાર્થ આરાધના ધ્યાનના સાથ વિના શક્ય નથી એ વાત કાયોત્સર્ગની પ્રતિજ્ઞામાં ('અન્નત્થ ઉસસિએણં' સૂત્રમાં) બહુ જ સ્પષ્ટ રીતે કરી દેવામાં આવી છે : "ताव कायं ठाणेण मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि।" આ પદોનો અર્થ એ છે કે "ત્યાં સુધી એક આસને સ્થિર થઈને, મૌન-પૂર્વક, **ધ્યાનમાં રહીને** મારી કાયા હું વોસિરાવું છું.

ધ્યાનાભ્યાસની આપણે જો સમૂળગી ઉપેક્ષા જ કરતા રહીશું તો તપના આ સર્વશ્રેષ્ઠ પ્રકાર – કાયોત્સર્ગ – ની યથાર્થ આરાધના આપણાથી કઇ રીતે થઈ શકવાની ?

આત્મ સાધનામાં ધ્યાનનું મહત્ત્વ

એ ન વીસરીએ કે ધ્યાન એ અભ્યંતર તપનો એક પ્રકાર છે; અને તે અનશન આદિ બાહ્ય તપથી જ માત્ર નહિ પણ અભ્યંતર તપનાયે સ્વાધ્યાયાદિ અન્ય પ્રકારો કરતાં ઘણી વધુ–અનેકગુણ અધિક–નિર્જરા કરાવનાર પ્રકાર છે.' તપ-સયંમ-સ્વાધ્યાય સાથે ધ્યાનનો સુભગ યોગ થયે જ સાધનાનાં રહસ્યો પ્રાપ્ત થાય છે. ધ્યાનના સાથ વિના, એકલા અનશન-ઉપવાસાદિ બાહ્ય તપ કે શાસ્ત્રાધ્યયનથી નથી આરાધનાનું હાર્દ હાથ આવતું કે નથી આત્મવિકાસની ઉપલી કક્ષાઓની પ્રાપ્તિ થતી. યથાર્થ વૈરાગ્ય માટે અર્થાત્ ઇન્દ્રિયોનું વિષયસુખ પ્રત્યેનું આકર્ષણ તોડવા માટે પણ ધ્યાનનો સાથ જરૂરી છે; તેના વિના વિષયો છોડી શકાય છે પણ તેમાં પ્રીતિ–રસ રહી જાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવી આપનાર 'સમાપત્તિ' પણ ધ્યાનના ફળ સ્વરૂપે પ્રાપ્ત થતો એક અનુભવ છે; એ એક એવો અનુભવ છે જેમાં ધ્યાતાને અરિહંત સાથે પોતાની એકતા અનુભવાય છે અર્થાત્ હૃદયસ્થ પરમાત્મસ્વરૂપનું 'દર્શન' લાધે છે.

આથી, જૈન સાધના-પદ્ધતિમાં ધ્યાનને મહત્ત્વભર્યું સ્થાન અપાયલું છે, મુનિની દિનચર્યામાં, દિવસ અને રાતના

મળીને, ઓછામાં ઓછા બે પ્રહર–પાંચ છ કલાક–ધ્યાનના અભ્યાસ અર્થે ફાળવવાનો અનુરોધ શ્રી મહાવીર પ્રભુએ સ્વમુખે પોતાની અંતિમ દેશનામાં પણ કર્યો છે.[૧૦]

સિદ્ધાંતરક્ષા અને જિનાજ્ઞા પ્રત્યેની વફાદારીની પોતાની ટેકના ઘૂઘરા વગાડનાર આપણા ત્યાગી વર્ગે એ આંતરખોજ કરવી રહી કે એની ખુદની દિનચર્યાને સ્પર્શતી – અને, સાધનાની દૃષ્ટિએ અતિ મહત્ત્વની—આ સ્પષ્ટ જિનાજ્ઞા પ્રત્યે તે સાવ આંખમિચામણાં કેમ કરી રહ્યો છે? શું એની એ ઉપેક્ષા જિનાજ્ઞા પ્રત્યેની નિષ્ઠાની એની વાતોની પોકળતા છતી નથી કરી દેતી? અને, એ ઉપેક્ષા એની મુમુક્ષામાંયે શું આ શંકા નથી જન્માવતી?

ટિપ્પણ–૭

૧. आवश्यकादिरागेण, वात्सल्याद्भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि, न याति परमं पदम् ।
ज्ञानयोगस्तपः शुद्ध-मात्मरत्यैकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनीभावा-त्स मोक्षसुखसाधकः ॥

અધ્યાત્મસાર, યોગાધિકાર, શ્લોક ૪–૫.

૨. (i) आत्मज्ञानफलं ध्यान-मात्मज्ञानं च मुक्तिदम् ।

(ii) યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૧૧૩, (જુઓ પ્રકરણ ૩ ટિપ્પણ ૩

૩ ઉપાધ્યાય યશોવિજયજી, ગૂર્જર સાહિત્યસંગ્રહ, ભાગ ૧,
ક્રમશઃ પૃષ્ઠ ૭૫ અને ૮૩.

૪ અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ.

૫ (i) જ્ઞાનસાર, મગ્નતાષ્ટક, શ્લોક ૧–૫.

(ii) तेजोलेश्या विवृद्धिर्या पर्यायक्रमवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥

—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ. શ્લોક ૧૪.

૬. (i) स्वाध्यायात् ध्यानमध्यास्तां, ध्यानात् स्वाध्यायमामनेत् ।
ध्यानस्वाध्याय संपत्त्या, परमात्मा प्रकाशते ॥

—તત્ત્વાનુશાસન, અધ્યાય ૩, શ્લોક ૭ (૮૧).

(ii) पढमपोरिसिं सज्झायं, बीयं झाणं झियायई ।
तश्याए मिक्खायरियं पुणो चमुत्थीए सज्झायं ॥

—ઉત્તરાધ્યયનાસૂત્ર, અ. ૨૬, ગાથા ૧૨.

૭. (i) अन्तरंगयत्न एव साधूनामपेक्षितो ... न तु बहिरंग एवेति दृढयन्नाह –

जत्तो अ अंतरंगो अज्झप्पज्झाण जोगओ जुत्तो ।
जं एसो च्चिय सारो सयलंमि वि जोगसत्थंमि ॥

टीका–यत्नश्चातरंगोऽध्यात्मध्यानयोगत आत्मन्येवै–
काग्रचित्तव्यापाराद् विद्यमान क्लिष्ट चित्त निरोधलक्ष–
णोपेक्षासंयमाद् युक्तः । यद् यस्मादेष एवाध्यात्मध्यान–
योग एव सकलेऽपि योगशास्त्रे सारः ।
एअंमि परिणमंते आणंदस्साविं होइ परिवुड्ढी ।
एवं चिय साहूणं जीवन्मुत्तत्तणं जुत्तं ॥

—ઉપદેશ રહસ્ય, ગાથા ૧૯૦–૧૯૧.

(ii) सहजं आयसरूवं भावेयव्वं जहावसरम् ।
टिका– सहजमविकृतात्मस्वरूपं कुटस्थस्वभावलक्षणम्,
भावितव्यं ध्यातव्यम् ।

—એજન, ગાથા ૧૯૮,.

૮. आतुरैरपि जडैरपि साक्षात् सुत्यजा हि विषया न तु रागः ।
ध्यानवांस्तु परमद्युतिदर्शी, तृप्तिमाप्य न तमृच्छति भूयः ॥

—અધ્યાત્મસાર, ધ્યાનસ્તુત્યધિકાર, શ્લોક ૨.

૯. (i) ....हृदयस्थे–ध्यानसाक्षात्कृते जिने सति भवेत् समरसापत्तिः
समतापत्तिः । या ध्यानस्य परं प्रकृष्टं फलम् ।

—દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા. ૨, શ્લોક ૨૫ ની ટિકા

(ii) ' समापत्तिर्ध्यानतः स्पर्शना ' ।

—યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૬૪ ની ટીકા.

(iii) सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ।
टीका—सैवेह प्रस्तुता समपत्तिरभिसंबध्यते, योगीमाता—
योगिजननी, योगी चेह सम्यक्त्वादिगुणः पुरुषः ।

—ષોડશક પ્રકરણ, ષો. ૨, શ્લોક ૧૫.

૧૦, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૨૬, ગાથા ૧૧,૧૨ અને ૧૭,૧૮.

૮

આરાધનાના પ્રાણ : નિશ્ચયદૃષ્ટિ

યોગેશ્વર શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલ, મુનિ અને શ્રાવક ઉભયની સઘળીયે બાહ્ય ચર્યાનું લક્ષ્ય તો ધ્યાનયોગમાં પ્રગતિ અને તે દ્વારા સાધકને નિજ શુદ્ધ સ્વરૂપ સુધી દોરી જવાનું જ રહ્યું છે.[1] માર્ગાનુસારી જીવનથી આરંભીને, શ્રાવકનાં વ્રત-નિયમ અને બાહ્ય અનુષ્ઠાનો તથા સર્વવિરતિની સમગ્ર જીવનચર્યાની યોજના એ રીતની છે કે તે દ્વારા પ્રારંભિક કક્ષાએ સાધકના વિચાર-વર્તનની સ્થૂળ અશુદ્ધિઓ દૂર થતી જાય અને શુભ વૃત્તિ-પ્રવૃત્તિઓમાં તે વધુ ને વધુ વિકાસ સાધે. પણ, પછી એ શુભ વિચાર-વર્તનથી સંતોષ માનીને તે અટકી ન જાય; કિંતુ સાત્ત્વિક અહંકારથી ઉપર ઊઠવા પ્રયાસ આદરે, અને તે માટે, શુભથી પણ પર અને મનથી

પેલે પાર રહેલ, નિજ શુદ્ધ સ્વરૂપનું અનુસંધાન કરે.[૨] ત્યાગી વર્ગ માટે તો એ જ મુખ્ય સાધના છે.[૩]

કિંતુ, આજે શ્વેતાંબર સંપ્રદાયમાં તો મોટા ભાગના ત્યાગીઓ તેમજ આરાધક ગણાતા ગૃહસ્થો જ્ઞાનયોગની–શુદ્ધ સ્વરૂપની કે નિશ્ચયદૃષ્ટિની– વાત તટસ્થ ભાવે ને સ્વસ્થ ચિત્તે સાંભળવા યે તૈયાર નથી. જાણે ધર્માંરાધનાને અભડાવનારી વાત હોય તેમ નિશ્ચયદૃષ્ટિથી એ વર્ગ દૂર રહે છે– ધર્મની આરાધનાથી નિશ્ચયદૃષ્ટિને વેગળી રાખવા એ કટીબદ્ધ રહે છે. ફલતઃ વૃત્તિનો ઢાળ બદલવાની ધર્માંરાધનાની મૂળભૂત વાત ઉપર એનો ઝોક કે ભાર ન રહેતાં, એનો બધો જ ભાર પ્રવૃત્તિ બદલવા ઉપર— વ્રત–નિયમો, ક્રિયાકાંડ અને ધાર્મિક અનુષ્ઠાનો કરવા-કરાવવા ઉપર—કેન્દ્રિત થાય છે.

ચિત્તનું શોધન અને નિશ્ચયદૃષ્ટિ

વ્યવવહારનો ઝોક સામાન્યતઃ કાયિક ક્રિયા ઉપર—પ્રવૃત્તિના બાહ્ય પોત ઉપર રહે છે. નિશ્ચય સ્વરૂપના લક્ષપૂર્વક ચિત્ત શુદ્ધિ માગે છે.

પ્રવૃત્તિ બદલાય—તેની અશુદ્ધિ ટળે એ ઇષ્ટ છે, પણ કર્મબંધનું પ્રધાન કારણ કાયાની પ્રવૃતિ નહિ પણ મન છેઃ આ વાત મુમુક્ષુના અંતરમાં સદા કોતરાયેલી રહેવી જોઇએ. આ તથ્ય સમજવા શાસ્ત્રોનું ઊંડું અવગાહન કરવા જવું

પડે તેમ નથી. પ્રસન્નચંદ્ર રાજર્ષિના પ્રસિદ્ધ દૃષ્ટાંત ઉપર થોડું મનન કરતાં આ વાત સ્પષ્ટ સમજાઇ જશે. બાહ્ય બધા જ આરંભ-સમારંભથી નિવૃત્ત થઈ કાયોત્સર્ગની મુદ્રામાં રહી અકિંચન મુનિ તરીકે બાહ્ય સર્વ કષ્ટ વેઠી રહ્યા હોવા છતાં સાતમી નરકે લઈ જાય એવાં કર્મ પરમાણુઓ તેમણે એકઠા કર્યા ત્યારે, અને થોડીવાર પછી એ બધી કર્મરજ ખંખેરી નાંખીને, અનુત્તર દેવલોકમાં લઇ જાય એવા શુભ કર્મપરમાણુઓ એમણે એકઠા કરી લીધા ત્યારે, અને ક્ષણ પછી એ શુભ કર્મપરમાણુઓને પણ ખંખેરીને મુક્ત થઇ ગયા ત્યારે એમની બાહ્ય ચર્યા તો એકસરખી જ રહી હતી —મુનિવેશે ટાઢ-તડકો સહન કરતા એ કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિત હતા. ફરક પડયો હતો તે માત્ર એમનો ચિત્તની સ્થિતિમાં જ.

વિકારો, વાસનાઓ, માયા-મમતા અને રાગદ્વેષનું ઉત્પત્તિસ્થાન ચિત્ત છે. એટલે એ વિકારોથી મુક્ત થવા ઇચ્છનારે ચિત્તનું જ સંશોધન કરવું રહ્યું. બાહ્ય જીવનમાં તપ-ત્યાગ તિતિક્ષા આવે પણ ચિત્તવૃત્તિમાં ફેર ન પડયો હોય-ચિત્તમાં આકાંક્ષા વૈભવની–ભૌતિક સુખપ્રાપ્તિની જ રહી હોય તો ચિત્તના વિકારો, વાસનાઓ અને રાગ-દ્વેષ સમૂલ નષ્ટ કયારેય ન થઇ શકે. એટલે મહાવીર પ્રભુએ ફોડ પાડયો છે કે "આત્મજ્ઞાન વિના જીવનદૃષ્ટિ સમ્યગ્ ન બને; દૃષ્ટિ સમ્યગ્ થયા પછી જ જ્ઞાન અને ચરિત્ર સમ્યગ્ બને." આથી, જ્ઞાની પુરુષો તેમના સમાગમમાં આવનાર વ્યક્તિઓની

જીવનદૃષ્ટિમાં અને વૃત્તિમાં શુદ્ધિ લાવવાનું લક્ષ રાખે છે; ક્ષુલ્લક વ્રત-નિયમો કે તપત્યાગની બાધાઓ આપવાનો આગ્રહ તેઓ રાખતા નથી. તેમને પ્રતિતિ હોય છે કે ચિત્ત શુદ્ધિ વિનાના બાહ્ય ત્યાગનું મૂલ્ય મુક્તિપથમાં શૂન્ય છે, જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવા માટે, સ્વીકૃત ખોટાં જીવનમૂલ્યો પ્રત્યે વ્યક્તિને સ્વયં વિચાર કરતી કરી, એને નિશ્ચયદૃષ્ટિ પણ આપવી રહી. પોતા વિશેની ભ્રાન્તિ ટળી સાચું ભાન જાગૃત થતાં એની વૃત્તિનો ઢાળ સ્વયં બદલાશે. વૃત્તિ બદલાતાં પ્રવૃત્તિ તો આપમેળે સુધરે જ છે. પ્રવૃત્તિ તો અંતઃસ્થ વૃત્તિનો પડઘો-પડછાયો જ માત્ર છે. 'પ્રથમ દર્શન, પછી ચારિત્ર' એ સુત્રનું રહસ્ય છે.

વાસ્તવમાં, નિર્મળ ચિત્તનો ઉદય એ જ ધર્મ છે— 'ધર્મસ્તાવત્ પુષ્ટિશુદ્ધમનૂ ચિત્તમેવ, ચિત્ત નિર્મળ ન થયું તો કાયાથી થતી પ્રવૃત્તિનાં બાહ્ય આકાર-પ્રકારે ભલે તપ, ત્યાગ, ક્ષમા, સંયમ, દાન, હિંસાનિવૃત્તિ આદિ સ્વરૂપ હોય પણ એથી ભવબંધન કપાતાં નથી.

ચિત્તને વિકારો – વાસનાઓથી દુષિત થતું અટકાવવા માટે અને ચિત્તવૃત્તિમાંની મલિનતા – સ્વાર્થ, માયા-મમતા–

---

* આ તથ્યની વિસ્તૃત અને વિશદ સમીક્ષા માટે જુઓ લેખકકૃત 'આપણે આત્મ નિરીક્ષણ કરીશું ?' પુસ્તક–વિશેષતઃ તેનું ચોથું પ્રકરણ.

અહં-મમ અને મોહ–ને દુર કરવા માટે નિશ્ચયદષ્ટિનું અવલંબન આવશ્યક છે :

> જેહ અહંકાર-મમકારનું બંધન,
> શુદ્ધ નય તે દહે દહન જિમઇંધન;
> શુદ્ધ નય દીપિકા મુકિતમારગ ભણી,
> શુદ્ધ નય આથી છે સાધુને આપણી.

સાધુની–મુક્તિપથના પ્રવાસીની મૂડી કઇ ? એનો જવાબ આપતાં શાસ્ત્રકાર મનીષી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે અહીં 'શુદ્ધ નય આથી છે સાધુને આપણી' – શુદ્ધનય અર્થાત્ નિશ્ચયદષ્ટિ એ મુક્તિપથિકની પૂંજી છે.

> "નિશ્ચયદષ્ટિ હ્રદય ધરીજી, પાળે જે વ્યવહાર'
> પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર."

આ પંક્તિઓ આપણો આરાધક ગણાતો વર્ગ રટતો રહે છે, પણ નિશ્ચયના લક્ષપૂર્વકનો વ્યવહાર મુક્તિસાધક છે એ તથ્ય ભૂલી જઈ, બહુધા અશુદ્ધ વ્યવહાર અર્થાત્ વ્યવહારનો આભાસ જન્માવતી સંસારવર્ધક 'ધર્મપ્રવૃત્તિ' ને જ બાથ ભીડી તે દોડયે રાખે છે એવું નથી લાગતું? આના મૂળમાં નિશ્ચયદષ્ટિની આપણી સૂગ કારણભૂત છે.

પારમાર્થિક અહિંસા શું છે ?

નિશ્ચયદષ્ટિના ઉઘાડ વિના અહિંસા, અપરિગ્રહ આદિ સંયમયોગોની સાચી સમજ પણ લાધતી નથી. ઉદાહરણ

તરીકે અહિંસા લઈએ. અહિંસા અર્થાત્ છ જીવનિકાયની રક્ષા સંયમધર્મના પ્રાણ મનાય છે. પરંતુ જ્ઞાનીઓ વિવેકહીન મિથ્યાદષ્ટિ અબોધ વ્યક્તિની બાહ્ય હિંસા-નિવૃત્તિનું મુક્તિસાધન તરીકે બહુ મૂલ્ય આંકતા નથી. પારમાર્થિક દષ્ટિએ હિંસા-અહિંસાનો આધાર આંતરિક વિવેક ઉપર છે. માત્ર સ્થૂલ કર્મ ઉપર નહિ. 'पठमं नाणं तओ दया।' સૂત્ર આપીને, તેનું વિવેચન કરતાં શ્રી મહાનિશીથ સૂત્ર કહે છે કે જ્ઞાનમાંથી પ્રગટતી દયા અર્થાત્ અન્ય જીવો પ્રત્યે આત્મતુલ્ય વૃત્તિમાંથી –આત્મસમદર્શીત્વના ભાવમાંથી – જન્મતી દયા અને, તેના ફલસ્વરૂપ અન્યને લેશમાત્ર દુઃખ ન પહોંચે એ રીતે જીવવાની કાળજી એ સાચી અહિંસા છે. એનું જ મુક્તિપથમાં મૂલ્ય છે.[5] આત્મસમદર્શીત્વમાંથી ઉદ્ભવતી પરપ્રાણરક્ષારૂપ એ વ્યવહાર અહિંસાનું યે આખરી પ્રયોજન તો સ્વભાવપ્રાણની રક્ષા અર્થાત્ નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરવાનું જ છે.–[6] આ લક્ષ્ય વિના બાહ્ય સંયમ એ ચારિત્રધર્મનું નિષ્પ્રાણ ખોળિયું જ માત્ર છે.

"વિના દ્રવ્ય-અનુયોગ વિચાર, ચરણ-કરણનો નહિ કો સાર;
સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઇસ્યું, તે તો બુદ્ધજનને મન વસ્યું."[7]

દ્રવ્યાનુયોગના નિષ્કર્ષરૂપ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' નામના ગુજરાતી ભાષામાં રચાયેલ પણ વિદ્વત્ભોગ્ય ગ્રંથના પ્રારંભમાં જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે ઉપર્યુક્ત તથ્યનો ઉદ્ઘોષ કરીને, એના ઉપર વિવેચન કરતાં ફોડ પાડ્યો

છે કે અહિંસાનું પૂર્ણ પાલન થાય તે માટે મુનિને બેંતાલીસ દોષ રહિત શુદ્ધ ભિક્ષા લેવાનું વિધાન છે, કિંતુ જ્યારે એવી કોઇ વિષમ પરિસ્થિતિ ઉપસ્થિત થઇ હોય કે શુદ્ધ ભિક્ષા અને દ્રવ્યાનુયોગની ભાવના-વિચારણા-અધ્યયન-ચિંતન એ બેમાંથી એક જ સાચવી શકાય એમ હોય ત્યારે શું કરવું ? એનો ઉત્તર આપતાં તેમણે લખ્યું કે

"શુદ્ધાહારાદિક તનુયોગ, મોટો કહિઓ દ્રવ્ય-અનુયોગ;
એ યોગે જો લાગે રંગ, આધાકર્માદિક નહીં ભંગ."૮

નિર્દોષ ભિક્ષાથી નિર્વાહ કરવો એ નાનો સંયમ યોગ છે, આત્મચિંતન/આત્મરમણતા એ પ્રધાન યોગ છે. મુનિ જો દ્રવ્યાનુયોગના અધ્યયન-મનનમાં એવાં લીન હોય કે જેથી તે સતત જ્ઞાનોપયોગમાં રહી રતિ-અરતિના ઝુલે ચડયા વિના સ્વરૂપ જાગૃતિપૂર્વક દષ્ટા ભાવે પોતાની સર્વ પ્રવૃત્તિ કરી રહ્યા હોય તો એમને માટે સદોષ ભિક્ષાનો દોષ રહેતો નથી.

સયંમ-અસંયમ વચ્ચેની આ સૂક્ષ્મ ભેદરેખા આગમના વિધિનિષેધોનું ચિંતન-મનપૂર્વક ગંભીર અવગાહન થાય તોજ સ્પષ્ટ થાય છે; આગમના માત્ર શબ્દોને ઉપર ઉપરથી જોઈ જવાથી યથાર્થ મોક્ષમાર્ગ હાથ લાગતો નથી. વ્યવહારનો પ્રાણ નિશ્ચય છે, માટે નિશ્ચય-દષ્ટિના જ્ઞાનથી મુમુક્ષુને સદા અજાણ રાખવો એ એના હિતમાં નથી.

લક્ષ્યની દિશાના જ્ઞાન વિનાની એકલી ગતિ ઈષ્ટ સ્થાને પહોંચાડે ? વ્યવહારની ગતિને નિશ્ચય નિશ્ચિત દિશા આપે છે. એટલે નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં રાખીને થતા વ્યવહારના પાલનને કાર્યસાધક કહ્યો છે. જે નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં રાખીને વ્યવહારનું પાલન કરવાનું છે, તે નિશ્ચયદૃષ્ટિ શી ચીજ છે તે જાણવા-જણાવવાની વાતથી પણ આપણે જો ભડકતા રહીશું તો એને હૃદયમાં સ્થાન શી રીતે મળશે ?

એકાંગી ધર્મારાધનાનાં કેટલાંક ભયસ્થાનો

નિશ્ચયદૃષ્ટિનું એક ભય સ્થાન છે ખરું. નિશ્ચય-દૃષ્ટિના-જ્ઞાન કે વિચાર ઉપર ભાર આપતા-કથનના આધારે વિવેકહીન વ્યક્તિઓ સ્વચ્છંદપોષણ, આચારહીનતા કે કોરા બુદ્ધિવિલાસ તરફ વળી જઈ વ્યવહારની સમૂળી ઉપેક્ષા કરી બેસે છે. આ ભયસ્થાન પ્રત્યે સાધક ગાફેલ ન રહે. માર્ગાનુસારી જીવન અને યમ-નિયમપૂર્વક મૈત્ર્યાદિનો અભ્યાસ ધર્મજીવનના પ્રારંભિક તબક્કાઓમાં ચિત્તની નિર્મળતા અને વિશાળતા પ્રાપ્ત કરવા અર્થે આવશ્યક છે, અને પછી એની રક્ષા અને પુષ્ટિ અર્થે વાડરૂપે જરૂરી છે, કિંતુ, વ્યવહારની ઉપેક્ષા કરતા નિશ્ચયની જેમ, નિશ્ચયની ઉપેક્ષા કરતા વ્યવહારનાં ભયસ્થાનો પણ છે જ. અર્થાત્ નિશ્ચયની વાત કરવા જતાં વ્યવહારની સંભવિત ઉપેક્ષાના જોખમની જેમ, વ્યવહારના જ પક્ષકાર બની રહેતાં એમાંથી ઉદ્ભવતી નિશ્ચયદૃષ્ટિની ઉપેક્ષાનાં પણ આગવાં ભયસ્થાનો છે; એ

તથ્ય પણ લક્ષ બહાર ના જવું જોઈએ. બંનેમાં અતિ, વિકૃતિ અને ભીતિથી બચવું આવશ્યક છે.

દરેક સાધનના પ્રયોગમાં વિવેકની–ઔચિત્યની જરૂર પડવાની જ. આખરે તો વ્યક્તિની પોતાની પરિપકવતા–આંતરશુદ્ધિ અને વિવેકદૃષ્ટિ – જ સાધનાની નાવને ખરાબાથી ઉગારી શકે. એ દૃષ્ટિ ન હોય તો ખુદ ભગવાનની વાણી – દ્વાદશાંગી પણ એ વ્યક્તિ માટે મિથ્યાશ્રુત બની શકે છે. માટે, જેની પાસે વિવેકદૃષ્ટિ જ નથી તે વ્યક્તિ કોઈ વચનનો આધાર લઈ ઉન્માર્ગે જતી હોય તેથી સર્વ મુમુક્ષુઓને એ વચનથી વંચિત રાખવા ઉચિત નથી.

આપણે એ વીસરવું ન જોઈએ કે નિશ્ચયદૃષ્ટિના સાથ વિનાનો એકલો વ્યવહાર, આચારની અપેક્ષાએ તે ઉચ્ચ કક્ષાનો હોય તો, નવગ્રૈવેયક સુધીના સ્વર્ગસુખની પ્રાપ્તિ કરાવી દે; પણ એનાથી મુક્તિ હાંસલ થતી નથી. શીલ-સદાચાર-સંપન્ન જીવન દ્વારા વ્યક્તિ સમાજનાં નૈતિક મૂલ્યો, પાપભીરુતા અને પરલોક શ્રદ્ધાદિ ટકાવવામાં નિમિત્તભૂત બની શકે, પરિણામે જગતમાં યશ-કીર્તિ પ્રાપ્ત કરી શકે અને જન્માંતરમાં પણ સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરે—આમ, કર્મની પ્રતિક્રિયા તે પોતાને અનુકૂળ બનાવી શકે; પણ, સૂક્ષ્મ અહંકાર અને મમકારમાંથી છુટકારો ન મેળવી શકતી હોવાથી, કર્મવિપાકની પ્રક્રિયાના દાસત્વમાંથી તે સમૂળગી મુક્ત થઈ શકતી નથી; તેના જન્મ-મરણની ઘટમાળનો અંત આવતો નથી. અહંશૂન્ય અવસ્થાએ

થતું કાર્ય જ પ્રતિક્રિયા નથી જન્માવતું. સૂક્ષ્મ અહંતાનો લોપ નિશ્ચયદૃષ્ટિના અવલંબન દ્વારા જ શક્ય બને છે.[૯] અને ત્યારે જ કર્મ વિપાકની પ્રક્રિયાના—ક્રિયા પ્રતિક્રિયાની પરંપરાના—દાસત્વમાંથી માણસ છુટકારો મેળવી શકે છે. અહંતા અને મમતાનો લોપ થતાં, કર્મનાં બંધન એ આત્મા ઉપર પોતાની પકડ જમાવી શકતાં નથી અને તેનાં સહજ સુખ, જ્ઞાન અને આનંદને મર્યાદિત કરનાર જૂની પાળો પણ તૂટી પડે છે.

આ ઉપરથી એ દીવા જેવું સ્પષ્ટ સમજાય તેમ છે કે **નિશ્ચયનિરપેક્ષ વ્યવહારની રક્ષામાં તીર્થની રક્ષા માનવી એ ભ્રાંતિ છે.**[૧૦] તીર્થ એ કોઈ સંપ્રદાય નથી. 'તીર્થ' એટલે મુક્તિ સાધક આચાર-વિચારની અખંડધારા અથવા મુક્તિમાર્ગની પરંપરા જાળવી રાખનાર વ્યવસ્થા. આચાર અને વિચાર ઉભય ઉપર તે નિર્ભર છે. આચાર તેનું બાહ્ય અંગ છે, વિચાર અર્થાત્ તત્ત્વ અંતરંગ અંગ છે. **સમાજવ્યવસ્થા અને સુગતિ માટે આચાર ઉપયોગી છે; મોક્ષ માટે તત્ત્વનિષ્ઠા અનિવાર્ય છે.** સંપ્રદાય રૂપ બાહ્ય 'તીર્થ' ને ટકાવી રાખવામાં આચારની અર્થાત્ વ્યવહારની પ્રધાનતા છે, પણ તીર્થનો **પ્રાણ—તત્ત્વ—ટકે છે વિચારના અર્થાત્ નિશ્ચયના આધારે.**

માટે પ્રબુદ્ધ વ્યક્તિ નિશ્ચય કે વ્યવહાર બેમાંથી સદા કોઈ એકની જ પક્ષકાર ન રહી શકે. એણે મધ્યસ્થ રહી, એ

એની સમતુલા સચવાય એ દિશામાં મુમુક્ષુઓને પથદર્શન કરવું ઘટે.

દાઝી જવાની બીકે શું કદી રસોઇ જ ન કરવી?

નિશ્ચયમાર્ગનાં ભયસ્થાનોને આગળ કરીને એને સ્પર્શ જ ન કરવો એમાં શાણપણ નથી. જોખમ શેમાં નથી? દીક્ષા પણ અયોગ્યને અપાય તો અનર્થંકર નીવડવાનો પૂરો સંભવ છે. અયોગ્યને દીક્ષા આપવા સામે શાસ્ત્રકારોએ ગંભીર ચેતવણી પણ ઉચ્ચારી છે, અને એવી દીક્ષાથી મળતા દેખીતા લાભને —નવગ્રૈવેયક સુધીના સ્વર્ગસુખની પ્રાપ્તિ સુધ્ધાંને— વિષમિશ્રિત ભોજનથી મળતી તૃપ્તિતુલ્ય કહ્યા છે.[११] તો, શું દીક્ષા આપવી-લેવી બંધ કરવી કે તે આપવા-લેવામાં જરૂરી સાવધાની અને વિવેક દાખવવાં? વેપારમાં નફાની જેમ નુકશાની પણ સંભવે, કોઇને દેવાળું કાઢવાનો વારો પણ આવે છે, તો શું વેપાર જ ન કરવો? રસોઈ શીખનારના હાથે રોટલી બળી જવાનો કે રસોઇ કરતાં ગફલત થાય તો પોતે દાઝી જવાનો ભય પણ ઊભો જ છે. મોટર, ટ્રેન, પ્લેનના જીવલેણ અકસ્માતો દરરોજ ચાલુ જ છે, અને માર્ગ ઓળગીએ તેમાં પણ કોઇ વાહન તળે કચડાઇ જવાવાનો ભય રહેલો જ છે, એથી શું માર્ગ ઓળંગવો જ નહિ? કાયમ ફૂટપાથ ઉપર જ ઊભા રહેવું? જરૂરી તકેદારી રાખીને, માર્ગ ઓળંગવામાં આપણે સાહસ નથી લેખતા તેમ આપણા ધર્મજીવનમાં

નિશ્ચયની વાતથી ભડકતા રહેવું ન ઘટે. ઇલેક્ટ્રિસિટી કે જે અડતાંવેંત પ્રાણ હરી લે છે તેને પણ કાળા માથાનો માનવી વિદ્યુત્‌ના નિયમોના જ્ઞાન અને જરૂરી સાવધાની વડે નાથી શક્યો છે, તે શું જીવનભર પોતાના ધર્મજીવનમાં કોઈ સાવધાની કે વિવેક દાખવી જ ન શકે એવો નાદાન જ રહેવા સર્જાયો છે ?

જરૂરી વિવેક અને સાવધાની સાથે નિશ્ચયદૃષ્ટિને અપનાવી, તે વડે આપણા વ્યવહારનું સંશોધન કરતા રહેવું એ તંદુરસ્ત આધ્યાત્મિક જીવત માટે આવશ્યક છે. અન્યથા આપણો આધ્યાત્મિક વિકાસ રુંધાયેલો જ રહેવાનો; એટલું જ નહિ, એ દૃષ્ટિ વિના થતી ધાર્મિક પ્રવૃત્તિમાં વિકૃતિના પ્રવેશને પૂરો અવકાશ મળી જવાનો.

સામાયિક : શુદ્ધ સ્વરૂપ સાથેના અનુસંધાનનો પ્રયોગ

નિશ્ચયદૃષ્ટિ પ્રત્યેની ગેરસમજ અને ભડકના કારણે આપણા આરાધક ગણાતા વર્તુળોમાં આજે ધ્યાનનો અભ્યાસ પણ ઉપેક્ષિત રહ્યો છે અને કેવળ બાહ્ય ત્યાગ અને ક્રિયાકાંડ જ સાધ્ય મનાઈ રહ્યાં છે, અને એવી માન્યતા રૂઢ થઇ ગઇ છે કે ધ્યાન તો ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલ મહાત્માઓ જ કરી શકે.

કિંતુ, ધ્યાનાભ્યાસ માત્ર ત્યાગીઓ જ કરી શકે એવું નથી; શ્રાવકો પણ ધ્યાનાભ્યાસ કરી શકે છે, એટલું જ નહિ, ગૃહસ્થના બે ઘડીના સામાયિકનું કે પૌષધનું પ્રયોજન જ એ છે કે એટલો વખત તે તેની વ્યવહારિક જળોજથાથી અળગો રહી, ધ્યાન અને સ્વરૂપાનુસંધાનનો અભ્યાસ કરી, સમત્વમાં વિકાસ સાધે. ગૃહસ્થ સાધકોને માટે સંયમમાર્ગે ક્રમશઃ પ્રગતિ કરવા અર્થે અભ્યાસક્રમ સ્વરૂપ વિશિષ્ટ વ્રત-તપની સાધના નિર્દેશાયેલી છે– જે 'શ્રાવકની અગિયાર પ્રતિમાઓ/પડિમાઓ' તરીકે ઓળખાય છે, તેમાંની પાંચમી કાયોત્સર્ગ પ્રતિમાનું વહન કરતી વખતે ગૃહસ્થ સાધકે પણ આખી રાત કાયોત્સર્ગમાં રહેવાની વખતે આખી રાત કાયેત્સર્ગમાં ક્ષમતા કેળવવી પડે છે. પૂર્વાચાર્યોએ ગૃહસ્થ સાધક સમક્ષ પણ આદર્શ તો નિરાલંબન યોગની સાધનાનો રાખ્યો છે.[12] કથાનુયોગ – એટલે કે જીવનચારિત્રાત્મક શાસ્ત્રગ્રંથો – પણ સાખ પૂરે છે કે પૂર્વે એકલા મુનિઓ જ નહિ કિંતુ શ્રાવકો પણ ધ્યાનાભ્યાસ કરતા, એટલું જ નહીં, તેમાં પ્રગતિ સાધી ધ્યાનસાધનામાં એવી નિપુણતા મેળવતા કે ગમે તેવા પ્રતિકૂળ બાહ્ય વાતાવરણમાં, અનેક વિક્ષેપો વચ્ચે પણ, તત્ક્ષણ ધ્યાનમાં સરકી જવાની ક્ષમતા તેઓ ધરાવતા. નાગકેતુ, સુદર્શન શેઠ વગેરેનાં દૃષ્ટાંતો આ વાતની પ્રતીતિ કરાવે છે. અભયા રાણીના સકંજામાં સપડાયેલા સુદર્શન શેઠ, એ કામાતુર સુંદરીની ભોગ માટે કાકલૂદીભરી પ્રાર્થના, ધમકીઓ અને ચેષ્ટાઓ વચ્ચે પણ, ઊંડા ધ્યાનમાં–સિદ્ધધ્યાનમાં ગરકાવ બની એ ઉપસર્ગને પાર કરી ગયા હતા.[13]

પ્રાથમિક કક્ષા વટાવી ચૂકેલ ગૃહસ્થ સાધક માટે શ્રાવકનું બે ઘડીનું સામાયિક એ ધ્યાન, સ્વરૂપાનુસંધાન અને નિરાલંબન યોગની સાધનાની દિશામાં એક પ્રાયોગિક પ્રસ્થાન છે. બે ઘડીનું સામાયિક એ સમત્વની ખીલવટ માટેનો એક પ્રયોગ છે; અને સમત્વને ખીલવવાનો શ્રેષ્ઠ ઉપાય છે શુદ્ધ સ્વરૂપ સાથેનું અનુસંધાન.[૧૪]

સમત્વ, સ્વરૂપાનુસંધાન અને ધ્યાન પરસ્પર સહાયક છે.[૧૫] આ ત્રણ વચ્ચે જે સંબંધ છે તે સમજીને અંતર્મુખ થઈ, ધ્યાન અને સ્વરૂપાનુસંધાનના અભ્યાસને આપણી સાધનામાં તેના ગૌરવભર્યા સ્થાને પ્રતિષ્ઠિત કરીશું તો આપણું ધર્મજીવન સમતા-સ્વસ્થતા-સામર્થ્યના તેજથી દિપ્તીમંત બની જશે ને અભય-અદ્વેષ-અખેદનું ઓજસ જૈનસંઘની આભા બની રહેશે.

ટિપ્પણ

૧. आर्य ! सारोऽत्र विज्ञेयो, ध्यानयोगः सुनिर्मलः ॥
मूलोत्तरगुणाः सर्वे, सर्वा चेयं बहिष्क्रिया ।
मुनीनां श्रावकाणां च, ध्यान योगार्थमीरिताः ॥

—ઉપમિતિ ભવ પ્રપંચ કથા, અ૦ ૮, શ્લોક ૭૨૫-૭૨૬.

૨. ઉપદેશ રહસ્ય શ્લોક ૧૯૮ (જુઓ પ્રકરણ ૭, ટિપ્પણ ૭ (ii))

૩. ઉપદેશ રહસ્ય, શ્લોક ૧૯૦-૯૧ (જુઓ પ્રકરણ ૭, ટિપ્પણ ૭ (i))

૪. व्यवहारोऽपि गुणकृद्, भावोपष्टंभतो भवेत् ।
सर्वथा भावहीनस्तु, स ज्ञेयो भववृद्धिकृत् ॥

– વૈરાગ્ય કલ્પલતા, સ્તબક ૯, શ્લોક ૧૦૫૮.

૫. "गोयमा ! पढमं नांणं तओ दया, दयाए य
सव्वजगजीवपाणभूयसत्ताणं अत्तसमदरिसित्तं ।
सव्वजगजीवपाणभूयसत्ताणं अत्तसमदंसणाओ य
तेसिं चेव संघट्टण परियावणकिलावणोद्दावणाइ–
दुक्खुप्पायणभयविवज्जणं । तओ अणासवो........।"

—શ્રી મહાનિશીથસૂત્ર, અધ્યયન ૩,
ઉપધાનવિધિ.

૬. दयापि लौकिकी नेष्टा, षट्कायानवबोधतः ।
ऐकान्तिकी च नाज्ञाना-न्निश्चयव्यवहारयोः ॥

—દ્વાત્રિંશત્, દ્વાત્રિંશિકા દ્વા ૦૭, શ્લોક ૨૭

૭. (i) વિના દ્રવ્ય અનુયોગ વિચાર, ચરણકરણનો નહિ કો સાર;
સંમતિ ગ્રંથે ભાખ્યું ઈસ્યૂં, તે તો બુધ જનને મન વસ્યું.

—દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, ગાથા ૨.

(ii) चरणकरणप्पहाणा ससमयपरसमय मुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं न याणंति ॥

—સમ્મતિતર્ક, કાંડ ૩, ગાથા ૬૭

૮. દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, ગાથા ૩-૪.

૯. ૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧૬, ગાથા ૧૦ (જુઓ પ્રકરણ ૨, ટિપ્પણ ૩.)

૧૦. જુઓ યોગ વિંશિકા ગાથા ૧૪-૧૫ અને તેના ઉપરની ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટીકા.

૧૧. उत्तुङ्गारोहणात् पातो, विषान्न-तृप्तिरेव च ।
अनथाय यथात्यन्तं, मलनापि तथेक्ष्यताम् ॥

अत एव च शस्त्राग्नि-व्यालदुर्ग्रहसन्निभः ।
श्रामण्यदुर्ग्रहोऽस्वन्तः, शास्त्र उक्तो महात्मभिः ॥

ग्रैवेयकाप्तिरप्येवं, नातः श्लाघ्या सुनीतितः ।
यथान्यायार्जिता संपद्विपाक विरसत्वतः ॥

—યોગબિન્દુ, શ્લોક ૧૪૩-૧૪૫.

૧૨. तथा योगाभ्यास इति ।
टीका—योगस्य सालंबननिरालंबनभेदभिन्नस्याभ्यासः ।

—ધર્મબિન્દુ, અ૦ ૩, સૂત્ર ૭૫.

૧૩. જુઓ ઉપદેશપદની ટીકા, ગાથા ૫૨૬-૫૩૦.

૧૪. सदा चिदानंदपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ।

—અધ્યાત્મોપનિષદ્, સામ્યયોગ, શ્લોક ૨.

૧૫. (i) न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कम्पं जायते तस्माद्, द्वयमन्योन्यकारणम् ।

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લોક ૧૧૪.

(ii) यस्य ध्यानं सुनिष्कम्पं, समत्वं तस्य निश्चलम् ॥

—જ્ઞાનાર્ણવ, સર્ગ ૨૫, શ્લોક ૨.

૯

અંતર્મુખતા અને સ્વરૂપાનુસંધાન

રોજિંદા જીવનવ્યવહારની અનેકવિધ પ્રવૃત્તિઓ, સંપર્કો, વાતચીત અને વિચારણાઓ દ્વારા આપણા ચિત્ત ઉપર એક પ્રકારનું મોહનું જે ધૂમસ છવાતું રહે છે, તેનાથી એને મુક્ત રાખવાની અથવા એ ધૂમસને વિખેરી નાખવાની કંઈક યોજના સાધકના જીવનમાં હોવી જોઈએ.

મુમુક્ષુનું અમોઘ શસ્ત્ર : આત્મજાગૃતિ

મોહના હ્રાસ માટે સ્વરૂપનું અનુસંધાન એ પ્રબળ શસ્ત્ર છે.[1] તેથી સર્વ કાળના જ્ઞાની પુરુષો મુમુક્ષુને આત્મસ્વરૂપનું અવલંબન લેવા અનુરોધ કરે છે.

આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે આ વાતનો નિર્દેશ આપતાં 'યોગદૃષ્ટિસમુચ્ચય' નામના ગ્રંથમાં કહ્યું છે કે "પ્રારંભિક કક્ષામાં ભલે જુદા જુદા દર્શનના અનુયાયીઓ ભિન્ન ભિન્ન રીતે ઉપાસના કરતા હોય, પણ અંતે તો સર્વ મુમુક્ષુઓ બાહ્ય વિષયોથી અને ચિત્તમાં ઊઠતા સંકલ્પ-વિકલ્પથી પણ ખસીને સ્વભાવનું અવલંબન લેવા રૂપ એક જ માર્ગે ગતિ કરે છે."[2] **મુનિજીવનમાં પણ આજ મહત્ત્વની સાધના છે, એ તથ્ય પ્રત્યે લક્ષ ખેંચતાં યશોવિજયજી મહારાજે કહ્યું છે કે "ચિત્તને આત્મામાં એકાગ્ર-પણે સ્થાપીને અશુભ ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો એ ઉત્તમ સાધન છે. સાધુ પાસેથી માત્ર બહિરંગ સાધનાની નહિ, પણ આવી અંતરંગ સાધનાની અપેક્ષા રખાઈ છે; કારણ, આ અધ્યાત્મ-ધ્યાનયોગ બધાં જ શાસ્ત્રોનું નવનીત છે. તે પરમ સંવરરૂપ છે અને એ જેમ જેમ આત્મસાત્ થાય તેમ તેમ સાધક સામ્યસુખનો વધુ ને વધુ અનુભવ કરે છે; આનંદ વૃદ્ધિગત થતાં તે અહીં જ મુક્તિસુખ ચાખે છે."**[3] અન્યત્ર પણ કહ્યું છે કે—

> નિશ્ચે શુદ્ધ સરૂપ કી, ચિંતન વારંવાર;
> નિજ સરૂપ વિચારણા, કરવી ચિત્ત મઝાર.
>
> અતિ થિરતા ઉપયોગ કી, શુદ્ધ સરૂપકે માંહી;
> કરતાં ભવદુઃખ સવિ ટલે, નિર્મલતા લહે તાંહી.

એહ ઉપયોગે વરતતાં, થિર ભાવે લયલીન;
નિર્વિકલ્પ રસ અનુભવે, નિજ ગુણમાં હોય પીન;

તિણ કારણ નિજ રૂપમાં, ફિરી ફિરી કરો ઉપયોગ;
ચિંહું ગતિ ભ્રમણ મિટાવવા, એહ સમ નહીં કોઈ જોગ.[૪]

ભગવદ્‌ગીતામાં પણ શ્રીકૃષ્ણના મુખે અર્જુનને આ જ સલાહ મળી છે: "અંતર્મુખ થઇને ધીરે ધીરે મનને આત્મામાં સ્થાપવું અને અન્ય કંઇ ચિંતન ન કરવું ચંચલ મન બહાર જાય કે ત્યાંથી પાછું વાળીને તેને ફરી ફરી આત્મામાં જ લાવવું"[૫] દિગંબરાચાર્ય શ્રી પૂજયપાદે પણ મુમુક્ષુને અનુરોધ કર્યા છે કે બહિરાત્મભાવ–દેહાદિ બાહ્ય વિષયોમાં 'હું' અને 'મારું' એવી બુદ્ધિ– છોડી દઇને, અંતરાત્મભાવ– 'હું આત્મા છું, શરીરાદિનો સાક્ષી માત્ર છું, એ વૃત્તિ–માં સ્થિર થઇ તેણે સર્વ-સંકલ્પ-વર્જિત પરમાત્માની ભાવના કરવી.[૬] 'જ્ઞાનાર્ણવ' ના કર્તા શ્રી શુભચંદ્રાચાર્યે પણ સ્વાનુભવપૂર્વક આ જ વાત ઉચ્ચારી છે.[૭]

હેમચંદ્રસૂરિ મહારાજે 'યોગશાસ્ત્ર' ના અંતે સાધનાનો જાતઅનુભવ જણાવ્યો છે. ત્યાં સ્વાનુભવના રણકા સાથે તેમણે કહ્યું છે કે "તન્મયતા પ્રાપ્ત કરવા સારુ યોગીએ બાહ્યાત્મભાવ તજીને, એકાગ્ર થયેલ અંતરાત્મા વડે, વિશિષ્ટ પ્રકારે, સતત પરમ-આત્માનું ચિંતન કરવું. કાયાદિ બાહ્ય ભાવોમાં આત્મબુદ્ધિ કરે તે બહિરાત્મા અને કાયાદિનો જે અધિષ્ઠાતા છે તે અંતરાત્મા છે; પરમાત્મા ઇન્દ્રિયોથી પર છે, કોઇ ઉપાધિનું

વળગણ તેને નથી, તે શુદ્ધ આનંદસ્વરૂપ છે. કાયાથી આત્મા અલગ જાણવો અને આત્માથી કાયા અલગ જાણવી; એ બેનો ભેદ જાણનાર આત્મનિશ્ચયમાં સ્ખલના પામતો નથી...... બાહ્ય ભ્રમ છોડીને, માણસ જો, અન્યત્ર ફાંફાં ન મારતાં, જાતમાં જ ડૂબકી લગાવીને માત્ર આત્મજ્ઞાનની જ આકાંક્ષા રાખે તો તેને અવ્યયપદની પ્રાપ્તિ સુલભ છે. સિદ્ધરસના સ્પર્શથી જેમ લોઢું સુવર્ણ બની જાય છે, તેમ આત્મધ્યાનથી આત્મા પરમાત્માપણું પ્રાપ્ત કરે છે."[8]

'આ કાયા, મન અને વાણી એ હું નથી, અને તેથી એનાથી ભોગવાતા વિષયો તેમ જ સર્વ ઔદયિક ભાવો એ મારા નથી,'–એવી બુદ્ધિ થતાં, શરીરાદિ ઔદયિક ભાવો અને વિષયોમાંથી રાગદ્વેષ છૂટતાં જાય છે; અને જેટલા અંશે રાગદ્વેષ ઓછા થાય છે તેટલા અંશે આત્મા સ્થિરતાનો અને શાંતિનો–પ્રશમસુખનો અનુભવ કરે છે.

માટે, દેહમાં આત્મબુદ્ધિ ન કરતાં અંતર્મુખ થવાની ઉપર્યુક્ત પ્રેરણા મુમુક્ષુને શાસ્ત્રોએ જુદી અનેક રીતે આપી છે.

શુદ્ધાત્માનું સતત અનુસંધાન પરમાત્મસમાપત્તિનો હેતુ છે.[9] તેથી આત્મજ્ઞાન ઝંખતા સાધકોએ જ્ઞાનપૂર્વક અંતર્મુખ થવું.[10] દૃશ્યની સાથે તાદાત્મ્ય ન અનુભવતાં, સાધક તેનો માત્ર દ્રષ્ટા જ બની રહે—**પોતાના દેહ અને મનને પણ એ દૃશ્યના એક ભાગ તરીકે જ જુએ**—અર્થાત્ પોતાના

દેહની અને મનની પ્રવૃત્તિઓ અને વિશેષતાઓથી પોતે ગૌરવ કે ગ્લાનિ ન અનુભવતાં સાક્ષીભાવે તેને માત્ર જોયા કરે.[૧૧] નિશ્ચનયે આત્મા અખંડ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ 'અખંડ આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ હું છું; મન-વાણી-કાયા એ હું નથી; મન-વાણી- કાયાથી થતાં કાર્યો એ મારાં નથી' — આ ભાન-પૂર્વક, મન-વાણી-કાયાથી થતી ક્રિયાને શાંતભાવે માત્ર જોયા કરો.[૧૨] 'હું ગોરો, સ્થૂલ, કૃશ છું' એ રીતે કાયા સાથે તાદાત્મ્ય ન અનુભવતાં કેવલ જ્ઞાનવિગ્રહ એવા આત્માની ધારણા કરવી, અર્થાત્ માત્ર જ્ઞાન સાથે જ પોતાનું તાદાત્મ્ય અનુભવવુ.[૧૩] આ દેહમાં આત્મભાવના કરવી તે દેહાંતર-ગતિનું અર્થાત્ ભવભ્રમણનું બીજ છે; જ્યારે આત્મામાં જ આત્મભાવના એ વિદેહ-નિષ્પત્તિનું અર્થાત્ મુક્તિનું બીજ છે.[૧૪] ચિરકાળથી દૃઢમૂળ થયેલ અવિદ્યાના સંસ્કારોના કારણે ચિત્ત આત્મતત્ત્વથી દૂર રહે છે, પરંતુ તે જ ચિત્ત જ્ઞાનથી વાસિત થતાં હૃદયગુહામાં રહેલ આત્મદેવને જુએ છે.[૧૫]

શુદ્ધ જ્ઞાયકભાવ

સાધનાના પ્રારંભમાં એકત્વ, અન્યત્વાદિ ભાવનાઓનો અભ્યાસ જ્ઞાનીઓએ સૂચવ્યો છે, તેનું હાર્દ પકડાય તો એ અભ્યાસ દ્વારા અંતર્મુખતા પ્રગટે. અજાગૃત મનમાં ચિરકાળથી દૃઢમૂળ થયેલ દેહાત્મબુદ્ધિના સંસ્કારના કારણે સામાન્ય માનવી સતત પરના વિચારોમાં રોકાયેલો રહે છે.

જ્યાં તે 'પોતાનો' વિચાર કરે છે ત્યાં પણ, પારમાર્થિક દૃષ્ટિએ, એ પરનો વિચાર હોય છે. ધન-માલ, કુટુંબ-પરિવાર વગેરેથી પોતે જુદો છે એ ભાનની સાથે, પોતાને જેમાં 'હું' બુદ્ધિ થાય છે તે **કાયાથી પણ પોતે જુદો છે એ ભાન જાગે તો એકત્વ અન્યત્વ ભાવનાનો અભ્યાસ સાર્થક થાય; અન્યથા, દેહાત્મબુદ્ધિ અકબંધ રહે અને 'સ્વજન-પરિવાર આદિ પરાયા છે' એ વિચાર જ ઘૂંટાતો રહે તો, સંભવ છે કે, સાચી આધ્યાત્મિકતાને બદલે નરી સ્વાર્થવૃત્તિ જ ચિત્તમાં આસન જમાવે.** તેથી, અંતર્મુખ રહેવા ઈચ્છનાર સાધકે પોતાના સમગ્ર બાહ્ય વ્યક્તિત્વનું સંશોધન કરવું રહ્યું. એમ કરતાં તેને **પોતાનો દેહ પરાયો લાગે એટલું જ નહિ, ઇચ્છાઓ, લાગણીઓ અને વિચારો પણ તેને પોતાથી ભિન્ન લાગે ત્યારે તે ખરેખર અંતર્મુખ બન્યો ગણાય.**[૧૬]

શુદ્ધ જ્ઞાયકભાવ પ્રગટતાં, તે જ ક્ષણે, મુક્તિની લહેરખીનો સ્પર્શ અનુભવાય છે—બાહ્ય સમસ્ત દૃશ્ય જગતથી સાધક જાતને સ્વતંત્ર અનુભવે છે. દેહ અને મનથી એટલે કે, દેહના પર્યાયો અને મનના પર્યાયોથી પોતાને જે ભિન્ન જોઈ—અનુભવી શકે તે પોતાના કર્મકૃત વ્યક્તિત્વથી ઉપર ઊઠે છે. તે એ જોઈ શકે છે કે દેહ અને મનનાં બધાં પરિવર્તનો વચ્ચે આત્મા એક અખંડ સત્તારૂપે અચલ રહે છે, અને બાહ્ય સર્વ પરિવર્તનોથી—પ્રાપ્તિઓ, સંયોગો કે વિચારોથી—આત્માને એટલે

કે પોતાને કશાં લાભ-હાનિ નથી. આ દષ્ટિ ખૂલવાથી તે રતિ-અરતિ કે રાગ-દ્વેષના વમળમાં અટવાયા વિના, સમભાવમાં રહી, સંકલ્પ-વિકલ્પની પકડમાથી મુક્ત બની જાય છે.[૧૭]

ધર્મપ્રવૃત્તિની વિપુલતા કે ચિત્તશુદ્ધિ ?

આધ્યાત્મિક ક્ષેત્રે સાધકે ખરું કામ ચિત્તમાં કરવાનું છે. મલિન મન સંસારનું દ્વાર છે, વિમળ ચિત્ત મુક્તિનું દ્વાર છે. ઇન્દ્રિયો સાથે જોડાયેલું રહી ચિત્ત સદા રાગ-દ્વેષના વિકલ્પો કર્યા કરતું હોય છે. રાગ-દ્વેષ જન્મે છે ચિત્તમાં, અને એના મૂળ અજ્ઞાનમાં છે — દેહાત્મભ્રમમાં છે. એટલે રાગ-દ્વેષના વિકલ્પોને ખાળવા, કેવળ જાગૃત મનની શુદ્ધિ કરીને અટકી જવાથી કામ ન સરે. અજાગ્રત મનના થરો નીચે દટાઇને પડેલી દેહાત્મગ્રંથિ ભેદાય ત્યારે જ એમાં સફળતા મળે.

માટે રાગદ્વેષની પકડમાંથી છૂટીને 'સમાપત્તિ' સાક્ષાત્કાર કે આત્મદર્શન આદિ ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ સુધી પહોંચવા માગતા અને સમત્વમાં સ્થિર થઇ પ્રશમ સુખને આસ્વાદવા ઇચ્છતા મુમુક્ષુઓએ પોતાની આરાધનામાં ચિત્ત-શુદ્ધિ, એકાગ્રતા, ધ્યાન અને સ્વરૂપ-જાગૃતિના અભ્યાસને કોઇ-ન-કોઇ સ્વરૂપે સ્થાન આપવું જરૂરી છે. ઊર્મિશીલ આરાધકો પરમાત્મભક્તિ — પ્રાર્થના, ગુણકીર્તન, સ્તુતિ, વગેરેમાં દેહભાન ભૂલાઇ જાય એવી તલ્લીનતા સાધીને કે

એકાગ્રતાપૂર્વક નામજપ દ્વારા આ દિશામાં આગળ વધી શકે. ચિંતનશીલ વ્યક્તિઓ એકાગ્રચિત્તે આત્માના શુદ્ધસ્વરૂપની ભાવના અને સ્વરૂપ-જાગૃતિના અભ્યાસ વડે ચિત્તશુદ્ધિ કરી આ દિશામાં પ્રગતિ કરી શકે.

આજે આપણે બાહ્ય વૈરાગ્ય-તપ-ત્યાગ-તિતિક્ષા-નો જ અભ્યાસ રાખ્યો છે, આત્મનિરીક્ષણ, સ્વરૂપ-જાગૃતિ અને ધ્યાન વિસાર્યાં છે. તેથી, ઉચ્ચ આધ્યાત્મિક અનુભવો અને તેની સાથે આવતા ભાવ-ઐશ્વર્યથી વંચિત રહીએ છીએ.

આજે સંઘમાં તપ, અનુષ્ઠાનો, દીક્ષાઓ વધી રહ્યાં છે, કિંતુ વધી રહેલી એ ધર્મપ્રવૃત્તિથી આપણી વૃત્તિઓનું શોધન થઈ રહ્યું છે કે નહિ એ આંતરનિરીક્ષણ આપણે કરીએ છીએ ખરા ? આજે સંઘમાં દેખાતી ધર્મપ્રવૃત્તિની વિપુલતાથી તોષ અનુભવી; એનાથી શાસનનો ઉદ્યોત થઈ જશે એ ભ્રાંતિમાં રાચવા જેવું નથી. વધેલી એ પ્રવૃત્તિથી આપણા જીવન-વ્યવહારમાં કેટલી શુદ્ધિ, સામર્થ્ય અને સ્વસ્થતા આવ્યાં છે ? ધર્મારાધનામાં થતી સાચી પ્રગતિ પોતાના ફળ તરીકે જીવનમાં સંતોષ અને પ્રસન્નતા પ્રગટાવે છે. તે સાધકને નચિંત અને નિર્ભય બનાવે છે. ચિંતા, વિષાદ અને વ્યાકુળતા ધાર્મિક વ્યક્તિના ચિત્તમાંથી ધીરે ધીરે વિદાય લેવા માંડે છે. આત્મિક ઊંડી શાંતિ અને તૃપ્તિ તંદુરસ્ત આધ્યાત્મિક જીવનના આવશ્યક અંગો છે.

ટિપ્પણ

1. (i) शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये चे-त्यदो मोहास्त्रमुल्बणम् ॥

—જ્ઞાનસાર, મોહત્યાગાષ્ટક, શ્લોક ૨.

(ii) मुनेर्यदि मनो मोहाद्रागाद्यैरभिभूयते ।
तन्नियोज्यात्मनस्तत्त्वे. तानेव क्षिपति क्षणात् ॥

—શુભચંદ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવ, સર્ગ ૩૨, શ્લોક ૫૧

૨. 'एक एव तु मार्गोऽपि, तेषां शमपरायणः ।
अवस्थाभेदभेदेऽपि, जलधौ तीरमार्गवत् ।

—યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્લોક ૧૨૮.

૩. જુઓ પ્રકરણ ૭, ટિપ્પણ ૭ (i) સ્વોપજ્ઞવૃત્તિયુત ઉપદેશરહસ્ય, ગાથા ૧૯૦–૧૯૧.

૪. સમાધિવિચાર, દુહા ૧૯૯, ૨૦૧, ૨૦૩, ૨૧૫

૫. शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा, न किंचिदपि चिंतयेत् ॥
यतो यतो निःसरति, मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदा-त्मन्येव वशं नयेत् ॥

—ભગવદ્ગીતા અધ્યાય ૬, શ્લોક ૨૫-૨૬

૬. त्यक्त्वैवं बहिरात्मान-मन्तरात्म व्यवस्थितः ।
भावयेत् परमात्मानं, सर्वसंकल्पवर्जितम् ॥

—સમાધિતંત્ર શ્લોક ૨૭

૭. अपास्य बहिरात्मानं, सुस्थिरेणांतरात्मना ।
ध्यायेद्धि शुद्धमत्यंतं, परमात्मानमव्ययम् ॥
—જ્ઞાનાર્ણવ, સર્ગ ૩૨, શ્લોક ૧૦

૮. યોગશાસ્ત્ર, પ્રકાશ ૧૨, શ્લોક ૬-૧૨.

૯. (i) ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'નયોપદેશ' અને તેની સ્વોપજ્ઞ ટીકા 'નયામૃતતરંગિણી' શ્લોક ૧.

(ii) अण्णे पुग्गलभावा, अण्णो एगो य नाणमित्तोऽहं ।
सुद्धो एस वियप्पो, अवियप्पसमाहि संजणओ ॥
—ધર્મપરીક્ષા, ગાથા ૧૦૩ (વિવેચન માટે ટીકા જુઓ).

૧૦. तेनात्मदर्शनाकांक्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् ।
द्रष्टुर्दृगात्मता मुक्ति–र्दृश्यैकात्म्यं भवभ्रमः ॥
—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ, શ્લોક ૫.

૧૧. कर्मजेभ्यः समस्तेभ्यो भावेभ्यो भिन्नमन्वहम् ।
ज्ञस्वभावमुदासीनं पश्येदात्मानमात्मना ॥
—તત્ત્વાનુશાસન, અ૦ ૫, શ્લોક ૨૪ (૧૬૪).

૧૨. દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.
કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિવેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.
—ઉપાધ્યાય યશોવિજયજીકૃત અમૃતવેલની સજઝાય, ગાથા ૨૪, ૨૫.

१३. गौरः स्थूलः कृशोवाऽङ्ग–मित्यंगेनाविशेषयन् ।
आत्मानं धारयेन्नित्यं, केवलज्ञप्ति विग्रहम् ॥

—સમાધિતંત્ર, શ્લોક ૭૦.

१४. देहान्तरगतेर्बीजं, देहेऽस्मिन्नात्मभावना ।
बीजं विदेह निष्पते–रात्मन्येवात्मभावना ॥

—એજન, શ્લોક ૭૪.

સરખાવો : એજન, શ્લોક ૬૨.

१५. अज्ञान विप्लुतं चेतः स्वतत्त्वादपवर्त्तते ।
विज्ञानवासितं तद्धि, पश्यत्यन्तःपुरे प्रभुम् ॥

—જ્ઞાનાર્ણવ, સર્ગ ૩૨, શ્લોક ૫૦.

१६. अविपर्यस्त विज्ञातुः पुरूषस्या प्रमादिनः ।
मनोविकारजालं हि, स्वस्भाद् भिन्नं प्रकाशते ॥

— ઉપમિતિભવ પ્રપંચાકથા, પ્રસ્તાવ ૭, શ્લોક ૫૦૨.

१७. (i) ततो विविक्तमात्मानं, सदानन्दं प्रपश्यतः ।
नास्य संजायते द्वेषो, दुःखे नापि सुखे स्पृहा ॥

—એજન, શ્લોક ૫૦૩.

(iii) સેના રાખસ મોહકી, જીપે, સુખે પ્રબુદ્ધ;
અપ્રમાત ઈક લેઈકે, સમતા અંતર શુદ્ધ.
—સમતા શતક, ગાથા ૯૪.

૧૦

યુગની માંગ/આપણું કર્તવ્ય

આજે આપણા શ્રી સંઘમાં પ્રતિવર્ષ વધુને વધુ શ્રેયાર્થીઓ દીક્ષા લે છે.

સુખી, સાધન-સંપન્ન પીઢ પ્રૌઢો તેમજ યૌવનના ઉંબરે ઊભેલાં ભણેલાં-ગણેલાં થનગનતાં યુવક-યુવતીઓ ઘરબાર, કુટુંબ-પરિવાર, વૈભવ-વિલાસ અને કારકિર્દીની માયા-મમતાને ખંખેરી દઈ આજીવન આત્મસાધનાનો ભેખ લઈને ચાલી નીકળે એ કેવી પાવનકારી ઘટના છે! આવા પુણ્ય અવસરે એ મુમુક્ષુઓના મોક્ષરુચિ પરિવારોનાં તેમજ ધર્મપ્રેમી સ્થાનિક જનતાનાં હૈયાં હેલે ચડે એ સ્વાભાવિક છે.

કિંતુ, ભવ્ય ઉદ્દ્ઘાટન સમારંભથી શરૂ થતા નવા ઔદ્યોગિક સાહસ કે વ્યાપારિક પેઢીના સંચાલકોને ધરપત તો વર્ષના આખરે એનું સરવૈયું મબલખ નફો બતાવે ત્યારે જ થાય છે ને? પ્રતિવર્ષ સંખ્યાની દૃષ્ટિએ કૂદકે ને ભૂસકે વિકસતી જતી આપણી વર્તમાન શ્રમણ સંસ્થા તેની આધ્યાત્મિક સાધનાનાં સરવૈયાથી તૃપ્તિનો ઓડકાર માણી શકે તેમ છે ખરી?

ભાવવિભોર શ્રદ્ધાળુ જનતાના મંગળઘોષો અને ઉછરંગ–ભર્યા મહોત્સવોની મહેફિલો વચ્ચે આજીવન સામાયિકનું વ્રત લઇને સંયમપથ ઉપર પદાર્પણ કરતા કોડીલા દીક્ષિતો પર્યાય-વૃદ્ધિની સાથે અહં-મમના તાણાવાણા ઉકેલીને દેહાત્મભાવથી ઉપર ઊઠે છે ખરાં? સાધનામાર્ગનાં વિઘ્નો, પ્રલોભનો અને ભ્રમણાઓને પરખી લઇ, દીક્ષાદિને સ્વીકારેલ સામાયિકના જીવનવ્રતથી દૂર ન ફંટાઈ જવાય તેવી સમજણ, સાવધાની અને સામર્થ્ય મેળવે છે ખરાં? એમનાં વાણી-વર્તન અને ચિંતનમાં ઓજસ આવે છે?

જેની અંદર જ્યોત પ્રગટી ઊઠી હોય તેવા એક નાનકડા દીવાનું ય તેજ આજુબાજુના અંધકારને ઓગાળી દે છે તેમ, એક પ્રબુદ્ધ વ્યક્તિના હૃદયમાં પ્રકાશી ઊઠેલી આત્મજ્યોત કશા શોરબકોર વિના બીજા અનેક આત્માઓના મોહાંધકારને ઓગાળી નાંખે છે. વાતાવરણમાં સૌરભ પ્રસરાવવા મોગરો, ગુલાબ કે રાતરાણી મહેનત નથી કરતાં. તેમનું અસ્તિત્વ જ

આસપાસના વાતાવરણમાં સુગંધનો પમરાટ રેલાવે છે. ફૂલની નિકટ જનાર જેમ સૌરભની નિકટ હોવાનો અનુભવ કરે છે તેમ વર્તમાનના 'સંસારત્યાગીઓ'ની નિકટ આવનાર ધર્મની નિકટ હોવાનો – મૂર્તિમંત ધર્મનાં દર્શન કરતો હોવાનો અનુભવ કરે અને ધર્મ પામી જાય એવું બને છે ખરું ? કે બાહ્ય તપ-ત્યાગ અને શાસ્ત્રાધ્યયનમાં આત્મસાધનાની ઇતિશ્રી કરી દેહાધ્યાસમાં જ બદ્ધ રહી જતા આજના શ્રમણ-શ્રમણીઓના સંસર્ગમાં આવનાર જનતાને પણ અહં-મમનો ચેપ વળગે છે ?

મુનિજીવનનું કર્તવ્ય–સાધના કે પ્રભાવના ?

મુમુક્ષુ દીક્ષા લે છે જાતની શુદ્ધિ માટે, દીક્ષા લેતી વખતે આજીવન સામાયિકની સાધનાનું વ્રત તે લે છે, શાસનની પ્રભાવના કરવાની કે દુનિયાને ધર્મ પમાડી દેવાની પ્રતિજ્ઞા એ કરતો નથી. કિંતુ, આજે આપણી શ્રમણ-સંસ્થામાં 'પ્રભાવના'નો પવન એટલો જોરદાર ફૂંકાઈ રહ્યો છે કે અજાગૃત મુનિ આત્મક્રાન્તિનું એનું જીવનધ્યેય વીસરી જઈ, દીક્ષા લીધા બાદ બીજે જ દિવસે 'ગુરુ' બની બેસે છે; અને પછી એ 'નિર્ગ્રન્થ અણગાર' શાસનપ્રભાવનાના મોહરા હેઠળ અનેકવિધ બહિર્મુખ વૃત્તિ-પ્રવૃત્તિઓમાં જીવનભર તણાતો રહી, મોહાવેશવશ પોતાનાં નશ્વર નામ-રૂપને કાયમી કરી જવાના અભળખા સેવતો, લોકરંજનના પંકમાં આજીવન ખૂંપી તો નથી જતો ને ?

જીવનની સંધ્યા ટાણે નિખાલસપણે પોતાના ચારિત્ર્ય-પર્યાયનું સરવૈયું કાઢવા બેસતા વિવેકશીલ આત્માનું અંતર આવું મૂક રુદન કરી ઊઠે કે,

"દર્શન-જ્ઞાન-ચરણ વિના, વંદાવ્યા બહુ લોક;
કેવળ પુદ્ગલ પોષવા, જન્મ ગુમાવ્યો ફોક.

ત્યાગી નામ ધરાવીને, ન કર્યો ત્યાગ લગાર;
વંદાવી ગુણી લોકને, હું રખડયો સંસાર.

ભોળાં લોક ભેગાં કરી, દીધા બહુ ઉપદેશ;
ભવસાગર નિજ તારવા, ન કર્યો ઉદ્યમ લેશ."

—આવું શાપિત હવામાન આપણી ત્યાગી સંસ્થામાં આજે નથી પ્રવર્તતું ને? ભગવાન મહાવીર પ્રભુએ પાડેલી કેડી ચાતરી જઇ, એમનાં ભેખધારીઓ કોઇ જુદા જ પથ ઉપર દોડી નથી રહયાં ને ?

જગતને સુધારવાનો કોઈ પ્રયાસ ન કરતાં, પહેલાં સાડાબાર વર્ષ સુધી મૌન રહી, એકાંતમાં, ધ્યાન અને કાયોત્સર્ગની સાધના દ્વારા પોતાની જાતને પૂર્ણ શુદ્ધ કરવાના પ્રયાસમાં ડૂબી જઇને જ ભગવાન મહાવીર મોક્ષમાર્ગના સારથિ બન્યા. એમની સાધના માત્ર ત્યાગ, તિતિક્ષા અને ઉપવાસમાં સીમિત નહોતી રહી. જ્ઞાનથી રસાયેલ ત્યાગ, તિતિક્ષા, ઉપવાસ ઉપરાંત એકાંત, મૌન, ધ્યાન અને

કાઉસગ્ગ-કાયોત્સર્ગ પ્રભુ વીરની સાધનાનાં મુખ્ય અંગો હતાં. કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ—ત્યાગ; અર્થાત્ ધ્યાનાદિ દ્વારા દેહાત્મભાવથી પર જવું કે દેહાત્મભાવથી પર રહેવું એ ભગવાનની સાધનાનું કેન્દ્ર હતું. વિશ્વવત્સલ ભગવાન મહાવીરદેવે સ્વયં આચરેલી અને શ્રમણસંઘમાં પ્રવર્તાવેલી એ સાધનાને આજે આપણે આપણા ધર્મજીવનનું લક્ષ્ય બનાવીએ છીએ ખરા ?

સાધનાની ધરી : સમત્વ અને અંતર્મુખતા

સાડાબાર વર્ષની ઉગ્ર સાધનામાં એ અપ્રમત્ત સાધકે કેટલો અને કયો બાહ્ય તપ કર્યો તેની વાત આપણે હોંશે હોંશે કરીએ છીએ, પણ એ સમય દરમ્યાન દિવસો, પખવાડિયાં અને મહિનાઓ સુધી, આહારનો ત્યાગ કરીને ભગવાને અપ્રમત્તભાવે અંતરમાં જે ડૂબકી લગાવી તેની વાત આપણે કરતા નથી—કોઈ વાર કદાચ કરીએ તો પણ શૂન્યમનસ્કપણે. એટલે ભગવાને ઘોર ઉપસર્ગો સહન કર્યા એની વાતો કરીએ ત્યારે પણ ભગવાનની પ્રબળ ઇચ્છાશક્તિ કે સહનશક્તિ જ આપણી આંખ સામે તરવરે છે, એમની ઊંડી અંતર્મુખતા—આત્મલીનતા નહિ. પરંતુ હકીકત એ છે કે પરીષહ, ઉપસર્ગાદિ બાહ્ય વિષમ પરિસ્થિતિઓ, ઊંડી અંતર્મુખતા કે આત્મલીનવૃત્તિના બળે, સહજ રીતે, સમભાવે પાર કરી શકાય છે.

આપણુ સૌનો અનુભવ છે કે આપણે કોઇની સાથે રસમય વાતચીતમાં તલ્લીન હોઇએ છીએ ત્યારે આજુબાજુ ચાલી રહેલ અન્ય પ્રવૃત્તિ કે વાતચીત પ્રત્યે આપણે સાવ બધિર બની જઇએ છીએ. આપણા માથા ઉપર જ ટીંગાતા ઘડિયાળના ટકોરા પણ આપણને તે સમયે સંભળાતા નથી ! એ જ રીતે, શરીરમાં કંઇ પીડા હોય તે પણ, આવી કોઇ રસમય પ્રવૃત્તિમાં આપણે પરોવાઇએ છીએ ત્યારે વિસારે પડી જાય છે એવું ઘણી વાર નથી બનતું ? તેમ ધ્યાનાદિ અંતરંગ સાધનાના બળે જ્યારે ચિત્ત આત્મામાં લીન થાય છે ત્યારે બહાર શરીરને શું થઈ રહ્યું છે એનો બોધ આત્મલીન સાધકને હોતો નથી. આ રીતે જ પૂર્વ મહાપુરુષોએ સમભાવે ઉપસર્ગો પાર કર્યા છે[૧] (જુઓ અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૯-૧૦).

ભગવાને દારુણ ઉપસર્ગો સમભાવે પાર કર્યા એની પાછળ પણ, ધ્યાનાદિ અંતરંગ સાધના વડે એમને પ્રાપ્ત થયેલ સમત્વ અને અંતર્મુખતાનો ફાળો મુખ્ય હતો—એ વાત જો ઉપદેશકોનાયે ધ્યાન બહાર રહેતી હોય તો શ્રોતાજનો સુધી તો એ પહોંચે જ શી રીતે ?

આના ફળસ્વરૂપે, સામાન્ય જનસમૂહનું અને આરાધક વર્ગના પણ મોટાભાગનું લક્ષ માત્ર બાહ્ય તપ, ત્યાગ અને તિતિક્ષા ઉપર જ કેન્દ્રિત રહે છે, એના અંતરમાં ભગવાનની

મનોરથો જાગે છે; કિંતુ, કેવળ સહનશક્તિ અને ઇચ્છાશક્તિના જોરે જ નહિ પણ ઊંડી અંતર્મુખતાના કારણે જ ઉપસર્ગો અને પરીષહોને સમભાવે પાર કરી જવાય છે એ તથ્યથી અજાણ હોવાના કારણે, પરની ચિંતા મૂકી દઈ પ્રભુની જેમ ધ્યાનાદિ અંતરંગ સાધનામાં ડૂબકી લગાવવાના કોડ એને થતા નથી. પણ હવે, એ વાત પ્રત્યે એનું લક્ષ ખેંચ્યા વિના ચાલશે નહિ.

આજની માંગ અને આપણું કર્તવ્ય

લુપ્તપ્રાયઃ બની ચૂકેલ ધ્યાન અને કાયોત્સર્ગની સાધનાનો પુનરુદ્ધાર કરવા આજે પ્રાયોગિક ધોરણે એ અંગે સંશોધન થાય, એ આવશ્યક છે. માત્ર શાસ્ત્રાધ્યયન, ચિંતન-મનન અને સાહિત્ય-સર્જન કે ઉપદેશથી ત્યાગી-વર્ગે આજે સંતોષ માનવો પરવડે તેમ નથી. સાધનાને હવે પ્રાયોગિક રૂપ અપાવું જોઇએ. સાધનાનાં રહસ્ય પ્રયોગના અભાવે ઢંકાયાં પડ્યાં છે, તેને બહાર લાવવા સાધનાના પ્રયોગો થવા જોઇએ—જેમ વૈજ્ઞાનિકો કરે છે તેમ. આપણને પ્રાપ્ત માહિતી અને તેના આધારે દેખાતી શક્યતાઓને સામે રાખી પ્રયોગો થાય તો, ઇલેક્ટ્રિસિટી, રેડિયો, ટેલિવિઝન આદિ વૈજ્ઞાનિક શોધો અને આવિષ્કારોની જેમ, અધ્યાત્મમાર્ગનાં ઉપેક્ષિત તથ્યો પણ સમાજમાં શીઘ્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે. આજના યુગમાં—અને વિશેષે કરીને નવી પેઢીને—ધર્મનું અને સંયમજીવનનું મહાત્મ્ય

માત્ર શાસ્ત્રવચનો ટાંકીને કે શાસ્ત્રીય પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ આપીને નહિ ઠસાવી શકાય; **શ્રમણોએ પોતના જીવનદ્વારા એ પ્રતીતિ કરાવવી રહી.** વ્યવહારની કસોટીએ ન ચડેલો ઉપદેશ વિજ્ઞાનની ઓલખાલામાં ઉછરેલી યુવા પેઢીના માનસમાં શ્રદ્ધાનું નિર્માણ કરવામાં વિફળ રહે છે.

'એક વર્ષનો ચારિત્રપર્યાય થતાં મુનિ ઉચ્ચતમ-અનુત્તર-દેવોના પ્રશમ સુખને પણ ટપી જાય છે,' એવું શાસ્ત્રવચન સાંભળીને આજના બુદ્ધિજીવી માનસને સંતોષ થતો નથી; એની આગળ એ શાસ્ત્રવચનો રટયે રાખવાથી કોઈ અર્થ સરતો નથી. એ તો પ્રશ્ન કરશે : 'આજે સ્થિતિ શી છે ?' ચારિત્રપર્યાય સાથે પ્રશમસુખનો કોઇ અનુપાત-ratio વર્તમાન મુનિજીવન માટે આપી શકાય તેવું આજે રહ્યું નથી એની સખેદ નોંધ લઇ, ત્યાગીવર્ગે અને સંઘ-નાયકોએ ચારિત્રપર્યાય સાથે પ્રશમસુખની વૃદ્ધિ લાવનાર કયું તત્ત્વ વર્તમાન મુનિજીવનમાં ખૂટે છે તે શોધી કાઢવા આત્મનિરીક્ષણ કરી, તે તત્ત્વની પૂર્તિ કઈ રીતે કરી શકાય તે અંગે સંશોધન કરવાની આ ઘડી છે.

આજની બુદ્ધિપ્રધાન યુવા પેઢીને ધર્મની રુચિ કે ભૂખ નથી એવું નથી. પણ ગોખેલો ઉપદેશ, અહં-મમ પ્રેરિત ક્ષુલ્લક વાદ-વિવાદો અને ચિત્તશુદ્ધિ કે વ્યવહાર-શુદ્ધિમાં ન પરિણમતાં પ્રાણહીન ક્રિયાકાંડોમાં એને રસ રહ્યો નથી. એનાથી એના માનસનું સમાધાન નથી થતું,

ત્યારે એ આધ્યાત્મિક શાંતિ માટેની પોતાની ભૂખ સંતોષવા અન્યત્ર ફાંફાં મારે છે. તે જાતે ચિત્તશુદ્ધિનો અને સમતાનો અનુભવ કરી શકે એવી પ્રક્રિયા તે શોધે છે. તે એને આપણે આપીશું તો એની ઝંખના સંતોષાશે ને એ ધર્મમાર્ગ તરફ તે સ્વયં ખેંચાશે. આત્મતત્વનો સ્પર્શ કરાવી આપતી સાધના-પ્રક્રિયા પ્રયોગાત્મક રીતે એની સામે આપણે ધરીશું તો તે ઉત્સાહભેર એને અપનાવશે.

આજે આપણી સાધનામાં રહેતી ક્ષતિઓ અને જીવનવ્યવહારમાં પ્રવેશેલી અશુદ્ધિ દૂર કરી સાધનાને પ્રાયોગિક રૂપ આપી, આપણે એની સારપ જો પ્રકાશમાં લાવીશું તો આધુનિક જગતમાં એની પ્રતિષ્ઠા સ્વયં થશે. સમત્વ સાથે ધ્યાન અને કાયોત્સર્ગનો જે સંબંધ છે તે પ્રયોગ વડે પ્રસ્થાપિત થાય એ આજના યુગની માંગ છે. સમભાવની વૃદ્ધિ કરાવતી સામાયિકની કે કાઉસગ્ગની પ્રક્રિયા આજે આપણે બતાવી શકીશું તો આજનો અશાંતિ-ગ્રસ્ત ત્રસ્ત માનવ એ સામાયિકધર્મને શરણે દોડયો આવશે; અને, એવા સામાયિકધર્મની આજીવન સાધનામાં રત સાધુસંસ્થા પ્રત્યે અને જૈન સાધના પ્રત્યે લોકહૃદયમાં અનેરો આદર જામશે.

શ્રમણસંઘમાંથી પાંચ-પચીસ પ્રબુદ્ધ વ્યક્તિઓ કાયોત્સર્ગ અને ધ્યાનની સાધનામાં થોડાં વર્ષ ખોવાઇ જાય, અને ધ્યાનાદિ અંતરંગ સાધનામાં રુચિ ધરાવતા ગૃહસ્થ અને

ત્યાગી સાધકો એકત્ર મળી, એકાંત સ્થાનમાં મહિનો-બે મહિના કે છ-બાર મહિના સાધનાનો પ્રયોગ કરી શકે એવાં કેન્દ્રો ઊભાં થાય તો, સંઘમાંથી લુપ્ત થઈ રહેલી એ સાધનાનો પુનરૂદ્ધાર થઇ શકે; અને તેના પરિણામે સંઘમાં આધ્યાત્મિક ખમીર અને ઓજસ પ્રગટે અને દીક્ષાપર્યાય સાથે પ્રશમ-સુખની વૃદ્ધિનો અનુભવ શ્રમણસંઘમાં પુનઃ જોવા મળે.

એટલે, વ્યક્તિગત સાધનાની દૃષ્ટિએ તેમજ શ્રી જિનશાસનનાં અભ્યુદય, રક્ષા અને પ્રભાવનાની દૃષ્ટિએ પણ ઉત્તમ, શ્રેયસ્કર, ફળદાયી અને નિરાપદ માર્ગ એ છે કે ભગવાને સ્વયં આચરેલી અને જૈન સંઘને બતાવેલી અંતર્મુખ સાધનાની પ્રક્રિયાને, જેનાથી સમત્વનો લાભ થતો પ્રત્યક્ષ અનુભવી શકાય એવી સાધનાપ્રક્રિયાને–સંશોધન અને સાધના દ્વારા પ્રાયોગિક ધોરણે પ્રતિષ્ઠિત કરી, જૈન-સંઘમાં તેને પુનઃ પ્રવાહિત કરવાના પ્રયાસમાં સમર્થ વ્યક્તિઓએ પોતાનાં સમય-શક્તિ કેન્દ્રિત કરવાં.

ટિપ્પણ

૧. स्वगुणेभ्योपि कौटस्थ्या–देकत्वाध्यवसायतः
आत्मारामं मनो यस्य, तस्य साम्यमनुत्तरम् ॥

समतापरिपाके स्या–द्विषयग्रहशून्यता ।
यया विशदयोगानां, वासीचन्दनतुल्यता ॥

—અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૯–૧૦

૧૧

ધ્યાન સાધનાનું હાર્દ

જિજ્ઞાસુઓ ઘણીવાર પ્રશ્ન કરતા રહે છે કે જૈનધર્મ-નિર્દિષ્ટ ધ્યાન-પ્રક્રિયા કઇ? મારાં અન્ય પુસ્તકોમાં તેમજ આ પુસ્તકમાં પણ પૂર્વે મેં તેના નિર્દેશો આપેલા જ છે; પણ એ પુસ્તકોનું વાંચન-મનન કર્યું હોવાનું કહેનાર વ્યક્તિઓ પણ આ પ્રશ્ન પૂછતી રહે છે. એટલે અહીં આપણે તે અંગે કંઈક વધુ વિગતે વિચાર કરીએ.

ધ્યાનાભ્યાસ શા માટે?

યોગવિદ્ આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજે સ્વરચિત 'યોગશાસ્ત્ર' નામના ગ્રંથના અંતિમ અધ્યાયમાં જાત-અનુભવ જણાવતાં કહ્યું છે કે,

"તન્મયતા પ્રાપ્ત કરવા સારુ યોગીએ બાહ્યાત્મભાવ તજીને, એકાગ્ર થયેલ અંતરાત્માવડે, વિશિષ્ટ પ્રકારે સતત પરમ-આત્માનું 'ચિંતન' કરવું. કાયાદિ બાહ્ય ભાવોમાં આત્મબુદ્ધિ—દેહાદિ બાહ્ય વિષયોમાં 'હું' અને 'મારું' એવી બુધ્ધિ—કરે તે બહિરાત્મા અને કાયાદિનો જે અધિષ્ઠાતા છે—શરીરાદિનો શાક્ષી થઇને રહે—તે અંતરાત્મા છે; પરમાત્મા ઇન્દ્રિયોથી પર છે, ઉપાધિરહિત શુદ્ધ આનંદસ્વરૂપ છે... ... બાહ્યભ્રમ—બહાર વિષયોમાં સુખ છે એ બુદ્ધિ—છોડી દઈ, મુમુક્ષુ જો કેવળ આત્મજ્ઞાનની જ આકાંક્ષા રાખે અને અન્યત્ર ફાંફાં ન મારતાં જાતમાં જ ડૂબકી લગાવે તો તેને પરમપદની ઉપલબ્ધિ સહજ બને; સિદ્ધિરસના સ્પર્શથી જેમ લોઢું સુવર્ણ બની જાય છે તેમ આત્મધ્યાનથી આત્મા પરમાત્મપણું પ્રાપ્ત કરે છે."[1]

'બહિરાતમ તાકું કહે, લખે ન બ્રહ્મ સ્વરૂપ;
મગન રહે પર દ્રવ્યમેં; મિથ્યાવંત અનૂપ.'[2]

બહિરાત્મા બાહ્ય પ્રાપ્તિ-અપ્રાપ્તિના વિચારોમાં—સંપત્તિ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠાની આળપંપાળમાં—ડૂબેલો રહે છે. અંતરાત્મા પોતાની વૃત્તિ-પ્રવૃત્તિનો સાક્ષી-દ્રષ્ટા બને છે. શું મેળવ્યું, ન મેળવ્યું એની ગણતરી નહિ, પણ બહારની ઘટનાઓથી પોતાના અંતરમાં પ્રતિક્રિયા શું ચાલે છે એ તરફ એની નજર રહે છે. આમ, એ જ્યારે અંતર્મુખ બને છે ત્યારે જુએ છે કે પોતે પ્રવર્તમાન પરિસ્થિતિમાં પૂર્ણ તૃપ્ત

નથી. ભૂતકાળની સ્મૃતિઓ કે ભાવિનાં સપનાંની વણજાર તેના ચિત્તમાં ચાલતી જ રહે છે. તે જુએ છે કે તેનું ચિત્ત પોતાને ગમતી વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિને મેળવવાની કે સાચવી રાખવાની ઝંખનામાં અને તે માટેની યોજનામાં સતત ડૂબેલું રહે છે, કે પોતાને પ્રાપ્ત અનિષ્ટ સંયોગ દૂર કરવા કે દૂર રાખવાની ચિંતામાં મશગૂલ રહે છે. અને એ માટે કોઈવાર તો તે હિંસા, જૂઠ, છેતરપિંડી આદિનો આશરો લેવાની ગડમથલમાં પણ સરકી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તેને ભાન થાય છે કે તેનું ચિત્ત આર્ત-રૌદ્રધ્યાનમાં અટવાતું જ રહે છે ત્યારે, એમાંથી બહાર આવી સ્વરૂપમાં ઠરવા એ ઝંખે છે, અને તે માટેના સબળ સાધન તરીકે એ ધ્યાનાભ્યાસ તરફ મીટ માંડે છે.

'ધ્યાન' પાછળની આજની ભ્રામક દોટ

કિંતુ, માત્ર અંતર્મુખ આત્માર્થીઓ જ ધ્યાનાભ્યાસ તરફ વળે છે એવું આજે રહ્યું નથી. આજે તો બહિર્ભાવમાં ગળાબૂડ રહેતા લોકો પણ યોગ અને ધ્યાનની વાતો કરતા રહે છે અને કોઈ ગુરુ કે કોઈક આશ્રમ સાથે પોતે જોડાયેલા છે એ વાતને પોતાની પ્રતિષ્ઠાના પ્રતિક-status symbol-તરીકે રજુ કરતા ફરે છે. એ લોકો મુમુક્ષાથી પ્રેરિત થઈને ધ્યાન-સાધના તરફ આકર્ષાયા નથી હોતા, કે ન એમને અધ્યાત્મમાં ઊંડો રસ હોય છે. બહુધા કેવળ કુતૂહલવૃત્તિ કે રોજિંદા જીવનની નિરસ ઘટમાળના કંટાળામાંથી થોડા વખત માટે દૂર

ભાગીને કંઈક ઉત્તેજના મેળવવાની મથામણ કે ધ્યાન સાધનાથી કોઈ અતિન્દ્રિય શક્તિઓ અથવા ચમત્કારિક સિદ્ધિઓ હાંસલ કરી લેવાની તૃષ્ણા ધ્યાન માટેની એમની ઉત્કંઠા પાછળનું પ્રેરક તત્ત્વ હોય છે. જીવનનું ઊર્ધ્વીકરણ એમનું ધ્યેય હોતું નથી. આથી પોતાના આંતર-બાહ્ય જીવનની શુદ્ધિ તરફ જરા ય લક્ષ આપ્યા વિના, તેમને 'ધ્યાન' સિદ્ધ કરવું હોય છે. એટલે માંગ અને તેની પૂર્તિ—demand and supply—ના નિયમ મુજબ, જેવી ઘરાકી તેવો માલ બજારમાં આવે તેમ વિવિધ પ્રકારની ધ્યાન પદ્ધતિઓથી આજે વિશ્વબજાર ઉભરાય છે; અને પૂર્વે જ્યાં ધ્યાનાભ્યાસ સાવ ઉપેક્ષિત રહેલો એવાં આપણા વર્તુળોમાં પણ, વર્તમાનમાં ઊભી થયેલી ધ્યાનની માંગ સંતોષવા, 'જૈન પદ્ધતિ'ના લેબલ હેઠળ આભાસિક ધ્યાન-પદ્ધતિઓ આજે તરતી મુકાઈ રહી છે.

આવી કોઈ ભ્રાન્ત ધ્યાનપદ્ધતિ તરફ મુમુક્ષુએ આકર્ષાવું ન જોઈએ. સાચો મુમુક્ષુ કોઈ પણ સાધના કરે તેની પાછળ એનો ઉદ્દેશ આત્મોન્નતિનો જ હોય—હોવો જોઈએ. ધ્યાનસાધના દ્વારા પણ કોઈ વિશિષ્ટ શક્તિનું ઉદ્ઘાટન કે રિદ્ધિ-સિદ્ધિ મેળવી લેવાની આકાંક્ષા એના અંતરમાં ન હોવી જોઈએ. કંઈક 'મેળવવું છે' કે કંઈક 'થવું છે' એ મહત્ત્વાકાંક્ષા હોય ત્યાં સંસારનો રસ છે; સાચી મુમુક્ષા કે સંવેગ ત્યાં નથી. અહં મહત્ત્વાકાંક્ષા પાછળ બેઠેલો જ છે.

એટલે સિદ્ધિઓ, ચમત્કારો કે અસામાન્ય શક્તિઓનાં પ્રલોભનો આપીને આકર્ષણ જમાવતી સાધનાપદ્ધતિઓ

પાછળ આત્માર્થીએ દોડવું નહિ. આવાં પ્રલોભનો આપતા ગુરુઓ કે સાધનાઓ પ્રત્યે તેને આકર્ષણ રહેતું હોય તો એણે સમજવું કે તેની મુમુક્ષા હજી પાકી નથી. નહિતર, ભવભ્રમણનો અંત લાવવાની શકયતા જેમાં રહેલી છે એવું આ અમૂલ્ય માનવજીવન, દેહના નાશ સાથે નાશ પામનારી પ્રાપ્તિઓ પાછળ વેડફી દેવાનું મન કેમ થાય? જેના સંવેગ-વૈરાગ્ય તીવ્ર હોય તે ચમત્કારિક લેખાતી શક્તિઓ કે સિદ્ધિઓની પ્રાપ્તિ માટે સભાન પ્રયત્ન ન કરે.

જ્ઞાનીપુરુષો તો સાધકોને સદા એ સાવધાની આપતા આવ્યા છે કે ધ્યાનમાર્ગે પ્રગતિ થતાં ચિત્તની નિગૂઢ શક્તિઓ સ્વયં ઉદ્‌ઘાટિત થાય ત્યારે પણ તેના પ્રત્યે ઉદાસીન રહીને મુમુક્ષુએ વધુ ને વધુ અંતર્મુખ રહી આગળ વધવું; નહિતર, એ શક્તિઓ જ સાધનામાં અવરોધ રૂપ બને છે અને અહં-મમની પુષ્ટિ કરતી રહી તે તેને માર્ગભ્રષ્ટ કરી દે છે.

એ જ રીતે, કલ્પનાઓ અને માનસિક આભાસોમાં ચિત્તને વિહરતું રાખનારી પદ્ધતિઓથી પણ મુમુક્ષુએ દૂર રહેવું ઘટે. નહિતર, પોતે ધ્યાન સાધના કરી રહ્યો છે એવા ભ્રમમાં રહી તે સાચા ધ્યાનાભ્યાસથી વંચિત જ રહી જશે. જે 'ધ્યાન પદ્ધતિ'માં ચિત્તને અનેક કલ્પનાઓમાં ગતિશીલ જ રાખવાનું હોય તેને ધ્યાન શી રીતે કહેવાય? ધ્યાનાભ્યાસથી તો ચિત્ત ઉત્તરોત્તર વધુ ને વધુ નિરાકુળ, શુદ્ધ, સમ અને નિઃસ્પંદ થતું જવું જોઇએ.

સાચી ધ્યાન સાધના

આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ જોઈએ તો **ધ્યાનસાધનાનો અર્થ જ એ છે કે પરમાં અટવાતી ચિત્તવૃત્તિઓને સમેટી લઈને, સ્વમાં ઠરવાનો સઘન પ્રયાસ કરવો.** સ્વમાં રહેવું એજ મુક્તિ છે અને બહાર પર પાછળ દોડવું એ જ સંસાર છે; એકમાં આનંદના ઓઘ છે, બીજામાં નર્યું દુઃખ છે.[3] તે છતાં મોહવશ જીવ પરમાં સુખ માનીને પરની પ્રાપ્તિ-અપ્રાપ્તિથી રાગ-દ્વેષના દ્વન્દ્વમાં સપડાય છે. આથી, જ્ઞાનીઓએ મુમુક્ષુને પથદર્શન કરતાં એક સોનેરી સૂત્ર આપ્યું કે મુક્તિનો અમોઘ ઉપાય કોઈ હોય તો તે છે સમતા; શાસ્ત્રે અન્ય જે કંઈ દાન, પુણ્ય, ક્રિયા, ધર્માનુષ્ઠાન, વ્રત, નિયમ, તપ, જપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે નિર્દેશ્યું છે તે બધું સમતાની પ્રાપ્તિ અર્થે જ ચિંધ્યું છે.[4] સમતા જ મુમુક્ષુને ભવસાગરને પાર ઉતારનાર નૌકા છે, માટે એ એકને જ કેન્દ્રમાં રાખીને આરાધન કર્તવ્ય છે.[5]

સમતાની સિદ્ધિનો અમોઘ ઉપાય શો ? એ પ્રશ્નનો ઉકેલ આપતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું કે "દૃશ્યની સાથે તદાત્મ્ય ન અનુભવતાં, મુમુક્ષુએ તેના માત્ર દ્રષ્ટા જ રહેવું—પોતાના દેહ અને મનને પણ દૃશ્યના એક ભાગ તરીકે નિર્લેપભાવે જોવાં—અર્થાત્ કર્મકૃત પોતાની કોઈ અવસ્થા સાથે તાદાત્મ્ય ન અનુભવતાં, તેના માત્ર તટસ્થ પ્રેક્ષક જ રહેવું".[6] આ અનુરોધ આપણા પૂર્વાચાર્યોએ અનેક રીતે કર્યો

છે, અને એ વાત અમલી કેમ બનાવવી એ પ્રક્રિયા પણ એમણે ચીંધી છે. એ બધાં ઉદ્બોધનોનો નિષ્કર્ષ એ છે કે,

"ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહસંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે."[૭]

ઉપર્યુક્ત પંક્તિઓમાં જૈનદર્શનનિર્દિષ્ટ ધ્યાન-પ્રક્રિયા સંક્ષેપમાં વણી લેવાઈ છે.

કિંતુ, વર્તમાનમાં આપણાં આરાધક ગણાતાં વર્તુળોમાં કે આપણા શ્રમણસંઘમાં પણ એ પ્રક્રિયા જીવંત રહી હોય એવું દેખાતું નથી. આ હકીકત છે. એની સામે આંખ આડા કાન કરી, માત્ર ભવ્ય ભૂતકાળને આપણે વાગોળ્યા કરીશું ?

એક જીવંત પ્રક્રિયા

ચેતન તરીકે આપણી મૂળ મૂડી જ્ઞાન છે. પણ વર્તમાનમાં આપણું જ્ઞાન આવરણ યુક્ત હોઈને અશુદ્ધ છે. રાગ-દ્વેષ-મોહના વિકલ્પો તેની સાથે ભળેલા રહે છે; જ્ઞાનને માંજીને નિર્મળ કરતા જઈ, પૂર્ણ શુદ્ધ કરવું એ જ સાધના છે. શ્રવણ-વાંચનની અસર ચિત્તના ઉપલા સ્તર સુધી જ પહોંચે છે. અવચેતન મનમાં તો દેહ અને કર્મકૃત વ્યક્તિત્વ સાથેના તાદાત્મ્યનો જ બોધ રહે છે. ફલતઃ કર્તા-ભોક્તાભાવ, તૃષ્ણા અને સૂક્ષ્મ આર્તધ્યાનથી ચિત્ત સદૈવ ચંચળ જ રહે છે.

જ્ઞાન સાથે ભળેલા એ મળોને દૂર કરી, આપણા જ્ઞાનને સતેજ કરી શુદ્ધ જ્ઞાયકભાવમાં રહેવાનું પ્રશિક્ષણ આપતી

એક સાધનાપ્રક્રિયા ભારતમાં છેલ્લા એકાદ દાયકાથી પ્રસાર પામી રહી છે. તે સરળ, સાધ્ય અને વ્યવહારુ —Practicable— હોવાથી આજે દુનિયાભરના દેશોમાં ફેલાઈ ચૂકી છે. 'વિપશ્યના' નામે એ પ્રસિદ્ધ છે.

એ પ્રક્રિયા બર્મામાં બૌદ્ધ પરંપરામાં સચવાઈ રહેલી તેથી પ્રાથમિક નજરે તે બૌદ્ધ પ્રક્રિયા હોવાનો ભાસ થાય એ સ્વાભાવિક છે. પરંતુ, ધાર્મિક ક્રિયાકાંડના કોઈ રંગે તે રંજિત થયેલી ન હોવાથી કોઈ પણ ધાર્મિક સંપ્રદાયની વિવેકશીલ વ્યક્તિ વિના સંકોચે તેને અપનાવી શકે છે, એટલું જ નહિ, નાસ્તિક ગણાતી અર્થાત્ કોઈ ધર્મ-મતને ન માનનાર વ્યક્તિ પણ તેનો પ્રયોગ કરી લાભ મેળવી શકે છે; કારણ કે તેમાં કોઈ મત-પંથના મંત્ર, મૂર્તિ કે કોઈ પ્રતિકનું અવલંબન લેવું પડતું નથી. તેમાં તો કેવળ પોતાના શ્વાસોશ્વાસના અવલંબને અંતર્મુખ થઈ, સતત પરિવર્તનશીલ શરીર-ધારાનું નિર્લિપ્તભાવે નિરિક્ષણ કરતાં રહીને, દ્રષ્ટાભાવના અભ્યાસનો આરંભ અને વિકાસ કરવાનો હોય છે. તેથી, કોઈ પણ ધર્મ, મત કે પંથ સાથે તેને વિરોધ નથી.

'વિપશ્યના' શબ્દનો અર્થ છે વિશેષ પ્રકારે જોવું. રોજિંદા જીવનના પ્રસંગો, પરિસ્થિતિઓ અને ઘટનાઓ વખતે, પૂર્વસંસ્કારવશ, સામાન્યતઃ આપણે ગમા-અણગમા યાને રાગ-દ્વેષમાં તણાતા રહીએ છીએ; તેના બદલે અંતર્મુખ બનીને સભાન રહી, બનતી ઘટનાનું કર્તા-ભોક્તાના ભાવ વિના, તટસ્થ

ભાવે યથાર્થ નિરીક્ષણ કરવાનું પ્રશિક્ષણ આ પ્રક્રિયામાં આપવામાં આવે છે; અર્થાત્ સતત બહિર્મુખ રહેતા ચિત્તને શ્વાસોશ્વાસના આલંબનથી પ્રથમ અંતર્મુખ કરવાનો અને પછી, પ્રવર્તમાન પરિસ્થિતિને રાગ-દ્વેષાત્મક કશી પ્રતિક્રિયા કર્યા વિના સમભાવે જોવાનો એકડો આ સાધનામાં ઘૂંટાવવામાં આવે છે. એના અભ્યાસના પ્રારંભથીજ સાધકને સજગતા, સમત્વ અને સાક્ષીભાવની તાલીમ અપાય છે. આપણા અવચેતન મનમાં પડેલા જન્મ-જન્માંતરના સંસ્કારોને સપાટી ઉપર લાવીને તેનો ક્ષય કરી, દેહમાં થતી આત્મબુદ્ધિની ભ્રાંતિ ભાંગીને, રાગ-દ્વેષ અને મોહના સમસ્ત સંસ્કારોથી મુક્ત થઈ, પરમ તત્ત્વનો સાક્ષાત્કાર પામવો એ આ પ્રક્રિયાના અભ્યાસનો ઉદ્દેશ છે.

ક્રોધ-લોભ આદિ વિકારોને વશ ન થવું એવું પોતે ઇચ્છતો હોવા છતાં, સામાન્યતઃ માનવી કોઇ પણ ઘટના, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રતિ, પૂર્વ સંસ્કારવશ, અવશપણે પ્રતિક્રિયા કરતો રહે છે. આ સાધનામાં પ્રતિષ્ઠિત સાધકને જીવનની નાની-મોટી પ્રત્યેક ઘટનાને સાક્ષીભાવે નિર્લેપ નેત્રે નિહાળવાની ક્ષમતા વરે છે, તેનો દેહાધ્યાસ મોળો પડે છે અને ભવના બીજભૂત અહં-મમ અને કર્તા-ભોક્તાભાવમાંથી તે ક્રમશઃ બહાર આવે છે.

વિવિધ મત-પંથ ધર્મસંપ્રદાયોના વિશ્વભરમાંથી આવતા શ્રેયાર્થીઓ 'વિપશ્યના'ની સાધનાને અપનાવીને ક્રમશઃ સમતામાં પ્રતિષ્ઠિત થતાં જઇ, કર્તા-ભોક્તાભાવની તીવ્રતામાંથી બહાર આવી પોતાના રોજિંદા જીવનને પ્રસન્ન-મધુર બનાવી રહ્યાં છે.

જૈનસંઘ પણ મુક્ત મને આ ધ્યાનપ્રક્રિયાને અપનાવીને લાભાન્વિત ન થઇ શકે ? કે આપણા મોહને પોષે/દૃષ્ટિરાગને સંતોષે એવી જ 'ધ્યાનપ્રક્રિયા'ને આપણે સ્વીકાર્ય લેખીશુ ?

આપણી પસંદગી—વીતરાગતા કે દૃષ્ટિ રાગ ?

આપણા પૂર્વ મહર્ષિઓએ તો સ્પષ્ટ જ કહ્યું છે કે—

"જાતિ લિંગ કે પક્ષમેં જિન કું હૈ દઢ રાગ;
મોહજાલમેં સો પરે. ન લહે શિવસુખ ભાગ."[૮]

"જેણે સમત્વ પ્રાપ્ત કર્યું તેની મુક્તિ નિશ્ચિત—ચાહે તે શ્વેતાંબર હોય કે દિગંબર, જૈન હોય કે બૌદ્ધ, શૈવ હોય કે વૈષ્ણવ."[૯] "માટે, હે આત્મન્ ! તું શાણો હો તો તે જ ગુરુની સેવા કર, તે જ શાસ્ત્રોનો અભ્યાસ કર અને તે જ તત્ત્વની ભાવના કર કે જેનાથી સમતારૂપ અમૃતનો તું આસ્વાદ પામી શકે."[૧૦]

જ્ઞાનીઓએ સાધનાપદ્ધતિઓ અંગે પણ મુમુક્ષુને એજ સલાહ આપી છે કે "જેનાથી પોતાના દોષો ખાળી શકાતા

* ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, અંતર્મુખતા, સમત્વ અને સાક્ષીભાવનું પ્રાયોગિક પ્રશિક્ષણ આપતી 'વિપશ્યના' સાધનાના વધુ પરિચય અર્થે જિજ્ઞાસુઓએ 'જૈન મુમુક્ષુઓ અને વિપશ્યના' નામની સ્વતંત્ર પુસ્તિકા જોઇ જવી. જૈન સાધકોએ એ પ્રક્રિયાને અપનાવવી હિતાવહ છે કે કેમ તે અંગે વધુ ઉહાપોહ અને વિશદ પથદર્શન પણ એ પુસ્તિકામાં છે.

હોય, મોહજન્ય સંસ્કારનો નાશ થતો હોય અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થતી હોય તે સર્વ મુક્તિના જ ઉપાયો છે;[11] **ભલે તે અનુષ્ઠાન કે સાધનાપદ્ધતિ અન્ય મત-પંથોમાં પ્રચલિત હોય તો પણ તે સર્વજ્ઞસંમત જ છે.**"[12]

જીવનના સૌથી ઊંચા શિખરને આંબવાના આ માર્ગમાં વચ્ચે આવતાં આકરાં ચઢાણો અને વળાંકો વખતે મુમુક્ષુ અંતરિયાળ ભૂલો ન પડે તે માટે મશાલની જેમ અજવાળું પાથરતી આપણા પૂર્વાચાર્યોની આ આર્ષવાણીને અનુસરવાની નમ્રતા—તત્પરતા—સાહસિકતા શું આપણે કદી નહિ જ દાખવી શકીએ ?

ટિપ્પણ

૧. યોગશાસ્ત્ર, અ૦ ૧૨, શ્લોક ૬–૧૨.

૨. અધ્યાત્મભાવની, ગાથા ૩.

૩. संसारस्ते बहिश्चारः, स च दुःखभराकरः ।
मोक्षः स्वरूपेऽवस्थानं, स चानन्द भराकरः ॥
ततो बहिर्न युवतं ते, निर्गन्तुं सुखलिप्सया ।
युवतमात्मन्यावऽवस्थानं, चित्तहित्वा बहिर्भ्रमम् ॥

—ઉપમિતિ૦, પ્રસ્તાવ ૭, શ્લોક. ૪૬૭–૪૬૮

૪. उपायः समतैवैका, मुक्तेरन्यः क्रियाभरः ।
तत्तत्पुरुषभेदेन, तस्या एव प्रसिद्धये ॥

—અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૨૭.

૫. किं दानेन तपोभिर्वा, यमैश्च नियमैश्च किम्
एकैव समता सेव्या, तरिः संसार बारि धौ ॥

—એજન, સમતાધિકાર, શ્લોક ૧૨

૬. तेनात्म दर्शनाकांक्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् ।
द्रष्टुर्दृगात्मता मुक्ति-दृश्यैकात्म्यं भवभ्रमः ॥

—અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનયોગ૦, શ્લોક ૫

कर्मजेभ्यः समस्तेभ्यो भावेभ्यो भिन्नमन्वहम् ।
ज्ञस्वभावं उदासीनं, पश्येदात्मानमात्मना ॥

—તત્ત્વાનુશાસન, અ૦ ૫, શ્લોક ૨૪ (૧૬૪).

૭. ઉપા. યશોવિજયજી કૃત અમૃતવેલની સજ્ઝાય.

૮. ઉપા. યશોવિજયજી, સમાધિશતક, દુહો ૭૫.

૯. सेयंबरो य आसंबरो य, बुद्धो वा अहव अन्नो वा ।
समभाव भावि अप्पा, लहई मुक्खं न संदेहो ॥

—જયશેખરસૂરિજી, સમ્બોધસત્તરી, ગાથા ૨.

१०. तमेव सेवस्व गुरुं प्रयत्ना-दधीष्व शास्त्राण्यपि तानि विद्वन् ।
तदेव तत्त्वं परिभावयात्मन्, येभ्यो भवेत्साम्यसुधोपभोगः ॥

—અધ્યાત્મકલ્પદ્રુમ, અ૦ ૧૬, શ્લોક ૫.

११. दोसा जेण निरुब्भंति, जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मोक्खोवाओ, रोगावत्थासु समणं व ॥

—શ્રી બૃહત્ કલ્પસૂત્ર (ઉ૦ ૨, સૂત્ર ૨), નિર્યુક્તિ ગાથા ૩૩૩૧.

१२. तथा सर्वमनुष्ठानं, यद् भवेन्नाशकारणम् ।
सरागद्वेषमोहानां, चित्ताखिलमलात्मनाम् ॥
तल्लोके सर्वतीर्थेषु, साक्षाज्जैनेऽपि वा मते ।
यथा तथा कृतं हन्त, ज्ञेयं सर्वज्ञसम्मतम् ॥

—ઉપમિતિ૦ પ્ર૦ ૮, શ્લોક ૮૧૭-૧૮.

મુનિશ્રીની અન્ય કૃતિઓ

અચિંત ચિંતામણિ નવકાર

પોકેટ સાઈઝ પૃષ્ઠ ૮૦ કિંમત રૂપિયા ત્રણ

ત્રીસ હજારથી વધુ નકલો છપાઈ ચુકી છે.

શ્રી નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવની પ્રતીતિ કરાવતું વર્તમાનકાળનું એક જવલંત ઉદાહરણ ટાંકી, નવકારની સફળ સાધનાનાં મહત્ત્વના અંગો વિષે મુનિશ્રીએ આપેલું અનોખું માર્ગદર્શન.

વિજ્ઞાન અને અધ્યાત્મ

આવૃત્તિ ચોથી : પૃષ્ઠ ડેમી ૧૦૮+૨૦ કિંમત રૂપિયા સાડા પાંચ

વિજ્ઞાન પર નિષ્ઠા ધરાવતી યુવા પેઢી-નીઆત્માનું અસ્તિત્વ, પુનર્જન્મ, પરલોક અને કર્મ જેવી ધર્મશ્રદ્ધાની પાયાભૂત વાતો અંગેની જિજ્ઞાસાને આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોના આલોક વડે સંતોષતું, પ્રતીતિકર શૈલીએ લખાયેલું, પ્રત્યેક ઘરમાં વસાવવા જેવું એક અમૂલ્ય પુસ્તક.

*

આજના નવા વિચાર પામેલા કોલેજિયનો અને સૌ કોઈને તે ધર્મ-આધ્યાત્મ-યોગના માર્ગની શ્રધ્ધા કરવા માટે પ્રવેશદ્વાર સમાન છે...અમૂલ્ય ગ્રંથ છે એમ કહું તો અતિશયોક્તિ નથી.

બોરીવલી, મુંબઈ — વીરેન્દ્ર ટી. દોશી

જૈન મુમુક્ષુઓ અને વિપશ્યના

પૃષ્ઠ ક્રાઉન ૭૦+૧૦ કિંમત રૂપિયા ત્રણ

ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, અંતર્મુખતા, સમત્વ અને સાક્ષીભાવનું પ્રાયોગિક પ્રશિક્ષણ આપતી વિપશ્યના–સાધનાનો સંક્ષિપ્ત પરિચય અને એની શિબિરોમાં જોડાવા અંગે દ્વિધા અનુભવતા જૈન સાધકોને સાચું અસંદિગ્ધ માર્ગદર્શન.

*

આપણા વર્તુળમાં સાધના અંગેનું માર્ગદર્શન મળે તેવાં સ્થાન કે પુસ્તક નથી, તેમાં આ બહુ સ્થિર અજવાળું પથરાયું છે.

અમદાવાદ — મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ

આપણે આત્મનિરીક્ષણ કરીશું?

બીજી સંવર્ધિત આવૃત્તિ પૃષ્ઠ ડેમી ૧૯૨+૨૮

'આત્મનિરીક્ષણ કરીશું?'— એ પુસ્તક વાંચી રહ્યો છું. લખાણ સરળ, સચોટ અને ચિંતનસભર છે. સાચે જ અનુભવનીતરતું માખણ છે. પ્રત્યેક વાક્ય, પ્રત્યેક શબ્દ આંતરસૂઝ જગાડે–આત્માને જાગૃત કરી સ્પર્શી જાય તેવા છે. પુનઃ પુનઃ હું એ પ્રકરણો વાંચું છું.

અંતરની ગ્રંથિઓ ભેદી નાંખે તેવું હૃદયભેદી મુનિશ્રીએ લખ્યું છે. અંતસ્તલ સ્પર્શતી તેમની રજૂઆત તથા સુંદર, સરળ અને સચોટ શૈલીથી હું મુગ્ધ બન્યો છું.

મુંબઈ. — આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિજી

આ પુસ્તક જિજ્ઞાસુઓ–સાધુ, સાધ્વી કે ગૃહસ્થ–માટે પાઠ્ય-પુસ્તકની ગરજ સારી શકે.

આટલું નિર્ભય, વિશદ અને ચોટદાર નિરૂપણ અન્યત્ર ન મળી શકે, કારણકે આ પુસ્તક એ માત્ર શાસ્ત્રોનાં પરિશીલનની નીપજ નથી; આ તો એક સાચા સાધકની અનુભવવાણી છે.

–ગોડીજી, ઉપાશ્રય, મુંબઈ ૩. —મુનિશ્રી શીલચંદ્રવિજયજી

'આપણે આત્મનિરીક્ષણ કરીશું ?' પુસ્તક ખૂબજ મનનપૂર્વક વાંચ્યું. જે આત્માઓ સમકિત ને દૃઢ કરવા ઈચ્છતા હોય કે ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજવા ઈચ્છતા હોય તેમને આ પુસ્તક સ્વાધ્યાય માટે ઘરમાં વસાવવા જેવું છે.

— આચાર્ય શ્રી રત્નચંદ્રજી સ્વામીના અંતેવાસી

વાંકી–કચ્છ. —મુનિ વિનોદચંદ્રજી

આપના વિદ્વત્તાભરેલ લેખ વાંચી ખૂબજ સંતોષ થયો.

આપનાં પ્રકાશનો ઘણાં સમૃદ્ધ અને સરળ ભાષામાં હોવાથી સામાયિકમાં તે વાંચતાં મને ઘણો આનંદ થાય છે.

જ્યારે આપણા જૈનોમાં મોટી સંખ્યામાં સામાન્ય પ્રકારનાં પુસ્તકો છપાઇ પૈસા વેડફાઈ રહ્યા છે ત્યારે આપના તરફથી પ્રકાશિત થતાં પુસ્તકોએ જૈન સમાજને મળતી મહામૂલી ભેટ છે.

અમદાવાદ. — શેઠ કસ્તુરભાઈ લાલભાઈ

સાચો ધર્મ અને સાચી ધાર્મિકતા ક્યાં છે તેનું સુરેખ દર્શન આ પુસ્તકના પાને પાને થાય છે.

સ્વામીજીનું આ પુસ્તક દુનિયાની તમામ ભાષાઓમાં છપાવવું જોઈએ. વિશ્વના મહાન ચિંતકોનાં પુસ્તકોની હરોળમાં ઊભું રહે તેવું આ પુસ્તક છે.

...એક જ વાકયમાં કહું તો, પ્રસ્તુત પુસ્તક સર્વત્ર જિજ્ઞાસુઓને શુદ્ધ અને સાચા ધર્મ તરફ અભિમુખ કરવાનું મહત્તમ કાર્ય કરશે, એમાં કોઈ સંદેહ નથી.

ઘાટકોપર, મુંબઇ–૭૭ — અનવર આગેવાન

કુળધર્મ–જેને અમે અનુસરી રહ્યા છીએ, અને મુળ-ધર્મ–જેને અમે લગભગ વીસરી જ ગયા છીએ એ બે વચ્ચેની ભેદરેખા ઉપર તે વેધક પ્રકાશ નાખે છે.

સાન્તાક્રૂઝ, મુંબઈ–૫૪, —રસિકલાલ સી. શાહ

પુસ્તક અતિ સુંદર છે. સાચી ધાર્મિક જાગૃતિ માટેના શાંત આંદોલન જેવું છે અને એનો પ્રચાર ખાસ કરીને યુવા વર્ગમાં જરૂરી છે

મુંબઇ–૧ — કે. ડી. શાહ

આત્મજ્ઞાન અને સાધનાપથ

ત્રીજી સંવર્ધિત આવૃત્તિ પૃષ્ઠ ડેમી ૨૫૮+૪૦

'આત્મજ્ઞાન અને સાધનાપથ' પુસ્તક મળ્યું ...આ પુસ્તકને વારંવાર વાંચવાની સ્વતઃ ઈચ્છા થાય છે, એથી જાણી શકશો કે આમાં ચેતના વિદ્યમાન છે.

મુંબઈ–૩૬ —આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીજી

આખું પુસ્તક બે દિવસમાં જ કોઇક રોમાંચક આત્મકથા વાંચતાં હોઈએ તેવી જિજ્ઞાસા અને રસથી વાંચ્યું. વાક્યે વાક્ય અને શબ્દે શબ્દ હૈયાની શાંત રસધારામાં ઝબકોળાઈને લખાયા છે. તે શબ્દો આત્મામાંથી નીકળી વાચકના આત્માને સીધા સ્પર્શે છે.

લેખકશ્રીની જ્ઞાનગરિમા, ભાષાધિકાર અને સત્યશોધક દૃષ્ટિએ ગ્રન્થને સર્વાંગસુંદર બનાવ્યો છે.

દીક્ષા લીધા બાદ પ્રત્યેક મુનિએ આ પુસ્તક વહેલાંમાં વહેલી તકે વાંચવું જોઈએ.

—મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ

આધ્યાત્મિક સાધના કરનારને માટે આ એક અમૂલ્ય પુસ્તક છે.

અમદાવાદ–૭. —ડૉ. કુમારપાળ દેસાઈ

પુસ્તક બહુ ગમ્યું. ...જુદી જુદી પદ્ધતિઓનો સ્વીકાર અને સમજૂતિ, વ્યવહારૂ માર્ગદર્શન અને સ્પષ્ટ શૈલી–એ એનાં વિશેષ લક્ષણો છે.

અમદાવાદ–૯. —ફાધર વાલેસ

'આત્મજ્ઞાન અને સાધનાપથ' પુસ્તક વાંચ્યું, મનમાં ઊઠતા ઘણાં પ્રશ્નોનો તેમાંથી જવાબ મળ્યો. .... સાધના અને આત્મજ્ઞાન વિષે આટલો તલસ્પર્શી અભ્યાસ, વિશદ છણાવટ અને વિષય અંગે દરેક સાધકને સ્વભાવિક ઊભા થતા પ્રશ્નોનું આટલું સુંદર નિરૂપણ મારા વાંચવામાં આજ સુધી આવ્યું નથી.

—જસ્ટીસ ટી. યુ. મહેતા

ન્યુ દિલ્હી–૪૯ નિવૃત્ત ચીફ જસ્ટીસ, હિમાચલ પ્રદેશ.

એક સાંપ્રદાયિક પરંપરા ધરાવતા વર્તુલમાં આ પ્રકારનું મૌલિક ચિંતન જવલ્લે જ થતું જોવામાં આવે છે, અને તેમાંય મૂળભૂત સિદ્ધાંતો અને શ્રદ્ધાને સાચવીને.

પુસ્તકનો મૂળ વિષય આત્મજ્ઞાન અને તેની પ્રાપ્તિના સાધનો અને માર્ગો છે. વિષય ઈન્દ્રિયાતીત છે અને કેવળ સ્વાનુભૂતિ સિવાય સમજવો-સમજાવવો અતિ દુષ્કર છે. છતાં લેખકશ્રીએ આવા અતિ ગહન વિષયને મનોમય ભૂમિકા ઉપર લાવીને શબ્દોના ચોકઠાંમાં બેસાડવામાં પોતાનો આગવો કસબ વાપર્યો છે, અને અત્યંત ગંભીર વાત સરળ અને સુગમ ભાષામાં પુસ્તકમાં પ્રતીતિકર રીતે રજુ કરી છે.

અમદાવાદ-૭ — ચંદ્રકાંત બકુભાઈ

અનેક દ્રષ્ટિએ પુસ્તક સુંદર અને ઉપયોગી છે. આત્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની ઝંખનાવાળા મુમુક્ષુઓ તેમ જ નવસાધકો માટે તો એ એક standard hand book – ભારે ઉપયોગી અને પ્રમાણભૂત માર્ગદર્શિકા – ની ગરજ સારે એવું બન્યું છે; એટલું જ નહિ, સાધનામાં ઠીક ઠીક આગળ વધેલાને માટે પણ તે ઓછું મૂલ્યવાન કે ઓછું ઉપયોગી નથી. આત્મચિંતનને સ્પષ્ટ કરવામાં તેમજ ચિંતનની ક્ષિતિજો વિસ્તારવામાં સહાયરૂપ થાય એવી પુષ્કળ સામગ્રી એમાં પડી છે અને તે કેટલું સંક્ષેપમાં ! લાઘવ તો આ ગ્રંથની મોટી ખૂબી છે.

કશા જ આડંબર વિનાની સીધી સાદી સરળ અને તર્કસંગત નિરૂપણશૈલીને કારણે વાંચતાં વાંચતાં સમર્થ તત્ત્વવિવેચક શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળાનું સ્મરણ થયા કરતું હતું.

રાષ્ટ્રીયશાળા, રાજકોટ. — વજુભાઈ શાહ

મુનિશ્રીનાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો

મુંબઇ * નવભારત સાહિત્ય મંદિર,
૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૨

મદુરા * શ્રી હીરજી ધરોડ, C/o જનતા ટેક્ષટાઇલ્સ,
૮/૧, એમ૦ કે૦ લેન, પો૦ બો૦ ૩૨,
મદુરાઈ, (તામિલનાડુ)-૬૨૫ ૦૦૧

અમદાવાદ * ગૂર્જર સાહિત્ય ભવન,
રતનપોળ, નાકા સામે,
ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

* શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા,
પ્રાણલાલ શેઠનો ડહેલો, પંચભાઈની પોળ,
ઘી કાંટા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

* નવભારત સાહિત્ય મંદિર,
મહાવીર સ્વામી દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

વડોદરા * આત્મજાગૃતિ ટ્રસ્ટ,
C/o શ્રી નવનીતલાલ ડી૦ શાહ,
મામાની પોળ, રાવપુરા,
વડોદરા, (ગુજરાત)-૩૯૦ ૦૦૧

પાલીતાણા * સોમચંદ ડી. શાહ,
જીવનનિવાસ સામે,
પાલીતાણા (સૌરાષ્ટ્ર),-૩૬૪ ૨૭૦

વલસાડ	* બલસાર બુક સ્ટોર્સ ગાંધી માર્ગ, વલસાડ-૩૯૬ ૦૦૧
સુરત	* શ્રી અરવિંદભાઈ ટી. શાહ, ૧૦/૧૪૭૨, ગોપીપુરા, મોટીપોળ, સુભાષ ચોક પાસે, સુરત-૩૯૫ ૦૦૧ * હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત-૩૯૫ ૦૦૧
કચ્છ	* શાહ નરેન્દ્ર મૂળચંદ દેવશી, પ્રો૦ કે૦ ટી૦ શાહ રોડ, માંડવી-કચ્છ—૩૭૦ ૪૬૫

વરદાનોનો ધોધ

આ તે અમારી કેવી મૂર્ખતા પ્રભુ !
કે સંસારમાં ઘણી વસ્તુઓ મિથ્યા છે
તેવું સાચેસાચ માનીએ છીએ,
છતાં તેને જ શોધીએ છીએ, તેને જ સાચવીએ છીએ
તે ન મળતાં, કે મેળવીને ગુમાવતાં
કાગારોળ મચાવીએ છીએ
અને એ બધોયે વખત અમે તને ગુમાવીએ છીએ
તારી પાસે આવવાનો અવસર ગુમાવીએ છીએ
તેનું તો અમને ભાન પણ થતું નથી.

જીવનની સ્પર્ધામાં
આગળ નીકળી જવાની આકાંક્ષાથી
પાછળ રહી જવાના ભયથી
સતત દોડતાં રહીએ છીએ.

કોઇક વાર તારો સાદ સંભળાય છે તો
પણ અમે કહીએ છીએ : 'પછી, પછી.'
હમણાં સમય ક્યાં છે ?

પછી

જીવનની સાંજ ઢળ્યે ખ્યાલ આવે છે કે
કેવી તુચ્છ બાબતોમાં જીવન વહી ગયું
વરદાનોનો ધોધ આંગળીઓ વચ્ચેથી સરી ગયો
દિવસ ડૂબી ગયો ને અંતરમાં દીવો થયો નહિ.

— કુન્દનિકા કાપડીઆ

'પરમ સમીપ', પૃષ્ઠ ૬૯–૭૦